સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ફાગણ વદ-૧ | પાના : ૧૮ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૫-૩-૨૦૨૫ – શનિવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૧૭૨ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

હવે શહેરના તમામ કોમર્શિયલ-રહેણાંક ઈમારતોમાં ફાયર સેફટી ચકાસવા મોટી ડ્રાઈવની તૈયારી ૧૮

ટેસ્ટફુલ...ગરમ તથા કાચી દરરોજ પેટીસ
રાજકોટ ના પ્રખ્યાત રસિકભાઈ ચેવડાવાળા
લીમડા ચોક, કોટેચા ચોક, જ્યુબેલી બાગ, નાના મવા રોડ, એરપોર્ટ રોડ







રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર બિગ બજાર સામે આવેલા પ્રખ્યાત એટલાન્ટિસ બિલ્ડીંગમાં ગઈકાલે ધુળેટીના દિવસે આગ ફાટી નીકળતા ત્રણના મોત થયા હતા. બનાવના પગલે ફાયર બ્રિગેડ, પોલીસ, ૧૦૮ ઈમરજન્સીની ટીમો દોડી ગઈ હતી. બનાવના પગલે કલેકટર, સીપી, ડીસીપી, એસીપી સહિતના પોલીસ અધિકારીઓ, ધારાસભ્ય સહિતના રાજકીય અગ્રણીઓ પણ દોડી આવ્યા હતા. (તસવીર : સરફરાઝ પઠાણ, પંકજ શીશાંગીયા, ભાવિન રાજગોર)

### ટીઆરપી ગેમઝોનની આગના ૧૦ મહિના બાદ વધુ એક દુર્ઘટનાથી શહેર હચમચી ગયું

# રાજકોટમાં ફરી અગ્નિકાંડઃ હાઈપ્રોફાઈલ એટલાન્ટિસ બિલ્ડીંગમાં ૩ યુવાન ભડથું

**ગીર સોમનાથ ઉના પંથકના બે અને રાજકોટના ૧ યુવાન પર આગ કાળ બની ત્રાટકી : મૃતકો સ્વીગી – બ્લિનકિટના ડિલિવરી બોય હતા : ગઈકાલની ડિલિવરી તેમના જીવનની અંતિમ ડિલિવરી બની ગઈ**

**૧૨ માળની બિલ્ડીંગમાં છઠ્ઠા માળે આગ લાગી હતી, ઘરકામ કરવા જતી ૧૫ વર્ષીય સગીરા સામાન્ય રીતે દાઝી ગઈ, જેને સારવારમાં ખસેડાઈ : ૫૫ વર્ષીય પ્રૌઢા ધુમાડાથી બેભાન થયા હતા**

**બે ફ્લેટ વચ્ચે લોબીના ભાગમાં શોર્ટસર્કિટના કારણે આગ લાગી હતી, ફ્લેટમાં આગ પ્રસરી હતી, લોબીના ભાગનું તમામ એલિવેશન બળીને ખાખ થયું**

રાજકોટ, તા.૧૫

રાજકોટમાં ફરી અગ્નિકાંડ થયું છે. શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર બિગ બજાર સામે આવેલા હાઈપ્રોફાઈલ એટલાન્ટિસ બિલ્ડીંગમાં ૩ યુવાન ભડથું થયા હતા. બનાવના કારણે ધુળેટીના ઉત્સવ વચ્ચે શોક છવાયો હતો. ટીઆરપી ગેમઝોનની આગના ૧૦ મહિના બાદ વધુ એક દુર્ઘટનાથી શહેર હચમચી ગયું હતું. બે ફ્લેટ વચ્ચે લોબીના ભાગમાં શોર્ટસર્કિટના કારણે આગ લાગી હતી, ફ્લેટમાં આગ પ્રસરી હતી. લોબીના ભાગનું તમામ એલિવેશન બળીને ખાખ થયું હતું.

બનાવમાં ગીર સોમનાથ ઉના પંથકના બે યુવાન અને રાજકોટના ૧ યુવાન પર આગ કાળ બની ત્રાટકી હતી. મૃતકો સ્વીગી - બ્લિનકિટના ડિલિવરી બોય હતા. ગઈકાલની ડિલિવરી તેમના જીવનની અંતિમ ડિલિવરી બની ગઈ હતી. ૧૨ માળની બિલ્ડીંગમાં છઠ્ઠા માળે આગ લાગી હતી. ઘરકામ કરવા જતી ૧૫ વર્ષીય સગીરા સામાન્ય રીતે દાઝી ગઈ હતી. જેને સારવારમાં ખસેડાઈ હતી. જ્યારે ૫૫ વર્ષીય પ્રૌઢા ધુમાડાથી બેભાન થયા હતા.



આગ લાગતાં કલેકટર, સીપી, ડીસીપી, એસીપી, સહિતના અધિકારીઓ અને ધારાસભ્યો, કોર્પોરેટરો સહિતના રાજકીય આગેવાનો દોડી ગયા હતા.

પોલીસ, ફાયર બ્રિગેડના સૂત્રોએ આપેલી માહિતી મુજબ, બનાવની મળતી વિગત એવી છે કે, ગઈકાલે સવારે ૧૦.૧૭ વાગ્યે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ શાખાના કનક રોડ ફાયર સ્ટેશન ખાતેના ફાયર કન્ટ્રોલ રૂમમાં હર્ષીદભાઇ નામના વ્યક્તિએ ફોન કરી જાણ કરેલી કે, રાજકોટના ૧૫૦ ફુટ રીંગ રોડ પર બિગ બજારની સામે આવેલ એટલાન્ટિસ બિલ્ડીંગમાં પાંચમા તથા છઠ્ઠા માળે આગ લાગી છે. જેથી ફાયર કન્ટ્રોલ રૂમના સ્ટાફ દ્વારા તાત્કાલીક બનાવ સ્થળથી નજીકના ફાયર સ્ટેશન નિર્મલા રોડ ફાયર સ્ટેશનને જાણ કરેલ. જે બાદ અલગ અલગ ફાયર સ્ટેશનના અધિકારીઓ કર્મચારીઓ મળી ૫૨ લોકોની ટીમ કામે લાગી હતી. બિલ્ડીંગના સી તથા ડી વિંગના છઠ્ઠા માળે ફ્લેટ નંબર ૬૦૨ તથા ૬૦૩ વચ્ચેની લોબી સ્પેશમાં ફર્નિચરનું ફિટીંગ કામગીરી દરમ્યાન આગ લાગેલ હતી. તેમાં ફાયર સ્ટાફ દ્વારા તાત્કાલીક પાણીનો મારો ચલાવી આગ બુજાવેલ તેમજ વધુ લોકોને રેસ્ક્યુ હાઇડ્રોલીક પ્લેટ ફોર્મ તથા બિલ્ડીંગના સ્ટેરકેસ મારફત કરવામાં આવેલ. આ બનાવમાં આશરે ૪ થી ૫ વ્યક્તિઓને બેભાન હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતા. આ સંપૂર્ણ ઓપરેશન આશરે એક થી દોઢ કલાક ચાલ્યું હતું. એટલાન્ટીસ બિલ્ડીંગ ના ફ્લેટ નં. ૬૦૨ તથા ૬૦૩ના માલિક ઘટના સ્થળ પર હાજર હતા.

આગની જાણ થતા રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરા, ડે.કમિશર નંદાણી, સુરક્ષા અધિકારી ઝાલા, આસીસ્ટન કમિશન ડોડીયા, પી. એ. ટુ કમિશનર રામાનુજ, રાજકોટ શહેર પોલીસ વિભાગના અધિકારીઓ સહીતની સ્ટાફ, પીજીવીસીએલ રાજકોટનો સ્ટાફ તેમજ ધારાસભ્ય દર્શીતાબેન શાહ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા, રાજકોટ મહાનગરપાલિકાના ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, દંડક મનિષભાઈ રાડીયા, ફાયર ચેરમેન દિલિપભાઇ લુણાગરીયા, કોર્પોરેટર અશ્વિનભાઈ પાંભર, આ આગની ઘટનાના બનાવ સ્થળ પર હાજર હતા.

(અનુસંધાન ૮ મા પાને)

### આગમાં મૃત્યુ પામેલ હતભાગીઓ

(૧) અજય ખીમજીભાઈ મકવાણા (ઉં.વ. ૩૨, રહે.વીર સાવરકર આવાસ યોજના, રાજકોટ) (સ્વીગી ડિલિવરી બોય)

(૨) કલ્પેશ પીઠાભાઈ લેવા (ઉં.વ. ૨૯, રહે.મૂળ રામમંદિર રોડ, કસવાડા, તા. ઉના હાલ ન્યુ અંબિકા પાર્ક સોસાયટી, શેરી નંબર ૫, સાધુવાસવાણી રોડ, રાજકોટ (બ્લિનકિટના ડિલિવરી બોય)

(૩) મયુર વિનુભાઈ લેવા (ઉં.વ. ૧૯, રહે.મૂળ રામમંદિર રોડ, કસવાડા, તા. ઉના હાલ ન્યુ અંબિકા પાર્ક સોસાયટી, શેરી નંબર ૫, સાધુવાસવાણી રોડ, રાજકોટ (મયુર બ્લિનકિટના ડિલિવરી બોય કલ્પેશનો ભત્રીજો હતો, ડિલિવરી પ્રક્રિયા શીખવા કલ્પેશની સાથે ગયેલ)



મૃતક અજય મકવાણા, કલ્પેશ લેવા અને મયુર લેવા

MOTO DAANO ETLE kitoko Nutritionally Roasted
જમ્બો ખારી શિંગ 500 ગ્રામ - રૂા.100
ઈઝરાયલ જમ્બો ખારી શિંગ 500 ગ્રામ - રૂા.180
પેરી પેરી શિંગ 200 ગ્રામ - રૂા.60
સંપર્ક : 78550 22222

IDEAL VENUE FOR MARRIAGES, CONFERENCES & RELAXATION @ Khanvel RESORT SILVASSA
079-48964488, 09327693308, 09824056861
sales@khanvelresort.com www.khanvelresort.com

NAVBHARAT TOURISM PVT. LTD. Since 1955
કાશ્મીર, ચારધામ, નોર્થ ઈસ્ટ, ગંગટોક, લેહ, ઉત્તરાંચલ, હિમાચલ, કેરાલા, દક્ષિણભારત
1, રેસ કોમ્પલેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ. 9825804076, 9925804076

જોઈએ છે પીયુન (પટ્ટાવાળા)
પગારધોરણ રૂા. ૧૫,૦૦૦/- સુધી
SSC પાસ, ઉ.વ. ૨૦ થી ૩૦ વચ્ચેના ઉમેદવાર.
કામકાજનો સમય સવારે ૧૦ થી રાત્રિના ૯:૦૦ સુધી
સંપર્ક : ફોન : ૦૨૮૧-૨૪૫૦૮૪૫/૪૬

શાપર-વેરાવળ
ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ, શેડ, દુકાન લેવા-વેચવા અને ભાડે માટે
શિવશકિત એસ્ટેટ
M.98795 98881 M.70167 13945

જોઈએ છે
ડ્રાઈવર જોઈએ છે
આકર્ષક પગારથી, લાયસન્સ હોવું જરૂરી છે.
Mo. 94280 04461

ચાલુ રેસ્ટોરન્ટ તા. વેચવાનું છે
ફુલ ફર્નિશ્ડ એસી કમ્પલીટ માલસામાન સાથે નાના મૌવા સર્કલ, ૧૫૦ ફૂટ રોડ (દલાલ માફ)
70164 14428 / 98257 76830

શ્રી સ્વામિનારાયણ ટુરીઝમ
જતા પ્લેન આવતા ટ્રેન
સ્પે.હિમાચલ, ચારધામ દિલ્હી-હરીદ્વાર, સ્પે.કાશ્મીર
73593 00019/81408 21381

ડીલરશીપ આપવાની છે
બેકરી પ્રોડકટનું આખા સૌરાષ્ટ્રમાં વેચાણ કરી શકે તેને સેલ્સ એજન્સી આપવાની છે. રાજકોટ
M. 87588 65507

ફ્લેટ વેચવાનો છે
રોયલ– 1-7, જાગનાથ પ્લોટ ફુલી ફર્નીશ– 850 કારપેટ, રાજકોટ
98252 73046

મકાન વેચવાનું છે
3 BHK, ૧૦૪ વાર વૈશાલીનગર–૨ બંધ ગલીમાં
કિંમત - ૪૫ લાખ
70698 55339

આ સમરમાં ટુરની મજા તો.. સ્ટેલી ટુર્સ સંગ
સિંગાપોર મલેશિયા વિથ ક્રુઝ, દુબઈ, થાઈલેન્ડ, વિયેતનામ, બાલી
Stelle Tours & Forex Pvt.Ltd
94269 69200 / 98792 68641

જોઈએ છે ઓફીસ બોય
Mo. 90990 54420

દેવાંશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ચારધામ, ૧૧ જ્યોતીર્લીંગ
M: 98791 07443 / 99092 17172

સમર વેકેશન હોળી સ્પેશ્યલ ઓફર ડિસ્કાઉન્ટ ₹ 10000/- સુધી
Patel HOLIDAYS
સ્વીસ-પેરીસ, સિંગાપોર મલેશિયા ક્રુઝ, દુબઈ, ફુકેટ-કાબી, કાશ્મીર, સિક્કિમ, વિયેતનામ
Astron Chowk, Rajkot. 95129 72999 / 72850 26567

અંગ્રેજી 100% ગેરેન્ટીથી શીખો
25 વર્ષથી ચાલતી સંસ્થા
માસિક માત્ર ₹ 2000 માંજ
કુરેશ માસ્ટર M. 99244 02352

અલ્ટ્રા પ્રિમીયમ ગ્રુપ ટુર દુબઈ 6N/7D
1st & 8th - May - 2025
94 28 28 79 19 / 88 66 22 38 91

પ્રિમીયમ પેકેજીસ દુબઈ 6N 7D, બાલી 6N 7D, વિયેતનામ 7N 8D
Blue Bird Holidays
Rajkot : 70698 88841, 93756 48500 Jamnagar : 93777 48500

BY AIR - RAIL સમર વેકેશન દુબઈ 6N/7D
જ.-પુરી, કાશ્મીર, ચારધામ, ગોવા
ભારત દર્શન 98244 56688

સમર ગ્રુપ ડિપાર્ચર્સ BEST TOURS & FOREX Pvt. Ltd.
સીંગાપોર મલેશીયા વીથ ક્રુઝ, હોંગકોંગ મકાઉ-સેંઝેન, મોરેસીયસ, થાઈલેન્ડ, વીયેતનામ, દુબઈ, બાકુ
103, હાઈસ્ટ્રીટ બિઝનેસ બે, રામકૃષ્ણ આશ્રમની પાસે, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ. 93752 01110

સમર ગ્રુપ ડિપાર્ચર્સ BEST TOURS & FOREX Pvt. Ltd.
ઓલ યુરોપ, સાઉથ આફ્રિકા, સાઉથ કોરીયા, સ્વીસ પેરીસ, ઓસ્ટ્રેલીયા, બાલી, જાપાન, તુર્કી
103, હાઈસ્ટ્રીટ બિઝનેસ બે, રામકૃષ્ણ આશ્રમની પાસે, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ. 93752 01110

માર્ચ થી જૂન કપલ / ફેમીલી ટુરનું બુકીંગ ચાલુ થઈ ગયું છે
AKHIL BHARAT TOURS & TRAVELS PVT. LTD.
www.akhilbharat.in

FLAMINGO transworld pvt. ltd.
સાઉથ આફ્રિકા, ભુતાન, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ, સિંગાપોર મલેશિયા, યુરોપ, અમેરિકા
રાજકોટ • મોરબી • જામનગર : 9825312412
www.flamingotravels.co.in

QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ (વિષય) રિપોર્ટ

# વિશ્વની ટોચની ૫૦ યુનિવર્સિટી રેન્કિંગમાં ચમકી ભારતીય સંસ્થાઓ

ભારતની ઘણી અગ્રણી યુનિવર્સિટીઓ અને સંસ્થાઓએ QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ (વિષયો)માં ટોપ-૫૦માં સ્થાન મેળવ્યું છે. જોકે, કેટલીક સંસ્થાઓના રેન્કિંગમાં ઘટાડો પણ નોંધવામાં આવ્યો છે. QS અનુસાર, ભારતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ગ્રીન, ડિજિટલ સ્કિલ્સમાં ઝડપથી વિસ્તરણ કર્યું છે. અહીં સંશોધનને ખૂબ પ્રોત્સાહન આપવામાં આવે છે.



### QS રેન્કિંગ શા માટે મહત્વનું છે?

- QS(Quacquarelli Symonds) વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ ૨૦૦૪ માં શરૂ કરવામાં આવી હતી.
- તે વિશ્વભરની યુનિવર્સિટીઓના પ્રદર્શન પર તુલનાત્મક ડેટા પ્રદાન કરે છે.
- વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પસંદ કરતી વખતે QS રેન્કિંગ પર વિશેષ ધ્યાન આપે છે.

### ભારતીય સંસ્થાઓની કામગીરી

- ૯ ભારતીય સંસ્થાઓ જેમાં ટોપ-૫૦ સુધી પહોંચી ગયા છે. જેમાં કુલ ૧૨ એન્ટ્રીઓ આવી હતી.
- IIT બોમ્બેએ ત્રણ વિષયોમાં ટોપ-૫૦ સ્થાન મેળવ્યું.
- IIT દિલ્હીએ બે વિષયોમાં ટોપ-૫૦માં રેન્ક મેળવ્યો.
- ISM ધનબાદ (ઈન્ડિયન સ્કૂલ ઓફ માઈન્સ) એ મિનરલ્સ અને માઈનિંગ એન્જિનિયરિંગમાં ૨૦મો ક્રમ મેળવ્યો, જે ભારત માટે સર્વોચ્ચ ક્રમ છે.
- જેએનયુ (જવાહર લાલ નેહરૂ યુનિવર્સિટી)ને ડેવલપમેન્ટ સ્ટડીઝમાં ૨૯મો રેન્ક મળ્યો, જોકે તે ગયા વખતે ૨૦મા રેન્કથી નીચે આવી ગયો.

### સારી કામગીરી કરતી સંસ્થાઓ

IIT દિલ્હીએ હવે QS રેન્કિંગમાં એન્જિનિયરિંગ એઈડ ટેકનોલોજીમાં ૨૬મો ક્રમ મેળવ્યો છે.

IIT Bombay એ એન્જિનિયરિંગ-ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સમાં તેની સ્થિતિ સુધારીને ૫૦માં સ્થાને પહોંચી ગઈ છે.

### રેન્કિંગમાં ઘટાડો નોંધાતી મુખ્ય સંસ્થાઓ

- IIT બોમ્બેનો ખનિજ અને ખાણકામ એન્જિનિયરિંગ રેન્ક ૨૫થી ઘટીને ૪૦ થયો.
- IIT મદ્રાસનો પેટ્રોલિયમ એન્જિનિયરિંગ રેન્ક ૧૬ થી ઘટીને ૩૧ થયો.
- IIM અમદાવાદનું રેન્કિંગ ૨૨થી ઘટીને ૨૭ થયું.
- IIM બેંગલુરુનું રેન્કિંગ ૩૨ થી ઘટીને ૪૦ થયું.

### રેન્કિંગ માટે ભારત અને અન્ય દેશોમાંથી કેટલી એન્ટ્રીઓ મોકલવામાં આવી હતી?

- QS રેન્કિંગ માટે ભારતમાંથી કુલ ૫૩૩ એન્ટ્રી મોકલવામાં આવી હતી.
- ૩૬૮૬ એન્ટ્રી અમેરિકાથી, ૧૮૮૩ યુકે અને ૧૩૮૯ ચીનમાંથી મોકલવામાં આવી હતી.
- IIT બોમ્બે ૨૯ વિષયો મોકલવામાં આવ્યા હતા, જેમાં શ્રેષ્ઠ રેન્ક ૨૮ રહ્યો હતો.
- દિલ્હી યુનિવર્સિટી (DU) ૨૯ વિષયોમાં અરજી મોકલી પરંતુ તેનો ટોપ રેન્ક ૫૧ હતો, એટલે કે DU આ વખતે ટોપ-૫૦માં આવી શક્યું નથી.
- જેએનયુએ ૨૬ વિષયોમાં એન્ટ્રી મોકલી હતી, જેમાં ટોપ રેન્ક ૨૯ હતો.

# ૨૦૨૮ સુધીમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે

## વૈશ્વિક જીડીપીમાં ભારતનું યોગદાન ૨૦૨૯ સુધીમાં ૩.૫% થી વધીને ૪.૫% થવાની ધારણા

નવી દિલ્હી: તા.૧૫

ભારત ૨૦૨૮ સુધીમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર છે. મોર્ગન સ્ટેનલીના રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે. તેનું કારણ ભારત ગ્રાહક બજાર તરીકે ઉભરી આવ્યું છે. તેમજ વૈશ્વિક ઉત્પાદનમાં તેનો હિસ્સો વધી રહ્યો છે. સ્થિર મેક્રો ઈકોનોમિક નીતિઓ અને શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ આમાં ફાળો આપે છે. રિપોર્ટમાં વર્તમાન આર્થિક સ્થિતિ, વૃદ્ધિ અંદાજ, ફુગાવો, વેપાર, નાણાકીય અને નાણાકીય નીતિ અને સંભવિત જોખમોની પણ ચર્ચા કરવામાં આવી છે.



મોર્ગન સ્ટેનલીના રિપોર્ટમાં જણાવાયું છે કે ભારત ૨૦૨૮ સુધીમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. ભારતીય અર્થતંત્ર ૨૦૨૩માં ૩.૫ ટ્રિલિયન અને ૨૦૨૬ સુધીમાં ૪.૭ ટ્રિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે. આનાથી ભારત અમેરિકા, ચીન અને જર્મની પછી વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. ૨૦૨૮ સુધીમાં તે ૫.૭ ટ્રિલિયન સુધી પહોંચી જશે અને જર્મનીને વટાવી જશે. રિપોર્ટ અનુસાર, ૧૯૯૦માં ભારત વિશ્વની ૧૨મી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતી, જે ૨૦૦૦માં ૧૩મા અને ૨૦૨૦માં ૯મા ક્રમે આવી ગઈ. ૨૦૨૩માં તે ૫મા સ્થાને છે. વૈશ્વિક જીડીપીમાં ભારતનું યોગદાન ૨૦૨૯ સુધીમાં ૩.૫% થી વધીને ૪.૫% થવાની ધારણા છે.

રિપોર્ટમાં ભારતના વિકાસ માટે ત્રણ દૃશ્યો આપવામાં આવ્યા છે. પ્રથમ 'બેયર દૃશ્ય છે. આમાં, અર્થતંત્ર ૨૦૨૫ સુધીમાં ૩.૬૫ ટ્રિલિયનથી વધીને ૨૦૩૫ સુધીમાં ૬.૬ ટ્રિલિયન થઈ જશે. બીજું 'બેઝ' દૃશ્ય છે, જેમાં તે વધીને ૮.૮ ટ્રિલિયન થશે. ત્રીજું 'બુલ' દૃશ્ય છે, જેનો અંદાજ ૧૦.૩ ટ્રિલિયન છે. માથાદીઠ જીડીપી ૨૦૨૫ માં ૨,૫૧૪ થી વધીને ૨૦૩૫ માં USD ૪,૨૪૭ સુધી બેયરના સંજોગોમાં, મૂળ પરિસ્થિતિમાં ગજઉ ૫,૬૮૩ અને બુલની સ્થિતિમાં USD ૬,૭૦૬ થશે.

મોર્ગન સ્ટેનલીએ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે, 'મજબૂત મૂળભૂત પરિબળોને કારણે વૈશ્વિક ઉત્પાદનમાં ભારતનો હિસ્સો આગામી દાયકાઓમાં વધવાની સંભાવના છે. આ પરિબળોમાં મજબૂત વસ્તી વૃદ્ધિ, કાર્યકારી લોકશાહી, સ્થિર મેક્રોઇકોનોમિક નીતિઓ, બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વધતો જતો ઉદ્યોગસાહસિક વર્ગ અને સુધારેલા સામાજિક પરિણામોનો સમાવેશ થાય છે.'

રિપોર્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, 'આનો અર્થ એ છે કે ભારત વિશ્વનું સૌથી લોકપ્રિય ગ્રાહક બજાર હશે. તે મોટા ઉર્જા સંક્રમણમાંથી પસાર થશે, જીડીપીમાં ધિરાણ વધશે અને જીડીપીમાં મેન્યુફેક્ચરિંગનો હિસ્સો વધી શકે છે.

મોર્ગન સ્ટેનલીના અહેવાલમાં વર્તમાન નાણાકીય વર્ષ માટે જીડીપી વૃદ્ધિ દર ૬.૩% અને આગામી નાણાકીય વર્ષ માટે ૬.૫% રહેવાનો અંદાજ છે. ''મેક્રો ઈકોનોમિક સ્ટેબિલિટી આરામદાયક રેન્જમાં રહેવી જોઈએ, જે નીતિ ઘડનારાઓને સુગમતા પૂરી પાડે છે.''

આગળની સ્થિતિ જોતાં, વપરાશમાં રિકવરી વ્યાપક રહેવાની ધારણા છે કારણ કે આવકવેરામાં ઘટાડો શહેરી માંગને વેગ આપશે. આના કારણે ગ્રામીણ વપરાશના સ્તરમાં ઉન્નતિનું વલણ જોવા મળશે. રોકાણની અંદર, જાહેર અને સ્થાનિક મૂડીખર્ચ વૃદ્ધિને આગળ ધપાવે છે. જ્યારે ખાનગી કોર્પોરેટ મૂડી ખર્ચ ધીમે ધીમે રિકવર થઈ રહ્યો છે. સેવાઓની નિકાસમાં મજબૂતાઈ શ્રમ બજારના દૃષ્ટિકોણ માટે સારી રીતે સંકેત આપે છે. તેમજ ઘટતી ફુગાવાના કારણે ખરીદ શક્તિમાં સુધારો થવાની શક્યતા છે. આમ સ્થાનિક માંગ વૃદ્ધિના મુખ્ય પ્રેરક બનવાની અપેક્ષા છે. નાણાકીય અને રાજકોષીય બંને મોરચે નીતિગત સમર્થન દ્વારા આને મજબૂત બનાવવામાં આવશે. 'રિટેલ ફુગાવો (CPI) તેની નજીકના ગાળાની ટોચથી ઘટીને ૪% જેટલો થઈ ગયો છે, જે ઓટોના ભાવમાં ઘટાડાને કારણે પ્રેરિત છે.'

# દિલ્હી એરપોર્ટ પર ગુજરાતી પ્રવાસીની ગુમ બેગમાંથી ૨૫૦૦ ડોલર સેરવી લેનાર ઝબ્બે

અમદાવાદ: દિલ્હી પોલીસે એક ગુજરાતી પેસેન્જરની બેગમાંથી અઢી હજાર ડોલર કેશની ચોરી કરનારા બે લોકોની ધરપકડ કરી છે. આરોપીઓની ઓળખ ગૌરવ કુમાર અને પ્રકાશ ચંદ તરીકે કરવામાં આવી છે જેઓ દિલ્હી એરપોર્ટના લોસ્ટ એન્ડ ફાઉન્ડ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા હતા. અમેરિકાની સિટીઝનશિપ ધરાવતા રોશન પટેલ નામના એક ગુજરાતીએ પોતાના સામાનમાંથી અઢી હજાર ડોલર ચોરાયાની ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલી તપાસમાં ગૌરવ અને પ્રકાશ સામે પુરાવા મળ્યા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી.



ફરિયાદી રોશન પટેલ અમેરિકાથી દિલ્હી આવ્યાં હતાં, પરંતુ તેમની ગ્રીન કેમોફ્લેગ બેગ મિસિંગ હતી, જેમાં અઢી હજાર ડોલર કેશ તેમજ અન્ય અંગત વસ્તુઓ હતી. આ બેગને CISF દ્વારા લોસ્ટ એન્ડ ફાઉન્ડ ડિપાર્ટમેન્ટમાં જમા કરાવવામાં આવી હતી, પરંતુ તેમાંથી કેશ ગુમ હતા તેવું પોલીસે ગુરુવારે જણાવ્યું હતું. આ અંગે ફરિયાદ મળ્યા બાદ પોલીસે એરપોર્ટના સીસીટીવી ફુટેજનું એનાલિસિસ શરૂ કર્યું હતું, જેમાં એ વાત કન્ફર્મ થઈ હતી કે બેગ સાથે ટર્મિનલમાં કોઈ છેડછાડ નહોતી કરવામાં આવી, ત્યારબાદ લોસ્ટ એન્ડ ફાઉન્ડ ડિપાર્ટમેન્ટમાં તેમાં રહેલો સામાન કાઢવામાં આવ્યો હતો કે કેમ તેની તપાસ કરાઈ હતી જેમાં આ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા બે લોકોએ કેશ કાઢી લીધી હોવાના પુરાવા મળ્યા હતા.

પોલીસે લોસ્ટ એન્ડ ફાઉન્ડ ડિપાર્ટમેન્ટના અન્ય કર્મચારીઓની પણ પૂછપરછ કર્યા બાદ આખરે ગૌરવ કુમાર અને પ્રકાશ ચંદની ધરપકડ કરવામાં આવી હતી. શરૂઆતમાં બંને આરોપીઓએ પોતાની સંડોવણીનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો પરંતુ જ્યારે તેમને સીસીટીવી ફુટેજ બતાવવામાં આવ્યા ત્યારે તેમણે પોતાનો ગુનો કબૂલી લીધો હતો.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
ફાગણ વદ-૩, તા૧૬/૩/૨૫, રવિવાર

સૂર્યોદય : ૬-૫૭, સૂર્યાસ્ત : ૬-૫૪, જૈન નવકારશી : ૭.૪૫
રાશિ : કન્યા (પ.ઠ.ણ.) ૨૫.૧૨થી તુલા (ર.ત.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મીન, મંગળ-મિથુન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કન્યા

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## સુવિચાર

જેવા છો એવા રહો કેમ કે ઓરિજનલની કિંમત ઝેરોક્ષ કરતા વધારે હોય છે

કર્મચારીઓના જ પૈસા છે, ઈચ્છે ત્યારે મેળવી શકે:માંડવીયા

# પ્રોવિડન્ટ ફંડ ઉપાડવુ સાવ સરળ બનશે: ગમે ત્યારે ATM થી પણ નાણાં ઉપાડી શકાશે

નવી દિલ્હી તા. ૧૫

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન ટૂંક સમયમાં તેના સભ્યો માટે પીએફ ઉપાડવાની પ્રક્રિયામાં મોટો બદલાવ લાવવા જઈ રહ્યું છે. કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાએ જાહેરાત કરી છે કે હવે કર્મચારીઓ સીધા અઝખમાંથી તેમના ભવિષ્ય નિધિના પૈસા ઉપાડી શકશે. આ સાથે જ, UPI એટલે કે PhonePe, Google Pay, Paytm અને BHIM જેવી લોકપ્રિય એપ્સ દ્વારા પણ પીએફ ઉપાડવાની સુવિધા ઉપલબ્ધ થશે.

હાલમાં પીએફ ઉપાડવા માટે લાંબી પ્રક્રિયાઓ અને ઓફિસની મુલાકાતો લેવી પડે છે, સાથે જ એમ્પ્લોયરની મંજૂરીની પણ જરૂર પડે છે. પરંતુ હવે આ નવી સુવિધા બાદ પીએફ ઉપાડવું એટલું જ સરળ બની જશે જેટલું બેંકમાંથી પૈસા ઉપાડવા. EPFO તેની સિસ્ટમને અપગ્રેડ કરી રહ્યું છે, જેનાથી કર્મચારીઓ પોતાની જરૂરિયાત મુજબ ગમે ત્યારે અઝખમાંથી પૈસા કાઢી શકશે. મંત્રી માંડવિયાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે આ કર્મચારીઓના પોતાના પૈસા છે અને તેઓ જ્યારે ઈચ્છે ત્યારે તેને ઉપાડી શકવા જોઈએ.



EPFO દ્વારા શરૂ કરવામાં આવનારી આ નવી સુવિધા હેઠળ, દરેક કર્મચારીનું પીએફ એકાઉન્ટ ATM-સપોર્ટેડ સિસ્ટમ સાથે લિંક કરવામાં આવશે. પૈસા ઉપાડવા માટે, કર્મચારીઓએ પોતાના યુનિવર્સલ એકાઉન્ટ નંબર (UAN) અથવા લિંક કરેલા બેંક એકાઉન્ટ દ્વારા ઓળખ ચકાસવી પડશે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને OTP વેરિફિકેશન જેવી મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન પ્રક્રિયા પણ અમલમાં મૂકવામાં આવશે.

ATMની સાથે સાથે EPFO યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) દ્વારા પણ પીએફ ઉપાડવાની સુવિધા આપવા માટે તૈયાર છે. આનો સીધો અર્થ એ છે કે હવે કર્મચારીઓ ફ્રonePe, Google Pay, Paytm અને BHIM જેવી એપ્સનો ઉપયોગ કરીને ગણતરીની સેકન્ડોમાં પોતાના પીએફના પૈસા ટ્રાન્સફર કરી શકશે. હાલમાં NEFT અથવા RTGS દ્વારા પીએફ ઉપાડવામાં ૨-૩ દિવસનો સમય લાગે છે, જે UPI દ્વારા તુરંત જ થઈ જશે.

EPFO પોતાના ગ્રાહકો માટે ટૂંક સમયમાં એક વિશેષ PF ATM કાર્ડ પણ લાવશે. આ કાર્ડની મદદથી કર્મચારીઓ કોઈપણ અઝખ પરથી પોતાના પીએફ ખાતામાંથી પૈસા ઉપાડી શકશે. જો કે, આ સુવિધા કયા ATM નેટવર્ક પર ઉપલબ્ધ થશે તેની માહિતી હજુ જાહેર કરવામાં આવી નથી. પરંતુ EPFO એ ખાતરી આપી છે કે આ પ્રક્રિયાને સરળ અને ઉપયોગમાં આસાન બનાવવામાં આવશે.

## રાશીફળ

**મેષ :** આપને આરોગ્ય બાબત કોઈ ટેન્શન હશે તો તે દુર થવાનું છે, મનનો ઉત્સાહ વધવાનો, મુસાફરી લાભદાયક રહે.
**વૃષભ :** આપ વિજાતીય વ્યકિતની નજીક આવશો, મનનો ઉત્સાહ વધવાનો, પરદેશથી લાભદાયક સમાચાર આવી શકે.
**મિથુન :** આપને કિંમતી ચીજ વસ્તુની ખરીદીની ઈચ્છા ફળવાની, મિત્રો સાથે યાત્રા પ્રવાસની ઈચ્છા ફળે, રાજકીય લાભ.
**કર્ક :** આપને દાંપત્ય જીવનમાં સુમેળ વધવાનો, પરિવારના સભ્યોનો સાથ સહકાર સારો રહેવાનો.
**સિંહ :** આપને ધાર્મિક જગ્યાએ મુસાફરીની ઈચ્છા ફળવાની, શેર સટામાં કોઈની સલાહ અને તમારો અનુભવ જોવાનો.
**કન્યા :** આપને જીવનસાથીનો સહકાર સારો મળવાનો, ભાગીદારી ધંધામાનુ આયોજન સફળ થાય, મુસાફરીથી લાભ.
**તુલા :** વિચારોમાં પરિવર્તન રહે, સ્વાસ્થ્ય બાબત થોડુ જાળવવું, નોકરીમાં પગાર વધારો શકય બને, રાજકીય લાભ રહે.
**વૃશ્ચિક :** વગદાર વ્યકિતનો સહકાર રહે, જેને લઈને આર્થિક લાભ મળે, વિજાતીય સંબંધો ગાઢ બને, કર્જમાં રાહત.
**ધન :** કોઈ નિર્ણય લેતા પહેલા વિચાર કરજો, લાલચમાં ન આવી જતા, સાથીદારો કે હિતેચ્છુઓની સલાહ લેજો.
**મકર :** મન ઉપરનો ભાર હળવો થવાનો છે, તમારો નિર્ણય યોગ્ય છે, કાર્ય પ્રત્યેની તમારી પ્રતિક્રિયા ગજબની રહેશે.
**કુંભ :** કોઈ જાતના ભ્રમમાં ન રહેતા વાસ્તવિકતાને સ્વીકારજો, રાજકીય લાભ રહે, મનગમતી વ્યકિતને સમજવી.
**મીન :** જવાબદારીઓ લેવામાં ઉતાવળ ન કરવી, મિત્રો સાથે પ્રવાસનું આયોજન થાય, ધાર્મિક સંસ્થામાં નોકરી મળે, સ્વસ્થતા કેળવજો.

## આજનું ચિંતન

### વ્યસન જીવનનાં વર્ષોની બાદબાકી કરી દે છે

જે વિચારો મનમાં સતત ઘૂંટાતા રહે છે એ વિચારોને અનુકૂળ વાતાવરણ મળતા જ એ વિચારો વર્તનરૂપ બનીને રહે છે અને જે વર્તન જીવનમાં સાતત્યરૂપ બની રહે છે એ વર્તન વ્યસનરૂપ બની જાય છે અને જે વ્યસન શરીરને અને મનને સહજ બની જાય છે એ વ્યસન આગળ જતા ચારિત્ર્યરૂપ બની રહે છે.

ટૂંકમાં

વિચારથી વર્તન, વર્તનથી વ્યસન અને વ્યસનથી ચારિત્ર્ય.

અલબત્ત, પરાર્થનું વ્યસન, દાનનું વ્યસન, તપનું વ્યસન, સહાયકભાવનું વ્યસન, આ અને આના જેવા અન્ય ઉદાત્ત વ્યસન જીવનમાં વર્ષોને 'સાર્થકતા' બક્ષતા હોય છે. પણ સિગરેટ, દારૂ, અપશબ્દોચ્ચારણ વગેરે વ્યસનો જીવનમાં વર્ષો માટે કલંકરૂપ બની રહેતા હોય છે.

યાદ રાખજો, વ્યસનનો જીવનમાં મુલાકાતી તરીકે પ્રવેશ થાય છે, આદર મળતા એ મહેમાન તરીકે ગોઠવાય જાય છે અને આગળ વધતા એ જીવનના માલિક બની બેસે છે.

- પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ.
('સ્પર્શ' પુસ્તકમાંથી સાભાર)

## એકાગ્રતા

એકાગ્રતાનો સરળ અર્થ થશે એકની અગ્રતામાં રહીને. એક વાતને આગળ રાખવી તે છે એકાગ્રતા. એવી વાત કે જે પહેલા જરૂરી છે તેની મહત્વતા સમજી તેના પર ધ્યાન દેવું. આમ મન બુધ્ધિમાં તે મહત્વનો વિષય અગ્ર સ્થાને છે. પછી તે વાતો અભ્યાસને લગતી, ધંધા કે વ્યવહારને લગતી, જીવનલક્ષી અથવા કોઈ તપસ્વી માટેની ગહન સાધનાની હોય શકે છે. જે તે સમયે આપણુ સમગ્ર ચિત્ત એક વાત પર ચોંટેલું રહે તે જરૂરી છે. શાંત મન સહજ એકાગ્ર થાય છે. મનમાં આત્માની ઉન્નતિ માટેના સ્વમાનભર્યા વિચારો ભરવાથી તે શાંત થાય છે અને છેવટે જે કાર્ય કરવા જઈ રહ્યા હોય તેના પર એકચિત બની સિધ્ધિ હાંસિલ થાય છે. યોગ સાધનામાં ઈશ્વરીય શક્તિઓની પ્રાપ્તિ માટે કે સિધ્ધિ સ્વરૂપ બનવા મનને એકાગ્ર કરવું અતિ આવશ્યક છે.

મન એકાગ્ર ન થવાના કારણો વિચારીએ તો લગભગ વિદ્યાર્થીઓની ફરિયાદ હોય છે કે ભણવામાં એકાગ્રતા આવતી નથી. કારણ એવું બને છે કે એક તો અભ્યાસમાં રૂચિનો અભાવ અને બીજું વાંચનની સાચી પધ્ધતિનો ખ્યાલ નથી. પરંતુ મુખ્ય કારણ બને છે અનેક વ્યર્થ વાતોથી ભરેલી બુધ્ધિ અને બહારની વાતોમાં ભટકતું મન. જે ભારે મન એકાગ્ર બની શકતુ નથી. એક ખાલી, સ્વચ્છ અને સાફ મન-બુધ્ધિ જલ્દી એકાગ્ર થાય છે. જેનાથી જ એક લગનની મગન અવસ્થા પ્રાપ્ત થતી હોય છે.

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

તે માટે સૌ પ્રથમ કોઈ એકાંતના સ્થાન પર બેસીને સ્વયંને સ્થિર કરીએ. મનને સર્વ વાતોથી મુક્ત કરીએ... ત્યારબાદ એક સકારાત્મક સંકલ્પ આપીએ કે- હું આત્મા છું.. મન, બુધ્ધિ, સંસ્કાર સહિત શાંત છું.. આ દેહ અને દેહની દુનિયાથી અલગ... મારું સ્વતંત્ર અસ્તિત્વ છે.. હું પરમાત્માની સંતાન માસ્ટર સર્વશક્તિવાન છું..

હવે એવું એક વિઝન આંખો સામે લાવો કે સર્વ કર્મેન્દ્રિયોને તમારી સામે છે. તે સર્વનો દરબાર ભરો અને મનમંત્રીને પૂછો... હે મન તુ મારું કહ્યુ કેમ ન કરે?... હું આત્મા રાજા, તારો માલિક છું... તારે મારા કહ્યામાં રહી બીજી સર્વ વાતોથી પરે થઈને એક પ્રિય પ્રભુની યાદમાં રહેવાનું છે.. (અથવા ભણવામાં લગાવાનું છે)... આવી રીતે મનને, બુધ્ધિને, એમ વારાફરતી જે કર્મેન્દ્રિય આપણું કહ્યુ નથી માનતી તે સર્વની સાથે વાતો કરો, તેને સભાન કરો, જાગૃતિ આપી તેની સાથે દોસ્તી કેળવો... આમ રોજ તે માટેનો અભ્યાસ કરવાથી સર્વ કર્મેન્દ્રિયો શાંત થશે અને પરિણામે એકાગ્રતાની શક્તિની પ્રાપ્તિ થશે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત

### જમ્બો રાધીમ પઝલ

■ માધવી નરેશ શાહ



**આડી ચાવી**
૧. અભિનેતા રજનીકાંતનું સાચું નામ (૧૦)
૮. આશ્ચર્ય (૪)
૧૦. રામ-સીતા-લક્ષ્મણે ભોગવેલો ? (૪)
૧૧. એક વજન (૩)
૧૨. રાજીપો (૪)
૧૩. ફિલ્મ ડિરેક્ટર ... પરાંજપે (૨)
૧૫. મમ્મીના દિયર (૨)
૧૬. શાપર : જલન ... (૩)
૧૭. કાળિયા ઠાકોરનું એક નામ (૬)
૨૦. અગમચેતી (૪)
૨૨. એક જ અક્ષર આવશે (૬)
૨૪. ફિલ્મ : ... છોડી દી મૈને (૪)
૨૫. રાજકોટ-જસદણ વચ્ચેનું ગામ (૪)
૨૭. કિંમત (૨)
૨૮. જર્મન સરમુખત્યાર (૪)
૩૦. રાજેશ ખન્ના-અમિતાભની ફિલ્મ (૬)
૩૨. ઈન્દીરા ગાંધીનું ઘરનું નામ (૨)
૩૩. વાણિયા ખોટી રીતે લખો (૩)
૩૫. અનુ..., ઉ..., કા... (૨)
૩૬. ચાલ જેવી રહેઠાણ વ્યવસ્થા (૨)
૩૭. મુંબઈનો એક ડોન (૫)
૩૯. મેડિસીન (૨)
૪૧. શરાબનો ખુમાર હિન્દી (૪)
૪૩. સૌથી મોટા રાણી (૪)
૪૫. એક મોટી નદી (૩)
૪૭. વિદેશ વસતા ગુજરાતી લેખક (૪)
૪૯. સૈફ અલી ખાનની બેનનું નામ (૨)
૫૦. કેન્સરની ટ્રીટમેન્ટ લઈ ચૂકેલી ટીવી એક્ટ્રેસ (૪)
૫૨. એકર ઉંધુ લખો (૩)
૫૪. મહાશિવરાત્રીમાં નાગાબાવાઓની ... નીકળે (૩)
૬૬. જૈનોનો મહામંત્ર (૬)
૫૭. એક સુકોમેવો (૨)
૬૦. ફિલ્મ : મેરા નામ ... (૩)
૬૨. નવવધુ (૫)
૬૩. રાજકપૂરનો અભિનેતા પુત્ર (૭)

**ઉભી ચાવી**
૧. શિવ હરી મામા શિવનું આખુ નામ (૭)
૨. સોળે શાન, વીસે ? (૨)
૩. આયુષ્યરેખા (૪)
૪. દાંડિયા (૨)
૫. ઈશ્વર માટેનો શબ્દ (૪)
૬. ...નું વતેસર (૨)
૭. નિસ્તેજ (૨)
૯. એક ચોઘડીયું (૨)
૧૨. ઓરા, આભા (૩)
૧૩. સંજય દતની એક ફિલ્મ (૩)
૧૪. એક ઈસ્લામિક દેવ (૩)
૧૮. બાળકો જેવી હરકત (૫)
૧૯. યમન કરમટાનું સંક્ષિપ્ત (૨)
૨૦. અમિતાભની પ્રથમ ફિલ્મ (૬)
૨૧. તીસરણી લખો (૪)
૨૩. ચાંપલૂસી (૫)
૨૬. અનાજ (૨)
૨૯. વાલ ઉંધુ લખો (૨)
૩૧. ચણિયા બોર જેવી ખાદ્ય સામગ્રી (૪)
૩૨. જેલ થઈ એ પાકિસ્તાની ભૂતપૂર્વ વડાપ્રધાન (૬)
૩૪. સ્મૃતિ (૨)
૩૭. હિંમત, જુસ્સો (૨)
૩૮. હાજી-ઉંધુ લખો (૨)
૪૦. પહેલ ..., હે... (૨)
૪૨. તેજસ્વી (૪)
૪૪. ...તો ચલતા ભલા (૨)
૪૬. હાથમાં પહેરવાનું આભૂષણ (૩)
૪૮. અયોધ્યા એટલે ? (૫)
૫૦. માથેરાન એટલે ... સ્ટેશન (૨)
૫૧. તાજુ જન્મેલું (૪)
૫૩. અચાનક (૪)
૫૫. રિડર (૩)
૫૮. દૂધમાંથી બને (૨)
૫૯. એક કોમ્યુનિટી (૨)
૬૦. વજન, તાકાત (૨)
૬૧. છુટ્ટી, હોલી ડે (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પા | કિ | સ્તા | ન | | રા | જ | કો | ટ | |
| લ | | | જ | વા | હ | ર | લા | લ | |
| ન | વ | કા | ર | | દા | | | | સે |
| પુ | કા | ર | | મ | રી | ન | લા | ઈ | ન્સ |
| ર | ર | | ના | ગ | | ટ | | બા | ર |
| | | અ | ના | જ | | સ | રો | દ | |
| | કા | | જી | | | શ્રા | | ત | ક |
| મ | ચ | કો | | ટ | મા | ટ | ર | | લા |
| લ | | મ | ઘ | પા | ન | | વિ | કા | સ |
| બા | વ | ળ | | લ | સ | ણ | | કા | |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર ‘સાંજ સમાચાર’ ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ ‘‘Hi’’ મેસેજ કરો )

# પૂરો રેસકોર્સ રીંગ રોડ કલર-કલર થઈ ગયો : મનપાએ વાહનો સાથે કામદાર ઉતાર્યા






તસ્વીર: પંકજ શિશાંગીયા

રાજકોટમાં ગઇકાલે શુક્રવારે ધુળેટીનું પર્વ ખુબ જ રંગેચંગે ઉજવવામાં આવ્યું હતું. લોકોએ અને ખાસ કરીને યુવા વર્ગે રંગ ઉડાડવામાં કોઇ કરકસર કરી ન હતી. આ કારણે મોજ તો ખુબ પડી, પરંતુ રેસકોર્સ રીંગ રોડ ફરતે ટનબંધ કલરના ઢગલા પથરાઇ ગયા છે. ગઇકાલે રીંગ રોડ અને મેળાના મેદાનમાંથી ધુમાડાની જેમ કલર ઉડતા હતા. જોકે મનપાએ આ વર્ષે પણ રેસકોર્સના સ્પોર્ટસ, ગાર્ડન સહિતના સંકુલ લોક કરતા અંદર 'શાંતિ' રહી હતી. હવે આજે સવારથી સમગ્ર સોલીડ વેસ્ટ તંત્રના સફાઇ કામદારો રોડની સફાઇમાં લાગ્યા છે. આજે વહેલી સવારે શાસક પક્ષના દંડક મનીષ રાડીયાએ રીંગ રોડને રાઉન્ડ લગાવ્યો હતો અને તેમના ધ્યાન કલરના ઢગલા પૂરી રીંગની ફુટપાથ આસપાસ આવ્યા હતા. સવારમાં જ પર્યાવરણ ઇજનેરને જાણ કરી દીધી હતી. આ બાદ રીક્ષા, ટ્રેકટર સહિતના વાહનમાં કલર અને ધુળ ઉપાડવાનું ચાલુ કરી દેવાયું છે. આ કામગીરી હજુ બે-ત્રણ દિવસ ચાલે તેમ છે. તો હોળીની રાખ ઉપાડવાની કામગીરી પણ ચાલુ કરી દેવાઇ છે જે તસ્વીરમાં જોવા મળે છે.

## હોળાષ્ટક ઉતરતા જ માર્કેટ યાર્ડમાં કૃષિ પેદાશોના ઢગલે ઢગલા : ૧-૧ લાખ મણ ઘઉં-ચણા ઠલવાયા

### ૨૦૦૦થી વધુ વાહનો ખડકાયા : જીરૂ-તુવેર-રાયડો-મેથીની પણ ભરચક્ક આવક






શિયાળુ પાકની કૃષિ સિઝન આ વખતે વ્હેલી જ શરૂ થઇ ગઇ હતી. હોળી-ધુળેટી પૂર્ણ થયા બાદ સામાન્ય રીતે ખેડુતો માલ વેચવા લાઇનો લગાવતા હોય છે. હોળી-ધુળેટી સાથે હોળાષ્ટક ખત્મ થતા જ ખેડુતોએ માલના ઢગલા શરૂ કરી દીધા હોય તેમ રાજકોટ માર્કેટ યાર્ડમાં આજે વિવિધ જણસીઓની ચિકકાર આવક થઇ હતી. આખુ યાર્ડ ઘઉં, ચણા, તુવેર સહિતની ચીજોથી ઉભરાયુ હતું અને જંગી વેપાર થયા હતા. કૃષિણ જણસીઓ સાથે ૨૦૦૦થી વધુ વાહનો ખડકાયા હતા તે આવકનો અંદાજ મળી જતો હતો. સિઝનમાં આજે પ્રથમવાર ઘઉં તથા ચણાની આવક ૧-૧ લાખ મણની થઇ હતી. આ સિવાય જીરૂની ૬૨૦૦૦ મણ, તુવેરની ૪૫૦૦ મણ, રાયડાની ૩૬૦૦ મણ, મેથી ૧૭૫૦૦ મણ, મગફળીની ૩૦,૦૦૦ મણની આવક હતી.






(તસ્વીર : પંકજ શીશાંગીયા)

## કેકેવી ચોક બ્રિજ હેઠળ બેનમુન સ્પોર્ટસ ઝોન તૈયાર : આકર્ષક લુક

શહેરના કાલાવડ રોડ પર કેકેવી હોલ ચોકમાં આવેલા ફલાય ઓવર હેઠળ રાજકોટના સૌપ્રથમ સ્પોર્ટસ એકટીવીટી ઝોનનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાજય સરકારે મહાનગરોમાં આવેલા બ્રીજ હેઠળ ગેમ ઝોન બનાવવા સૂચન કર્યા હોય, રાજકોટ કોર્પો.એ કેકેવી ચોક બ્રીજ હેઠળની જગ્યા પસંદ કરી હતી. પ્રારંભે ટ્રાફિક સહિતના પ્રશ્નને લઇને આ યોજનાનો કોંગ્રેસે વિરોધ કર્યો હતો. પરંતુ હવે તા.૨૬ના રોજ મુખ્યમંત્રીના હસ્તે જ ઉદઘાટન નકકી થયું છે અને બેનમુન સ્પોર્ટસ ઝોન નિર્માણ થયાનું દેખાય છે. સવા બે કરોડના ખર્ચે બનેલા આ ગેમ ઝોનમાં બે ક્રિકેટ બોકસ, પીકલ બોલ, સ્કેટીંગ, પુલ અને સ્નુકર ટેબલ, ચેસ અને કેરમની રમતનો સમાવેશ કરાયો છે. લોકો સભ્ય બનીને આ સુવિધાનો ઉપયોગ કરી શકશે. આ ગેમ ઝોનનું સંચાલન સોંપવા ટુંક સમયમાં મનપા કાર્યવાહી હાથ ધરશે અને તે બાદ લોકો અહીં રમત ગમત સુવિધાનો લાભ લઇ શકશે.

## ન્યુઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લકઝને પણ હોળી ઉજવી:રંગ ઉડાડતા નજરે પડ્યા



ગઈ કાલે દુનિયાના વિવિધ દેશોમાંથી હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. જેની તસવીરો વાઇરલ થઈ રહી છે. એમાં ન્યુઝીલેન્ડના વડા પ્રધાન ક્રિસ્ટોફર લકઝન પણ હોળી મનાવતા-નજરે પડી રહ્યા છે. તેઓ દેશી અંદાજમાં ગળામાં 'હેપી હોલી' લખેલો ગમછો નાખીને અને ફૂલની માળા પહેરીને સિલિન્ડરમાંથી લોકો પર રંગ ઉડાડતા નજરે પડી રહ્યા છે. ગુરુવારે લેવામાં આવેલા આ વિડિયોમાં તેઓ ન્યુ ઝીલેન્ડના ઓકલેન્ડમાં આવેલા ઇસ્કોન મંદિરમાં હોળી રમી રહ્યા હતા. આ વિડિયોના બેકગ્રાઉન્ડમાં શંખધ્વનિ પણ સંભળાય રહી છે.

## સ્પાઈસ જેટના કેબિન ક્રૂએ ફલાઈટમાં કર્યો 'બલમ પિચકારી' ગીત પર ડાન્સ




રાજકોટ,તા.૧૫

સ્પાઈસ જેટની એક ફ્લાઈટમાં હોળી નિમિત્તે કેબિન ક્રૂએ સફેદ ડ્રેસ પહેરીને 'યે જવાની હૈ દીવાની' ફિલ્મના ગીત 'બલમ પિચકારી' પર ડાન્સ કર્યો હતો. ઉદ્યોગપતિ ગોવિંદ રોયે આ ડાન્સની ક્લિપ તેમના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર મૂકી હતી. જે એકદમ વાઇરલ થઈ હતી અને લાખો લોકોએ નિહાળ્યો હતો. ઘણા પેસેન્જરો આ ગીતને પણ માણી રહેલા અને વીડિયો ઉતારી રહેલા જોવા મળે છે. જોકે આ વીડિયો જોયા બાદ લોકોએ સ્પાઈસ જેટની ટીકા કરી છે અને એના કેબિન ક્રૂને અનપ્રોફેશનલ ગણાવ્યું છે.






## રાજકોટમાં રંગેચંગે રંગોત્સવની ઉજવણીઃ રેસકોર્ષમાં યુવાધન હિલ્લોળે ચડ્યું

સમગ્ર દેશ અને ગુજરાતમાં ધામધૂમ, ઉત્સાહ અને ઉલ્લાસ સાથે હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. હોળીના પર્વે શહેરમાં અનેકવિધ જગ્યાએ હોલીકા દહનના આયોજનો કરવામાં આવ્યા હતા અને પરંપરાગત હોલીકા દહન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બીજા દિવસે

ક્યાંક પરંપરાગત ધુળેટીની ઉજવણી કરાઇ તો ક્યાંક ડીજે અને રેઇન ડાન્સ સાથે યુવાધન હિલ્લોળે ચડ્યું. આ સાથે રંગીલા રાજકોટના હૃદયસમા રેસકોર્ષમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. ત્યાં ભેગા થઈને ધૂળેટી પર્વની ધામધૂમથી ઉજવણી કરી અને રેસકોર્ષને પણ ધૂળેટીના રંગે રંગ્યુ હતું. રેસકોર્ષ ખાતે મોટી સંખ્યામાં લોકોની ભીડ જમા થવાને લીધે ટ્રાફિક જામી સન્માયા સર્જાઈ હતી. રંગીલા રાજકોટવાસીઓએ બેન્ડવાજા અને કલરોની સાથે ધૂળેટીની ઉજવણી કરી હતી. મહિલાઓએ ગરબે રમી, બેન્ડવાજા સાથે ઉજવણી કરી. શહેરની શેરી-ગલીઓમાં લોકો દ્વારા એકબીજાને રંગીને પર્વની ઉલ્લાસ સાથે ઉજવણી કરી. શહેરમાં રેઈન ડાન્સ, પુલ પાર્ટી જેવા આયોજન કરવામાં આવ્યા હતા, ત્યાં યુવાધન હિલ્લોળે ચડ્યુ હતું. શહેરમાં ચારેબાજુ અલગ અલગ કલરથી વાતાવરણ રંગમય થઈ ગયું હોય એવો માહોલ સર્જાયો હતો. શહેરના મંદિરોમાં, પાર્ટી લોનના, શેરીઓમાં, રિસોર્ટમાં લોકો મસ્તી અને ઉમંગ સાથે ધુળેટીના રંગમાં રંગાયા હતા. રાજ્યભરમાં ઠેર ઠેર મોટા પાર્ટી પ્લોટ, ક્લબ, શેરીઓમાં અને સોસાયટીઓમાં રંગેચંગે રંગપર્વની ઉજવણી કરાઈ હતી.

તસ્વીરઃ દેવેન અમરેલીયા

## જીએસટીમાં નવો સ્લેબ નહિં આવેઃ ખાદ્યચીજો પરનો ટેકસ ઘટાડાશે

### ૧૨ ટકાને બદલે પાંચ ટકા કરાશેઃ ડીમાંડ-સપ્લાય વધારવાનો ઉદેશ



નવી દિલ્હી તા.૧૫

ફુગાવાનો આંકડો નીચો હોવા છતાં ખાદ્યચીજો સહિતની વસ્તુઓનાં ઉંચા ભાવથી સામાન્ય લોકોને બ છેડા ભેગા કરવાનું મુશ્કેલ જ છે. ત્યારે કેન્દ્ર સરકારે લોકો પરનો કરબોજ ઘટાડવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. ખાવાપીવાની ચીજો સહીતની વસ્તુઓ પરનાં જીએસટીમાં ઘટાડો કરવામાં આવે તેવી શકયતા છે. સામાન્ય વર્ગ પર મોંઘવારીનો માર ઘટાડવા ઉપરાંત માર્કેટમાં ડીમાંડ-સપ્લાય વધારવાનો ઉદેશ છે.

કેન્દ્ર સરકારના સુત્રોએ કહ્યું કે જીએસટીમાં નવો ટેકસ સ્લેબ દાખલ કરવાનાં કાઉન્સીલનાં સૂચન સાથે સરકાર સંમત નથી. કારણ કે નવા સ્લેબમાં જે ચીજો સામેય થાય તેની કિંમત વધી જાય અને ટેકસ ચુકવણી સક્રિય પણ ઝંઝટભરી બની શકે છે.

કાઉન્સીલ દ્વારા મોંઘી ઘડીયાળ, બ્રાન્ડેડ કપડા, હેન્ડબેગ, જેવી ચીજો પર ૫ ટકા જીએસટીનો નવો સ્લેબ દાખલ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. સરકારનું માનવુ છે કે આ કદમથી સરકારની આવક વધવાના બદલે ઘટી શકે છે કારણ કે ખરીદી પર અસર થશે અને ડીમાંડ પ્રભાવીત થશે.

જીએસટી કાઉન્સીલની બેઠકમાં જ કરવેરા સંબંધી મોટા નિર્ણય થતા હોય છે. કાઉન્સીલની આગામી બેઠક એપ્રિલનાં અંતે અથવા મે માસનાં પ્રારંભે યોજાઈ શકે છે.

સુત્રોએ એમ કહ્યું છે કે સહકારી વસુલાતમાં કોઈ મોટી અસર ન થાય તે માટે જીએસટી ઘટાડો તબકકાવાર કરવામાં આવશે. સૌ ખાવાપીવાની ચીજવસ્તુઓમાં ઘટાડો શકય છે.૧૨ ટકાના સ્લેબમાં આવતી ચીજોને ૫ ટકા તથા ૧૮ ટકાના સ્લેબમાં આવતી ચીજોને ૧૨ ટકાના સ્લેબમાં મુકાશે.જોકે એક સાથે આ એલાન નહિં થાય બે-ચાર મહિનામાં તબકકાવાર તેની જાહેરાત થશે.કર ઘટાડાની રાજયોની આવકને મોટી અસર ન થાય તેની પણ કાળજી રાખવામાં આવશે. જોકે જીવન વીમા જેવી પ્રોડકટ પરનો ૧૮ ટકા જીએસટી હટાવવા પશ્ચિમ બંગાળ જેવા રાજયો પણ સંમત છે.સરકાર તેને ૫ કે ૧૨ ટકાના સ્લેબમાં લાવી શકે છે.




### ટ્રીબ્યુનલ-અદાલતો સહિતના પેન્ડીંગ કેસમાં હવે ઝડપ લાવવા તૈયારી

## રૂા.૧૪ લાખ કરોડની આવકવેરા વસુલાત બાકી

### ટોચના ૫૦૦૦ બાકીદારો પાસેથી વસુલાત માટે ખાસ સેલઃ જીએસટીની રૂા.૨.૨૫ લાખ કરોડની બાકી વસુલાત પણ સરકારની નજરમાં

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે આ નાણાકીય વર્ષના આવકવેરા સહિતના ટેક્ષ વસુલ કરવાના લક્ષ્યાંક પાર પડશે તે નિશ્ચિત બન્યા બાદ હવે વિવિધ અદાલતો આવકવેરા ટ્રીબ્યુનલ સહિતના સ્તરે જે ટેક્ષ વસુલાતના કેસ પેન્ડીંગ છે તેમાં રૂા.૧૪ લાખ કરોડથી વધુની વસુલાત માટે હવે તૈયારી કરી છે. જેમાં ટોચના ૫૦૦૦ કેસોને અલગ તારવીને તેની ડેટાબેન્ક બનાવાઈ છે અને તેમાં હવે રીકવરી માટે ખાસ અધિકારીઓ પણ નિયુક્ત કરવામાં આવશે તથા આ પ્રકારે એકથી વધુ પ્રકારના કરવેરામાં જે બાકીદાર હોય તેઓનો ડેટા પણ એક સાથે કરવામાં આવી રહ્યા છે જેની તમામ વેરાની એક સાથે વસુલાત કરી શકાશે.

આ માટે ડેટા ફાયનાન્સીયલ યુનિટને ખાસ જવાબદારી સોપવામાં આવી છે. ફકત ૨૦૨૧ સુધીનાજ આંકડામાં રૂા.૧૪ લાખ કરોડની વસુલાત બાકી છે. નાણામંત્રાલય ખુદ સંસદમાં આપવામાં આવેલી માહિતી મુજબ આ રકમ રૂા.૧૪,૪૧,૨૫૫ કરોડ થવા જાય છે અને આ રીતે વર્ષ દરમ્યાન જે સીધા કરવેરાની આવક છે તેની લગભગ નજીકની રકમ લાંબા સમયથી રીકવરીમાં ખેચાઈ રહી છે.

ગત વર્ષે સરકારને ડાયરેકટ ટેક્ષમાં રૂા.૧૮ લાખ કરોડની આવક થઈ છે. સરકારે હવે આ પ્રકારે બાકી વસુલાતમાં ડિમાન્ડ ફેસીલિટેશન સેન્ટરની સ્થાપના કરી છે તો જીએસટી વિભાગની બાકી રકમ રૂા.૨.૨૬ લાખ કરોડની થઈ છે. સરકારના જવાબ મુજબ જેઓ પાસે મોટી વસુલાત બાકી છે તેમાં મોટાભાગના કરદાતાઓના જે એકાઉન્ટ એટેચ કરાયા છે તેમાં આ પ્રકારે વસુલાત કરી શકાય તેવી રકમ પણ જમા નથી તથા તેમના ધંધાકીય નામ-સરનામા પણ હવે બદલાઈ ગયા છે જેથી તેમના આધાર-મોબાઈલ ડેટાના આધારે પણ તેમને શોધીન પછી તેમની પાસેથી વસુલાત કરાશે.

ગોંડલના ચર્ચાસ્પદ રાજકુમાર જાટ મોત પ્રકરણમાં પડદો પડ્યો: બસની હડફેટે મોત થયાનું ખુલ્યું

# પોલીસે ૧૫૦ થી વધું સીસીટીવી કેમેરા ચેક કરી ચર્ચાસ્પદ બનાવનો ભેદ ખોલ્યો

ગઈ તા.૪ ના યુવક ચાલીને જતો હતો ત્યારે મહાસાગર બસની હડફેટે ચડી ગયાં બાદ ગંભીર ઈજા પહોંચતા મોત થયું 'તું

એક ડમ્પર ચાલક રાત્રીના ૨:૩૫ વાગ્યે ઘટનાસ્થળેથી નિકળ્યો ત્યારે ત્યાં એક લાશ પડી હોવાની પોલીસને માહિતી આપતાં કડી મળી: પાંચ કિમીના ફૂટેજ જોતાં ૭૮ વાહનોમાંથી અકસ્માત સર્જનાર બસ શોધી કાઢી

ગોંડલના પૂર્વ ધારાસભ્ય પર પરિવારજનોએ ગંભીર આક્ષેપો કર્યા હતાં: એસઓજી, એલસીબી ઝોન-૧ અને કુવાડવા રોડ પોલીસની સંયુક્ત તપાસમાં મળી સફળતા







ગોંડલના ચર્ચાસ્પદ યુવકના મોત મામલે રાજકોટ પોલીસે તપાસ કરી બનાવ ખાનગી બસની ઠોકરે ચડી જવાથી ઘટના ઘટી હોવાનું દલીત થયું હતું. ઉપરોકત તસ્વીરમાં મૃતક યુવકનો ફાઈલ ફોટો તેમજ બનાવની માહીતી આપતાં ડિસીપી ડો.પાર્થરાજસિંહ ગોહીલ અને ડિસીપી સજ્જનસિંહ પરમાર તેમજ ટીમ નજરે પડે છે તેમજ બસ ચાલક અને જે બસ પણ દ્રશ્યમાન થાય છે.
(તસ્વીર: સરફરાજ પઠાણ)

રાજકોટ. તા.૧૫

ગોંડલના અતિ ચર્ચાસ્પદ રાજસ્થાની યુવક રાજકુમાર જાટના મોત પ્રકરણમાં નવા વળાંક સાથે પડદો પણ પડી ગયો હતો. યુવકનું મોત બસ હડફેટે થયાનું ખુલ્યું હતું. ગઈ તા.૪ ના કુવાડવા નજીકથી મળેલ લાશ ગોંડલના રાજકુમાર જાટની હોવાનું ખુલ્યા બાદ કુવાડવા રોડ પોલીસ મથકના અકસ્માતનો ગુનો નોંધાયો હતો. જે બાદ ગુનાનો ભેદ ખોલવા શહેર પોલીસની અલગ અલગ ટીમોએ સતત કામ કરી ૧૫૦ થી વધું સીસીટીવી કેમેરા ચેક કરી આરોપી સુધી પહોંચી હતી. મહાસાગરની અમદાવાદ જતી ૩૧૩૧ નંબરની ટ્રાવેલ્સની હડફેટે યુવકનું મોત નિપજ્યું હતી. પોલીસે બસના ચાલકની ધરપકડ કરી દરરોજ થતી નવી વાત પર પૂર્ણવિરામ મૂકી દિધો હતો.

બનાવની સંપૂર્ણ ઘટના અંગે ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને ડીસીપી સજ્જનસિંહ પરમાર દ્વારા માહિતી આપવામાં આવી હતી કે, ગઇ તા.૦૪/૦૩/૨૦૨૫ ના રાત્રીના ત્રણેક વાગ્યાના આસપાસ રાજકોટ-અમદાવાદ હાઇવે તરઘડીયા ઓવરબ્રીજ ઉપર કોઇ અજાણ્યા વાહન ચાલકે રાજકુમાર રતનલાલ જાટ (ઉ.વ.૨૪),( રહે- ગાયત્રીનગર શેરી નં.૨ ગોંડલ)ને હડફેટે લેતા ગંભીર ઇજાઓ પહોંચતા મરણ ગયેલ હોવાથી કુવાડવા રોડ પોલીસ મથકે ગુનો ગઈ તા.૦૯/૦૩/૨૦૨૫ ના નોંધાયેલ હતો.

બનાવ અતિ ચર્ચાસ્પદ બનાવ બનેલ હોય જેથી ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી (કાઇમ) ડો.પાર્થરાજસિંહ ગોહીલ, ડીસીપી સજજનસિંહ પરમાર, એસીપી ક્રાઇમ ભરત બસીયા, એસીપી રાજેશ બારીયાના માર્ગદર્શન હેઠળ ગુન્હો ડીટેક્ટ કરવા એસઓજી, કુવાડવા રોડ પોલીસ અને એલસીબી ઝોન-૧ ની અલગ અલગ ટીમની રચના કરી રાજકોટ અમદાવાદ હાઇવે ઉપર બનાવ સ્થળની આસપાસ ૧૫૦ થી વધુ સી.સી.ટી.વી. કેમેરા ચેક કરી આસપાસના વિસ્તારના હોટલ ધાબા રેસ્ટોરન્ટ તથા ધાર્મિક જગ્યાઓએ બનાવ બાબતે પુછપરછ કરવામાં આવેલ તેમજ રાજકોટ અમદાવાદ હાઇવે ઉપર કાયમી ચાલતા ટેક્ષી, રીક્ષા, ટ્રાવેલ્સ ચાલકોની સઘન પુછપરછ હાથ ધરવામાં આવેલ હતી.

દરમિયાન એક ડમ્પર ચાલક ગઈ તા.૪ નારાત્રીના ૨:૩૫ વાગ્યે ઘટનાસ્થળેથી નિકળ્યો ત્યારે ત્યાં એક લાશ પડી હોવાની પોલીસને માહિતી આપતાં કળી મળી હતી. જે બાદ ફરીવાર ઘટનાસ્થળના પાંચ કિમીના ફૂટેજ જોતાં રાત્રીના તે સમયે પસાર થયેલ ૭૮ વાહનોમાંથી અકસ્માત સર્જનાર બસ શોધી કાઢી હતી. એસઓજીની ટીમે અકસ્માત સર્જી નાસી છૂટનાર મહાસાગર ટ્રાવેલ્સની બસ નં. જીજે-૧૪-ઝેડ-૩૧૩૧ ના ચાલક રમેશ બીજલ મેર (ઉ.વ.૬૧),(રહે. ખોડીયાર મંદિર પાસે હેમવન સોસાયટી ખામધ્રોલ રોડ જુનાગઢ) ને જુનાગઢ ખાતેથી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ઉલ્લેખનિય છે કે, બનાવ અંગે ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ અને તેના પુત્ર ગણેશ ગોંડલ પર ગંભીર આક્ષેપો થયાં હતાં. યુવક ગુમ થયો ત્યારથી તેનો મૃતદેહ મળ્યો ત્યાં સુધી તેના પિતાએ હત્યાના આક્ષેપો કર્યા હતાં. જે મામલે રાજકોટ રૂરલ પોલીસ દ્વારા પણ યુવક ગોંડલથી નીકળી કુવાડવા નજીક આવેલ એક આશ્રમ પાસે પહોંચ્યો ત્યારે સુધીના સીસીટીવી ફૂટેજ પણ જાહેર કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત યુવક નગ્ન અવસ્થામાં ચાલીને જતો હોય તેવા ફૂટેજ પણ વાયરલ થયાં હતાં.

## ૧૦૮ ટ્રીપ મારવા આવી હતી

**રાજકોટ. તા.૧૫**

તરઘડિયા નજીકથી યુવકની લાશ મળી બાદ ત્યાં આવેલ ૧૦૮ અને કથીત તે સ્થળે આવેલ કાર મામલે ભેદભરમ હતું. જે મામલે પોલીસે જણાવ્યું હતું કે, તે રાત્રીના ૧૦૮ ટ્રીપ મારવા નિકળી હતી. જેથી તેના સ્ટાફને રસ્તામાં લાશ જોવાં મળતાં તુરંત ત્યાં દોડી ગઈ હતી અને પોલીસને પણ જાણ કરી હતી.

## ડ્રાઈવરે માલિકને રોઝડું ઉતર્યું હોવાનું કહ્યું અને કિલિન્ડરને અમદાવાદ જઈ બનાવ અંગે જાણ કરી

અકસ્માત સર્જી યુવકને મોતને ઘાટ ઉતારી મહાસાગર ટ્રાવેલ્સનો ચાલક રમેશ મેરે તેમના માલિકને રસ્તામાં રોઝડું આડે ઉતરતાં સામાન્ય અકસ્માત થયો હતો. જેથી બસમાં પણ થોડી નુકશાની આવી હતી. ઘટનાથી પોતે ભયભીત થઈ ગયેલ હોવાથી અકસ્માતની વાત છુપાવી હોવાનું જણાવ્યું હતું. તેમજ અકસ્માત સમયે બસના ઝટકા લાગતાં કિલિન્ડર જાગીને આવતાં તેને પણ સ્પીડબેકર આવ્યું હોવાનું જણાવ્યું હતું.



# અવસાન નોંધ

**રાજકોટ** : ચા.મ.મોઢ બ્રાહ્મણ રાજકોટ નિવાસી રમણીકલાલ વૃજલાલ પંડ્યા ના સુપુત્ર હિતેષ રમણીકલાલ પંડ્યા (ઉ.વ. ૫૯) જે જયેશભાઈ પંડ્યા, પરેશભાઈ પંડ્યા, પ્રફુલ્લાબેન જોશી, હિનાબેન દવે તથા ધર્મેશભાઈ પંડ્યાના ભાઈ તા. ૧૪/૦૩/૨૦૨૫ શુક્રવારના રોજ કૈલાશવાસી થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૧૭/૦૩/૨૦૨૫ સોમવાર ના રોજ સાંજે ૫ થી ૬ કલાકે ચા.મ.મોઢ બ્રાહ્મણ જ્ઞાતિની વાડી (ગુલાબ વાડી), મિલપરા શેરી નં-૧, કેનાલ રોડ રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

**રાજકોટ:** વિશાશ્રીમાળી સોની વાણીક રંજનબેન માણેકલાલ સોહેલીયા (ઉ.૯૦) તે સુધાબેન, કાશ્મીરાબેન, રાજુભાઈ, નિલેષભાઈ (બજરંગ પાન)ના માતુશ્રીનું તા.૧૩ના અવસાન થયું છે. બેસણું તા.૧૫ને શનિવારે સાંજે ૪થી ૬ કલાકે પંચનાથ મહાદેવ મંદિર, પ્રાર્થના હોલમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

**ચલાલા:** અમરેલી નિવાસી જયાબહેન શિવશંકર જોશી (ઉ.૮૯) તે અશોકકુમાર શિવશંકર જોશી (હાઈસ્કુલ કલાર્ક, ચલાલા)ના માતુશ્રી અને કિશન હરેશભાઈ જોશીના દાદીમાનું તા.૧૨ના અવસાન થયું છે. બેસણું તા.૧૫ને શનિવાર સાંજે ૫થી ૬ તેમના નિવાસ ગુજરાત હાઉસીંગ બોર્ડ સોસાયટી, બ્લોક નં.૫૬ અમરેલી રાખેલ છે.

**બોટાદ:** બોટાદ નિવાસી દરવાજા હનુમાનજી મંદિર વાળા બાલમુકુંદભાઈ ગંગારામજી રામાનુજ (ઉ.૬૭) તા.૧૨ને બુધવારના રોજ રામચરણ પામેલ છે. તે સ્વ. ભીખુરામજી ગંગારામજીના નાનાભાઈ તથા નિલેશભાઈ, અતુલભાઈ તથા જીગ્નેશભાઈના પિતાશ્રી તથા ગીરીશભાઈ (ગજાબાપુ) તથા ધર્મેશભાઈના કાકા થાય. સદગતનું બેસણું તથા લૌકીક વ્યવહાર તા.૧૫ને શનિવારના રોજ અયોધ્યાનગર વિજયા બેંક પાછળ ગઢડા રોડ, બોટાદ ખાતે રાખેલ છે.

**વેરાવળ:** ગં.સ્વ. જયોત્સનાબેન જમનાદાસ શિંગાળા (ઉ.૮૨) તે સ્વ. જમનાદાસ નારણદાસ શિંગાળાના ધર્મપત્ની, જયેશ શિંગાળા (સહેલી ડ્રેસીસ), જયોતિબેન ભરતકુમાર ભગદે, રૂપલ શિંગાળા, પારૂલ ભરતકુમાર ચોમલના માતુશ્રી તેમજ હિતેશ ભીખાલાલ શિંગાળાના ભાભુ, કિશોરભાઈ, અશોકભાઈના કાકી તેમજ બીલખા નિવાસી સ્વ. પ્રભુદાસ ભીમજી તન્નાના દીકરીનું તા.૧૨ બુધવારના રોજ અવસાન થયેલ છે. ઉઠમણું તથા પીયરપક્ષની સાદડી તા.૧૫ના બપોરે ૪ કલાકે નવા રામ મંદિર, કૃષ્ણનગર વેરાવળ રાખેલ છે. બન્ને આંખોનું ચક્ષુદાન કરવામાં આવેલ છે.

**જામખંભાળીયા:** કલ્યાણજી મંદિરના પૂજારી સારસ્વત બ્રાહ્મણ શૈલેષભાઈ મનહરલાલ સેવક (બલભદ્ર)ના પત્ની જયશ્રીબેન શૈલેષભાઈ સેવક (ભલભદ્ર) તે હિરેનભાઈ, હેમાંશુભાઈ, શર્મિષ્ઠાબેનના માતુશ્રી, કિશોરભાઈ, રાજેશભાઈ, હેમેન્દ્રભાઈના ભાભી, સ્વ. ઈન્દ્રજીતભાઈ ત્રિકમરાય રતેશ્વર, શૈલેશભાઈ ટી. રતેશ્વર, સંધ્યાબેન ડી. ભટ્ટના નાનાબહેનનું તા.૧૪ના અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા, પીયરપક્ષની સાદડી તા.૧૫ના ૪-૩૦થી ૫ ભૈરવા કોઠા પાસે સારસ્વત બ્રહ્મપુરી કનૈયાવાડી ખાતે રાખેલ છે.

**રાજકોટ:** જુનાગઢ નિવાસી હાલ રાજકોટ દિલીપકુમાર દલપતરાય રૂપાણી (ઉ.૭૫) તે સ્વ. દલપતરાય જેઠાલાલ રૂપાણીના પુત્ર શીતલબેનના પતિ, સ્વ. શરદચંદ્ર, સ્વ. જયોતિબેન, ઈન્દુબેન, પરાગબેન અને સ્વ. નીતાબેનના ભાઈ માનસ રૂપાણીના પિતા, અસ્મિતા રૂપાણીના સસરા, ધરૂણ અને હેતાંશના દાદા, સ્વ. અમરચંદ સૌભાગ્યચંદ ગાઠાણીના જમાઈ તા.૧૩ના અરીહંત શરણ પામેલ છે. તેઓનું ઉઠમણું, પ્રાર્થનાસભા તા.૧૭ના સવારે ૧૦ કલાકે આરાધના ભવન માણીયાર દેરાસર પાસે કસ્તુરબા રોડ રાજકોટ રાખેલ છે.

**રાજકોટ:** સ્વ.નલીનભાઈ રામજીભાઈ ગોહેલ (ઉ.વ.૬૩) તે ગીરીશભાઈ રામજીભાઈનાં મોટાભાઈ તથા અમિત નલીનભાઈ ગોહેલનાં પિતાશ્રી તથા પાયલબેન ભગીરથભાઈનાં પિતાશ્રીનું તા.૧૨નાં રોજ અવસાન થયેલ છે તેમનું બેસણું તા.૧૫નાં રોજ તેમનાં નિવાસસ્થાને હાથીખાના સાંજે ૪થી૬ રાખેલ છે.

**રાજકોટ :** ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ વર્ષાબેન વ્યાસ (ઉ.વ.૭૯) તે કેનેડા નિવાસી રજનીકાંતભાઇ ડી. વ્યાસના ધર્મપત્ની, અમરભાઇ, દિતિબેનના માતુશ્રી તથા સ્વ. હુલ્લાસલાલ ઇચ્છાલાલ ભટ્ટ (એડવોકેટ) રાજકોટના પુત્રી, મધુસુદન ભટ્ટ (નિવૃત-જીવન કોમર્શિયલ બેંક)ના બહેનનું તા. ૧૦/૩ને સોમવારના રોજ અવસાન થયું છે. સદગતનું પિયર પક્ષનું બેસણું તા. ૧૭ને સોમવારે સાંજે ૫ થી ૬.૩૦ બેંકર્સ રિક્રિએશન કલબ, શ્રોફ રોડ, નવી કલેકટર કચેરી પાસે, સી.આઇ.ડી. ઓફિસ સામે, જી.ટી.શેઠ હોસ્પિટલ નજીક, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ** અ સૌ. અરુણાબેન વિનોદભાઈ મહેતા (ઉ વ ૭૩)તેઓ શ્રી વિનોદભાઈ દિનેશચંદ્ર મહેતા ના ધર્મ પત્ની તથા વિશાલ વિનોદભાઈ મહેતા અને જીજ્ઞાબેન વિમલકુમાર ભટ્ટ ના માતુશ્રી તેમજ પ્રિયાબેન વિશાલભાઈ મહેતા તેમજ વિમલકુમાર ભટ્ટ ના સાસુ સ્વ.કિશોરભાઈ મહેતા ગીરીશભાઈ મહેતા અ સૌ કીર્તિબેન જીતેન્દ્રભાઈ ત્રિવેદી ના ભાભી તેમજ સ્વ. ભાલચંદ્રભાઈ વ્યાસ (ભાવનગર) ના પુત્રી તા:- ૧૪ના રોજ કૈલાશ વાસી થયાં છે. સદ્‌ગતનું બેસણું તારીખ :- ૧૭/૦૩/૨૦૨૫ ૫ થી ૬ (સાંજે) ૫૦૧ મુન સ્પેસ એવન્યુ, શાંતિનગર ગેટ પાસે, રૈયા હિલ, રૈયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે વિનોદભાઈ મહેતા ૯૩૭૪૨૫૪૪૭૪

# દિવાળીના ઝઘડાનો ખાર હોળી પર ઉતાર્યો: ડીજેના ધંધાર્થી પર છ શખ્સોનો હુમલો

## ધોરાજીના જમનાવડ ગામનો બનાવ: પોલીસે રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો

રાજકોટ. તા.૧૫

ધોરાજીના જમનાવડ ગામમાં દિવાળીના ઝઘડાનો ખાર હોળી પર ઉતાર્યો હોય તેમ ડિજેના ધંધાર્થી પર છ શખ્સોએ હુમલો કરતાં યુવકને સારવારમાં ખસેડવો પડ્યો હતો. પુત્રને બચાવવા વચ્ચે પડેલ તેના પિતાને પણ ઈજા પહોંચી હતી. બનાવ અંગે ધોરાજી તાલુકા પોલીસે રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. બનાવ અંગે ધોરાજીના જમનાવડ ગામે રહેતાં પંકજભાઈ મોહનભાઈ રાઠોડ (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે શીવ ઉર્ફે બુધીયો જેન્તી પરમાર, વિજય ભનુ રાઠોડ, ભૂકા રાઠોડનો છોકરો અને બે અજાણ્યાં શખ્સોનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ડીજે વગાડવાનો ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

ગઈ તા.૧૩ ના હોળીનો તહેવાર હોય અને ગામમાં જ ધવલભાઈ મુછડીયાના દીકરાની વાડનો પ્રસંગ હોય તેથી ભાડેથી રાખેલ બોલેરો ગાડીમાં ડી.જે. ભરી વગાડવા માટે ગયેલ હતો. વાડનો પ્રસંગ પૂરો કરી તેઓ અને રાજેશભાઈ મુછડીયા બંને ડી.જે. વાળી ભોલેરો ગાડી લઈ ઘરે જતા હતા ત્યારે રાત્રિના અગિયારેક વાગ્યે ગામના બસ સ્ટેન્ડ પાસે આવેલ પુલ પર પહોંચેલ ત્યારે ગામના શિવો ઉર્ફે બુધિયો પરમાર, વિજય રાઠોડ, ભુકભાઈ રાઠોડનો છોકરો તથા અજાણ્યા અન્ય બે શખ્સો એક સાથે આવેલ અને બોલેરો ગાડી ઉભી રખાવી શિવાએ ગાળ આપી ગાડીમાંથી નીચે ઉતરવાનું કહેતા તેઓ ગાડીમાંથી નીચે ઉતરેલ તેવામાં શિવાએ પોતાના હાથમાં રહેલ લાકડી વડે માથાના ભાગે હુમલો કરતાં તેઓ નીચે પડી ગયેલ હતાં.

તેમજ માથામાંથી લોહી નીકળવા લાગેલ અને ભુકભાઈના છોકરાએ પણ કાંઈક હથિયારનક ઘા ઝીંકી દિધો હતો. ત્યારબાદ તમામ આરોપી એક સાથે ઢીકા પાટુનો માર મારવા લાગેલા હતા. જેથી તે બેભાન જેવો થઈ ઢળી પડેલ હતો. તેમના પિતા વચ્ચે છોડાવવા પડતા તેમને પણ ઈજા થયેલ હતી. ત્યારબાદ અન્ય લોકો દોડી આવતાં તેમને ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ મારફત ધોરાજી સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ હતાં. તેમજ તેમના પિતાને પણ ઈજાગ્રસ્ત હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડેલ હતાં.

વધુમાં બનાવના કારણ અંગે જણાવ્યું હતું કે, દિવાળીના તહેવાર વખતે તેઓને શિવો ઉર્ફે બુધિયો પરમાર તથા ભુકભાઈ રાઠોડના છોકરા સાથે બોલાચાલી થયેલ હોય જે જુના ઝઘડાનો ખાર રાખી હુમલો કર્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી ધોરજી તાલુકા પોલીસે રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી.

# નારણકા, શેમળા અને મેટોડામાં જુગારના દરોડા: ૧૦ મહિલા સહિત ૨૩ ઝડપાયા: ૪ ફરાર

## ગ્રામ્ય પોલીસનો સપાટો: રૂા.૧.૫૫ લાખનો મુદામાલ જપ્ત

રાજકોટ તા.૧૫

રાજકોટ ગ્રામ્ય પોલીસે સપાટો બોલાવી જુગારના ચાર દરોડા પાડયા હતા. જેમાં નારણકા, શેમળા અને મેટોડામાંથી જુગાર રમતી ૧૦ મહિલા સહિત ૨૩ શખ્સોને પકડી રૂા.૧.૫૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે ૪ શખ્સો નાસી છુટતા તેની શોધખોળ આદરી હતી.

દરોડાની વિગત મુજબ, રૂરલ એલસીબીની ટીમે કોટડાસાંગાણીના નારણકા ગામની સીમમાં જાહેરમાં ચાલતા જુગારધામમાં દરોડો પાડી ભરત જસમત વાવડીયા (ઉ.વ.૪૨) (રહે.નારણકા), ધના રાણા ચૌહાણ (ઉ.વ.૩૨) (રહે.મનહરપુર ગામ, રાજકોટ), લાખા બોડા વકાતર (રહે.રેલનગરની બાજુમાં સંતોષીનગર, રાજકોટ) અને રમેશ જીવા અજાડીયા (ઉ.વ.૩૫) (રહે.નવાગામ, ચોટીલા)ને પકડી રૂા.૧.૦૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

જયારે મુકેશ સોરાણી, શૈલેષ નરશી સોમાણી, રામ કોળી અને એક અજાણ્યો શખ્સ નાસી છુટતા તેની શોધખોળ આદરી હતી.

બિજા દરોડામાં મેટોડા જીઆઈડીસી પોલીસે જીઆઈડીસી ગેઈટ નં.૧માં આવેલ અંજલી પાર્ક સોસાયટીમાં હનુમાનજીના મંદિર પાસે જાહેરમાં જુગાર રમતા પ્રવિણ ધીરજ કામળીયા, હરીશ ભાલદેવ શીર, ઉર્મીલાબેન મણીલાલ નિમાવત, સંગીતાબેન દિનેશ શાહ અને સુનિતાબેન મનોહર પટેલ (રહે.તમામ અંજલી પાર્ક, મેટોડા)ને પકડી રૂા.૭૯૦૦ની રોકડ કબ્જે કરી હતી.

ત્રીજા દરોડામાં મેટોડા પોલીસે પાંભર ઈટાળા ગામમાં નવા પ્લોટ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા સુનિલ વિનોદ રાઠોડ, મનીષાબેન રમેશ રાઠોડ, હંસાબેન જયેશ રાઠોડ, વનીતાબેન સુરેશ રાઠોડ, શિલ્પાબેન ભરત ચાવડા, કોમલબેન જયેશ મકવાણા, શોભનાબેન અનીલ હરીયાણી અને સપનાબેન જયેશ રાઠોડને પકડી પાડી રૂા.૧૧૨૦૦ની રોકડ કબ્જે કરી હતી.

ચોથા દરોડામાં ગોંડલ તાલુકા પોલીસે શેમળા પરા વિસ્તારમાં જાહેરમાં સ્ટ્રીટલાઈટના અંજવાળે જુગાર રમતા નરેશ ધનીરામ અહેરવાલ, ઉમેશ જયરામ રાજપુત, જીતેન્દ્ર જયરામ રાજપુત, રણોત રામપાલ અહેરવાલ, હરીઓમ ગણેશચંદ્ર તિવારી અને ઉમેશ ચંદ્રીકા રાજપુતને પકડી રૂા.૩૨ હજારની રોકડ કબ્જે કરી હતી.

આ કામગીરી ધોરાજી સીટી પો.સ્ટે.ના પોલીસ ઈન્સ. આર.જે.ગોધમ, પો.સબ.ઈન્સ. પી.કે.ગોહીલ તથા પો.હેડ.કોન્સ. નીલેશભાઈ મકવાણા તથા પો.હેડ.કોન્સ. મીલનભાઈ કાનગડ તથા પો.હેડ.કોન્સ. પંકજભાઈ તલસાણીયા વુ.પો.હેડ કોન્સ. મીરાબેન ડાંગર તથા પો.કોન્સ. નારાણભાઈ પંપાણીયા તથા પો.કોન્સ. શક્તિસિંહ જાડેજા તથા પો.કોન્સ. યોગેશભાઈ બાલાસરા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

## અમદાવાદમાં દરિયાપુરી સંપ્રદાયના પૂ. અપૂર્વમુનિજી કાળધર્મ પામ્યા



રાજકોટ: દરિયાપુરી સંપ્રદાયના પૂ.અપૂર્વમુનિ મ.સા. તા.૧૪-૩ને સાંજે ૬ કલાકે વિજયનગર, અમદાવાદ ખાતે સમાધિભાવે કાળધર્મ પામ્યા છે.

લખતરના વતની શાંતિલાલ આશારામ શાહના સુપુત્ર અમુભાઈએ પત્ની, પુત્રી, અને બે પુત્રો સહિત ૧૯૮૩માં સપરિવારે આચાર્ય પૂ.શાંતિલાલજી મ.સા.ના મુખે દીક્ષા અંગીકાર કરેલ.

તા.૧૫ને શનિવારે સવારે ૧૦-૩૦ કલાકે વિજયનગર, અમદાવાદ ખાતેથી પાલખીયાત્રા નીકળી હતી. પૂ.ધીરગુરૂદેવે ગુણાંજલિ અર્પણ કરેલ.

## પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



વિજયાબેન ભૃગુરામ કાપડી (ઉ.વ.૮૪)
(કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ)
નિવૃત શિક્ષીકા
સ્વ. તા. ૧૪-૦૨-૨૦૨૫

સારા કર્મોની સુવાસ સદાય યાદ રહેશે, મીઠી વાણી હંમેશ યાદ રહેશે, દેહ ભલે અદ્રશ્ય થયો હોય, પરંતુ તમારી યાદ હંમેશા અમારી સાથે રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

ભૃગુરામ મોતીરામ કાપડી (પતિ)
કિશનદાસ હરિરામજી દુધરેજીયા (નણદોયા)
ભાનુબેન કિશનદાસ દુધરેજીયા (નણંદ)
શાંતિરામ જીવણરામ દુધરેજીયા (નણદોયા)
સુશીલાબેન શાંતિદાસ દુધરેજીયા (નણંદ)
તુલસીદાસ બી. ગોંડલીયા-એડવોકેટ (દિયર)

## દુઃખદ અવસાન/બેસણું



ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ **વર્ષાબેન વ્યાસ** (ઉ.વ.૭૯) તેઓ કેનેડા નિવાસી શ્રી રજનીકાંતભાઈ ડી. વ્યાસના ધર્મપત્ની, અમરભાઈ, દિતિબેનના માતૃશ્રી, તેઓ શ્રી સ્વ.હુલ્લાસલાલ ઈચ્છાલાલ ભટ્ટ (એડવોકેટ) રાજકોટના પુત્રી, શ્રી મધુસૂદન ભટ્ટ (નિવૃત-જીવન કોમર્શિયલ બેંક)ના બહેનનું કેનેડા મુકામે તા.૧૦-૦૩-૨૦૨૫ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

:: સદગતનું પિયર પક્ષનું બેસણું ::
તા.૧૭-૦૩-૨૦૨૫ને સોમવારે સાંજે ૫ થી ૬:૩૦, બેંકર્સ રિક્રિએશન કલબ, શ્રોફ રોડ, નવી કલેકટર કચેરી પાસે, સી.આઈ.ડી.ઓફિસ સામે, જી.ટી.શેઠ હોસ્પિટલ નજીક, રાજકોટ ખાતે રાખેલ છે.

સ્વ.વર્ષાબેન રજનીકાંત વ્યાસ
(ઉ.વ.૭૯)
સ્વ.તા.૧૦-૦૩-૨૫, સોમવાર

## પુણ્યતિથિએ હૃદયાંજલિ



સ્વ. શ્રી રાજકુમાર કિપાલસિંહજી પરમાર
એમ.એ.,એલ.એલ.બી., એડવોકેટ, સ્વ.તા.૧૫/૩/૧૪

નિડરતા,નિષ્ઠા,પ્રમાણીકતા,ધૈર્યતાના પર્યાય સમા વ્યક્તિત્વને પૂણ્યતિથિએ હૃદયાંજલી

લી.
આપનો પુત્ર
રૂપરાજસિંહ આર. પરમાર
(એડવોકેટ)

પૌત્ર
પ્રેમરાજસિંહ
હેતરાજસિંહ

તથા આપનો પરિવાર

## || શ્રદ્ધાંજલિ ||



સ્વ. દિલીપકુમાર દલપતરાય રૂપાણી (ઉ. વ. ૭૫)
સ્વ. તા. ૧૩-૦૩-૨૦૨૫, ફાગણ સુદ ૧૪, ગુરુવાર

જૂનાગઢ નિવાસી હાલ રાજકોટ દિલીપકુમાર દલપતરાય રૂપાણી, તે સ્વ. દલપતરાય જેઠાલાલ રૂપાણી ના પુત્ર, શીતલબેન ના પતિ, સ્વ. શરદચંદ્ર, સ્વ. જ્યોતિબેન, ઇન્દુબેન, પરાગબેન અને સ્વ. નીતાબેન ના ભાઈ, માનસ રૂપાણી ના પિતા, અસ્મિતા રૂપાણી ના સસરા, ધરુણ અને હેતાંશ ના દાદા અને સ્વ. અમરચંદ સૌભાગચંદ ગાઠાણી ના જમાઈ તે તા. ૧૩-૦૩-૨૦૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે. સદગત નું ઉઠમણું તા. ૧૭-૦૩-૨૦૨૫ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે અને પ્રાર્થના સભા સવારે ૧૧-૦૦ કલાકે નીચે મુજબ ના સ્થળે રાખેલ છે.

તા. ૧૭-૦૩-૨૦૨૫, સોમવાર.
ઉઠમણું - ૧૦.૦૦ કલાકે અને પ્રાર્થના સભા ૧૧.૦૦ કલાકે
આરાધના ભુવન, મણિયાર દેરાસર ની પાસે, ચૌધરી હાઈ સ્કૂલ સામે, રાજકોટ.

માનસ રૂપાણી - ૯૮૨૫૦ ૨૩૧૨૭ રૂપાણી ચા - રાજકોટ

## દુઃખદ અવસાન-બેસણું



દિલગીરી સાથ જણાવવાનું કે અમારા માતૃશ્રી
સ્વ. શાંતાબેન ભીમજીભાઈ સાંગાણી
સ્વ. તા.૧૪/૦૩/૨૦૨૫ સંવત ૨૦૮૧ ફાગણ વદ - ૧ ને શુક્રવાર ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

તેમનુ સદ્દગત બેસણું તા. ૧૭-૩-૨૦૨૫ સોમવારે ૪ થી ૫:૩૦ વાગ્યે રાખેલ છે.

પ્રભુ તેના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

:: સ્થળ ::
પટેલ વાડી યુનીટ નં.-૨
બેડીપરા, ભાવનગર રોડ રાજકોટ
Mo. 9328457399/9586178757

લી.
બાબુભાઈ ભીમજીભાઈ સાંગાણી
ચતુરભાઈ ભીમજીભાઈ સાંગાણી
નાનજીભાઈ ભીમજીભાઈ સાંગાણી
તથા સાંગાણી પરિવારના જય શ્રી કૃષ્ણ

આ કામમાં ચાર્જશીટ થયા બાદ કેસ બોર્ડ પર આવતા ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નહીં અને આ કામના આરોપીના વકીલએ આરોપી વતી ઈન્કારીયત સ્વરૂપમાં જવાબ આપેલ હતો કે, હાલના સાહેદે પોતાના પુરાવામાં તેઓને આરોપી સાથે માત્ર સામાન્ય તકરાર થયેલ. આરોપી દ્વારા ફરીયાદીને ગાળો આપવામાં આવેલ તેમજ ધારીયા વડે માથામાં ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવેલ હોવાની હકિકત માની શકાય નહીં. જેથી ફરીયાદીએ એફ.આઈ.આરમાં જણાવેલ હકકીતો ખોટી છે અને આરોપી સામે ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદીએ તેમની ફરીયાદમાં ખોટી ફરીયાદ આપી, ખોટો પુરાવો આપેલો, બોગસ હકકીતોને આધારે અમો આરોપી સામે પુરાવા રહીતની ખોટી ફરીયાદ કરેલ છે. આ કેસમાં આરોપી તરફે રોકાયેલ વકીલ અજયસિંહ એમ.ચૌહાણની ધારદાર દલીલને ધ્યાને રાખી આરોપીને રાજકોટના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મેઈન) જુગલ જીતેન્દ્રકુમાર દવેએ આરોપીને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો છે. આ કામમાં આરોપી- લાલાભાઈ ઉર્ફે લાલજીભાઈ હકાભાઈ ઝાપડા, તરફે એડવોકેટ અજયસિંહ એમ. ચૌહાણ, ડેનિશ જે. મહેતા તથા તુષાર ડી. ભલસોડ રોકાયેલ હતા.

# હોળીમાં દર્શન કરવાં જતી પરિણીતા પર નિર્લજ્જ હુમલો: ડ્રેસની ચુંદડી પકડી છેડતી કરી

## રૈયાધાર વિસ્તારમાં રહેતી પરિણીતા માતા સાથે ડ્રિમ સીટી નજીક થતી હોળીમાં દર્શન કરવા જતી હતી ત્યારે બાઇકમાં ધસી આવેલ શખ્સનું કૃત્ય: ગુનો નોંધાયો

રાજકોટ. તા.૧૫

રૈયાધાર વિસ્તારમાં રહેતી પરિણીતા માતા સાથે ડ્રિમ સીટી નજીક થતી હોળીમાં દર્શન કરવા જતી હતી ત્યારે બાઇકમાં ઘસી આવેલ શખ્સે પરિણીતા પર નિર્લજ્જ હુમલો કરી ડ્રેસની ચુંદડી પકડી છેડતી કરતાં યુની. પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે રૈયાધાર વિસ્તારમાં રહેતી ૨૯ વર્ષીય પરિણીતાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કૌશલ ઉર્ફે કરણ નિતીન પરમાર (રહે.ઇન્દિરાનગર, રૈયાધાર) નું નામ આપતાં યુની. પોલીસે બીએનએસ એક્ટ ૭૮(૨),૩૫૧(૨) સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેણી પતિ અને માતા સાથે રહે છે. ગઇ તા.૧૩ ના રાત્રીના દસેક વાગ્યે તેણી તેના બે વર્ષના પુત્ર અને માતા સાથે ડ્રિમસીટીના સામેના ભાગ પાસે આવેલ હનુમાનજીના મંદિરની બાજુમાં કાચા રસ્તા પર આવેલ હોળી પ્રગટાવવાની વિધિ ચાલુ હોય ત્યાં દર્શન કરવા ઘરેથી ચાલીને નિકળેલ તેમજ રસ્તામાં થોડે દુર ચાલતા તે જ વિસ્તારમાં રહેતો કૌશલ ઉર્ફે કરણ પોતાનું બાઈક લઈ સામેથી આવી કાવો મારી તેણીએ પહેરેલ પંજાબી ડ્રેસની ચુંદડી પકડી છેડતી કરેલ હતી.

### મારા વિરૂધ્ધ ફરીયાદ કેમ કરી? કહી પત્નીની છેડતી કરનાર શખ્સે યુવકને છરીના ઘા ઝીંકયા

યુનિ. પોલીસ મથકમાં આરોપી કૌશલ ઉર્ફે કરણ વિરૂધ્ધ બીજો ગુનો નોંધાયો

રાજકોટ તા.૧૫

રૈયાધાર વિસ્તારમાં રહેતા આરોપી કૌશલ ઉર્ફે કરણે યુવકને મારા વિરૂધ્ધ ફરીયાદ કેમ કહી છરીના ઘા ઝીંકતા સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે યુનિ. પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રૈયાધાર વિસ્તારમાં રીક્ષાચાલક યુવાને નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કૌશલ ઉર્ફે કરણ નીતીન મકવાણાનું નામ આપી જણાવ્યું હતું કે આરોપીએ ફરીયાદીની પત્નીની છેડતી કરેલ હોય જે મામલે પોલીસ ફરીયાદ કરેલ હતી. જેથી આરોપીએ ફરીયાદ કેમ લખાવેલ તેમ કહી ફરીયાદીને ગાળો આપી તેની પાસે રહેલ છરીનો એક ઘા માથાના ભાગે તેમજ પીઠના ભાગે બે ઘા ઝીંકી દીધા હતા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી નાસી છૂટ્યો હતો.

બનાવ અંગેની ફરીયાદ પરથી યુનિ. પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધો હતો.

જેથી તેના માતાએ આ રીતે કાવો ના મરાય અને મારી દિકરીની શું કામ છેડતી કરે છો તેમ કહેતા કૌશલ ઉર્ફે કરણ ફરિયાદીની માતાને ગાળો દેવા લાગેલ અને ત્યાર બાદ તે ત્યાથી જતો રહેલ હતો. થોડીવાર બાદ પોતાનું બાઈક લઈ હોળી પ્રગટાવેલ જગ્યાએ ફરી પાછો પોતનુ બાઈક લઈ ઘસી આવી તેણી અને તેની માતાને ધમકી આપેલ કે, કાલે તહેવારના દિવસે તારા ઘર ઉપર પથ્થરો ફેકવા છે અને દારુની પોટલી નાખવી છે કહીં ગાળો દેવા લાગતા તેની માતાએ ફરી વખત ગાળો દેવાની ના પાડતા આરોપીએ તે જગ્યાએ રહેલ ઇંટ લઈ છુટ્ટો ઘા તેમની માતા પર કર્યો હતો.

તેમજ તેણીની માતા બીમાર હોવા છતાં આરોપીને સમજાવતા ફરી વખત ચુંદડી પકડી હવામાં ઉડાળેલ અને આજુબાજુના માણસો ભેગા થઈ જતા આરોપી નાસી છૂટયો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધો હતો.

### જરૂર પડે હું ટ્રમ્પ સાથે સીધી વાતચીત કરીશઃ રશિયન પ્રેસીડેન્ટ

# યુદ્ધ વિરામ માટે આકરી શરતો મુકતા પુટીનઃ ટ્રમ્પના દૂત મોસ્કોમાં

## ૩૦ દિવસમાં યુક્રેનને ફરી શસ્ત્ર સજજ નહી કરાય તેની ખાતરી કોણ આપશે! કોણે કયારે યુદ્ધ વિરામ ભંગ કર્યો તે કોણ નકકી કરશે! પ્રશ્નોની યાદી રજુ કરી



મોસ્કોઃ યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધમાં હાલ ૩૦ દિવસના યુદ્ધવિરામની અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની દરખાસ્તને યુક્રેને તો તાત્કાલીક સ્વીકારી છે પણ રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુટીને સ્પષ્ટ કર્યુ છે કે યુદ્ધ વિરામની શરતો અમેરિકા કે યુક્રેન નહી અમો નકકી કરશું તથા તે સમયે અનેક શરતો સાથે યુદ્ધ વિરામની તૈયારી દર્શાવી છે. જો કે અમેરિકાએ રશિયા પર દબાણ વધારવા બેન્કીંગ સહિતના કેટલાક પ્રતિબંધો લાદયા છે. જેમાં ઓઈલ-ગેસનો પણ સમાવેશ થાય છે. રશિયા સાથે સમાધાનની વાતચીત કરવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટ્ટકોફ મોસ્કો પહોંચ્યા છે.

બીજી તરફ રણમેદાનમાં રશિયા અને યુક્રેન વચ્ચે ડ્રોન હુમલો ચાલુ જ છે. બીજી તરફ અમેરિકી દરખાસ્ત અંગે પ્રતિભાવ આપતા શ્રી પુટીને કહ્યું કે વિચાર સામે છે અમો તેને ટેકો આપીએ છીએ પણ અનેક પ્રશ્નો છે જે હજુ ચર્ચાની જરૂર છે જે કંઈ યુદ્ધ વિરામ થાય તે શાંતિના હેતુ માટે અને કટોકટીનુ જે મૂળ છે. તેને ઉકેલ લાવવો જરૂરી છે. અમો આ અંગે અમેરિકી સરકાર સાથે વાતચીત કરશુ અને સંભવ હું પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાતચીત કરીશ. મહત્વની બાબતમાં યુક્રેને રશિયાનાજ કૃષ્ક એરીયા પર અંકુશ કર્યા છે તે ખાલી કરે તેવું પુટીન ઈચ્છે છે.

પુટીને દાવો કર્યો કે આ ક્ષેત્રમાં યુક્રેનની સેનાને અલગ અલગ પાડી દેવામાં આવી છે અને હવે તે દળો સંરક્ષણાત્મક સ્થિતિમાં છે.

શ્રી પુટીને પ્રશ્ન પૂછયો કે આ ૩૦ દિવસના યુદ્ધ વિરામના સમયનો ઉપયોગ શું કરાશે? શું યુક્રેનને ફરી શસ્ત્ર સજજ કરાશે! લોકોને સૈન્ય તાલીમ અપાશે! કોણ તે અંકુશ રાખશે! અને ૨૦૦૦ કી.મી.ના ક્ષેત્રમાં કોણે યુદ્ધ વિરામનો ભંગ કર્યો તે કોણ નકકી કરશે!

### યુદ્ધ વિરામના પ્રયાસો માટે મોદી સહિતના નેતાઓનો આભાર માનતા પુટીન

#### તમારો કિંમતી સમય આવ્યો છેઃ રાષ્ટ્રપતિ

મોસ્કોઃ રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુટીને યુક્રેન સાથેના યુદ્ધમાં જે રીતે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સહિતના રાષ્ટ્રવડાઓ મહેનત કરી રહ્યા છે તે બદલ સૌનો આભાર

માન્યો હતો પણ અમોને ટુંકા સમયના યુદ્ધ વિરામમાં રસ નથી. હું પરીસ્થિતિનું આંકલન કરીને આખરી નિર્ણય લઈશ પણ ચીનના રાષ્ટ્રપતિ ભારતના વડાપ્રધાન બ્રાઝીલ દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિએ જે કઈ તેમનો મુલ્યવાન સમય શાંતિ માટે આપ્યો છે તે બદલ અમો તેના આભારી છીએ. આમ કહી તેઓએ હવે યુદ્ધ વિરામ માટે તેઓજ નિર્ણય લેશે તે સંકેત આપી દીધો છે.

પુટીને કહ્યું કે હું સીધી ના પાડતો નથી પણ મારે સ્પષ્ટતા જોઈએ છીએ.

રશિયા ઈચ્છે છે કે યુદ્ધ વિરામના સમયગાળામાં યુક્રેનને બહારથી ફરી શસ્ત્રો મળવા જોઈએ નહી. નહીતર ૩૦ દિવસ પછી તેઓ ફરી યુદ્ધ શરૂ કરી દેશે તો બીજી તરફ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેસ્કીએ કહ્યું કે અમેરિકાના ડરથી પુટીન સીધુ કહેતા નથી કે તેઓ યુદ્ધ વિરામ કરવા માંગતા નથી પણ તેઓ ખરેખર યુદ્ધ ચાલુ રાખવા માંગે છે.

# લોકમેળાનું સ્થળ બદલવા, અશાંતધારા, ગેરકાનુની કતલખાના સહિતના મુદ્દે કલેકટર સમક્ષ ધા

### કલેકટર કચેરીખાતે મળેલી ફરિયાદ અને સંકલન સમિતીની બેઠકમાં હિરાસર એરપોર્ટથી ઈન્ટરનેશનલ ફલાઈટ શરૂ કરવા, મણિયાર હોલ, જયુબેલી ગાર્ડન-લેંગ લાઈબ્રેરીના રીનોવેશન સહિતના પ્રશ્નો ઉછળ્યાઃ પ્રશ્નો નિયત સમયમાં ઉકેલવા કલેકટરની અધિકારીઓને તાકીદ



રાજકોટ,તા.૧૫

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે ફરિયાદ અને સંકલન સમિતીની બેઠક જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી તેમજ ધારાસભ્યો સર્વશ્રી દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, તથા મહેન્દ્રભાઈ પાડલીયાએ વિવિધ પ્રશ્નો રજૂ કર્યા છે જેને ઉકેલવા ઝડપી કાર્યવાહી કરવા કલેકટર પ્રભવ જોશીએ સબંધિત વિભાગોના અધિકારીઓને આદેશ આપ્યા હતાં.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પ્રવીણાબેન રંગાણીએ રજુ કરેલા વિવિધ પ્રશ્નો જેવા કે, અરવિંદ મણિયાર હોલ-જયુબીલી ગાર્ડન-લેંગ લાઈબ્રેરીના રીનોવેશન, આધાર કાર્ડમાં સુધારા કરવા માટેના તથા આયુષ્માન કાર્ડ કઢાવવાના શહેરમાં કાર્યરત કેન્દ્રો,જન્મ - મરણના દાખલા કઢાવવાની કામગીરી વગેરે અંગે આ બેઠકમાં સવિસ્તર ચર્ચા કરવામાં આવી હતી.જ્યારે ધારાસભ્ય દર્શિતાબેન શાહે શહેરમાં અશાંતધારા અને ઈ કે.વાય.સી.ની કામગીરી, લોકમેળાનું સ્થાન બદલવા, જર્જરિત અને વણવપરાયેલી મિલકતો, શહેરમાં ચાલતા ગેરકાનૂની કતલખાના વગેરે બાબતે આ બેઠકમાં રજૂઆત કરી હતી, જે અંગે સત્વરે કાર્યવાહી કરવા કલેકટરએ સંબંધિત સરકારી વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી.

આ ઉપરાંત, ધોરાજી અને ઉપલેટામાં કન્ડમ થયેલા સરકારી ક્વાર્ટર્સને પાડવાની કામગીરી, રાજકોટ-અમદાવાદ હાઈવેની કામગીરી, રાજકોટ એરપોર્ટ પરથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવા, વગેરે અંગે આ બેઠકમાં ચર્ચા થઈ હતી

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પોલીસ અધિક્ષક હિમકર સિંહ, ડી.સી.પી.જગદીશ બંગારવા, પ્રાંત અધિકારીઓ મહેક જૈન, રાહુલ ગમારા, એન.એમ.તરખલા અને આર.આર.ખાંભરા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી, રૂડાના ચેરમેન ગૌતમ મિયાણી, નાયબ મ્યુનિસિપલ કમિશનર હર્ષદ પટેલ, નાયબ કલેક્ટર દિલીપસિંહ વાળા અને ઈશિતા મેર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ઈલાબેન ગોહિલ, આયોજન અધિકારી નીતિન ટોપરાણી, જિલ્લા પુરવઠા અધિકારી રાજે વંગવાણી, જી.એસ.આર.સી.ટી.ના વિભાગીય નિયામક કલોતરા, સહિત ફરિયાદ અને સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# સાધુવાસવાણી-આશાપુરા રોડ, કરણપરા સહિત જુદી-જુદી જગ્યાએ કુલ ૭-મિલ્કતો 'સિલ'

### બપોર સુધીમાં વેરાપેટે રૂા.૪૭.૧૦ લાખ રિકવરી કરતી વેરાવસુલાત શાખા

રાજકોટ,તા.૧૫

રાજકોટ મ.ન.પા.ની વેરાવસુલાત શાખાએ આજરોજ બાકી રિકવરી ઝુંબેશ અંતર્ગત બપોરે એક વાગ્યા સુધીમાં કુલ ૭ મિલ્કતોને સિલ ખરી દેવાયા હતાં. જેમાં, ગાયકવાડી શેરી નં.૨/૮, ઈશ્વરીયા સુમર નજીક દેવતીર્થ પાર્ક, બીજા માળે એક-એક મિલ્કતને તથા આશાપુરા મેઈન રોડ પર જાનકી કોમ્પ્લેક્ષમાં બે દુકાન, કરણપરા ચોક સદ્ગુરૂ દેવ કોમ.કોમ્પ્લેક્ષમાં એક ઓફીસ ગુર્જરી બજાર નજીક શ્યામ આર્કેડ ગ્રાઉન્ડ ફ્લોરમાં એક દુકાન દિવાનપરા વિસ્તારમાં મોનાર્ક કોમ્પ્લેક્ષમાં, એક દુકાન અને કોઠારીયા વિસ્તારમાં જલારામ કરિયાણા ભંડારને બાકી માંગણી



સબબ સિલ મારી દેવાયા હતા.મ.ન.પાનાં સૂત્રોનાં જણાવ્યા મુજબ આજરોજ બપોરે એક કલાક સુધી ૭- મિલ્કતોને સીલ મારેલ તથા ૧૮-મિલ્કતોને સીલની કાર્યવાહી કરતા રિકવરી થયેલ તથા આજના દિનની રીકવરી રૂા.૪૭.૧૦ લાખ થઈ હતી. આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ, સિદ્ધાર્થ પંડયા, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી ગૌરવ ઠકકર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેકટર દ્વારા કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# આયુષ્યમાન ભારતઃ વય વંદનામાં ઉંમર મર્યાદા ૬૦ વર્ષ કરવા તૈયારી

## યોજનાનો લાભ પણ રૂા.૫ લાખથી વધારી રૂા.૧૦ લાખ કરવા સંસદીય સમીતી દ્વારા સરકારને ભલામણ

નવી દિલ્હી તા.૧૫

કેન્દ્રની મોદી સરકારની આયુષ્યમાન યોજનામાં હાલ જે રીતે ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોને રૂા.૫ લાખ સુધીની મેડીકલ સહાય કરવામાં આવે છે તેમાં સરકાર મોટો ફેરફાર કરવા જઈ રહી છે અને આ સહાય રૂા.૫ લાખથી વધારી રૂા.૧૦ લાખ કરવા અને ઉંમર મર્યાદા પણ ૭૦ વર્ષથી ઘટાડી ૬૦ વર્ષ કરવા સંસદીય સમીતીએ ભલામણ કરી છે. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ પરની સંસદીય સમીતીના ચેરમેન રામગોપાલ યાદવે આ માહિતી આપતા જણાવ્યું કે વધુમાં વધુ વૃદ્ધોને આ યોજનાનો લાભ મળી રહે



તે જરૂરી છે. ગત તા.૧૧ સપ્ટેમ્બરના વડાપ્રધાન જન આરોગ્ય યોજના હેઠળ વય વંદના યોજના શરુ કરવામાં આવી હતી જેમાં ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વૃદ્ધોને આવકની કોઈ મર્યાદા વગર રૂા.૫ લાખ સુધીની તબીબી સહાય આયુષ્યમાન યોજના હેઠળ મળે તે નિશ્ચિત કરાયુ હતું જે આ વિશાળ વર્ગ માટે ખુબજ મદદરૂપ સાબીત થઈ છે.

મુળ યોજના ૨૦૨૭માં શરુ થઈ હતી અને એક વખત તેનો વિસ્તાર વધારાયો હતો. હવે તેમાં પણ ફરી વધારો કરવા તૈયારી છે. આ યોજના હેઠળ જુની બિમારીઓ પણ કવર થાય છે અને સમગ્ર યોજના હેઠળ તબીબી તપાસ, ઓપરેશન અને ત્યારબાદની સારવાર અને ટ્રાન્સપોર્ટ ખર્ચ હોય તો તે પણ આપવામાં આવે છે.

### સતા સંભાળતા જ ડોનાલ્ડ ટ્રમ્પને આકરો સંદેશ મોકલી આપતા કેનેડીયન પીએમ

# કેનેડાને અમેરિકાનું રાજય બનાવવાનું ભૂલથી પણ વિચારતા નહીઃ વડાપ્રધાન કાર્ની

ઓટ્ટાવો તા.૧૫

કેનેડામાં વડાપ્રધાન તરીકે માર્ક કાર્નીએ શપથ લેતા જ સીધો ટ્રમ્પને પડકાર ફેંકયો છે અને કહ્યું છે કે કેનેડાને અમેરિકાનું રાજય બનાવવાનું સ્વપ્ન પણ જોતા નહી અને કદી ભુલથી પણ તે વિચાર કરતા નહી. જસ્ટીન ટ્રુડોના સ્થાને કેનેડાના પુર્વ બેંકર માર્ક કાર્નીએ શપથ લઈને દેશના લોકોને એ ખાતરી આપી હતી કે અમેરિકા દ્વારા કોઈપણ પ્રકારે ટેરીફ લાદવામાં આવે તો તેનાથી ચિંતા કરવાની જરૂર નથી. કેનેડા તેને પહોંચી વળવા સક્ષમ છે એટલું જ નહી કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજય



બનાવવાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ કરેલા વિધાનો પર જવાબ આપતા કહ્યું કે કેનેડા કયારેય પણ કોઈપણ રીતે કોઈપણ સ્વરૂપમાં અમેરિકાનું રાજય નહી બને અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને પણ મે સંદેશો આપી દીધો છે કે તેઓ ભુલથી પણ તે વિચારતા નહી. તેમણે કહ્યું કે ટેરીફનો સામનો કરવો તે તેમની પ્રાથમીકતા છે અને અમેરિકાએ તે આપણા પર પડકાર સર્જયો છે પણ સરકાર બંને દેશોના હિતોને આગળ વધારીને કામ કરવા આતુર છે અને શકય બનશે તો હું ખુદ ટ્રમ્પને મળવા તૈયાર છું. જાન્યુઆરી મહિનામાં ટ્રમ્પના અમેરિકામાં પ્રમુખપદે આગમન સાથે જ ટ્રમ્પએ જે રીતે કેનેડા પર દબાણ શરુ કર્યુ તે પછી કેનેડામાં નવા વડાપ્રધાનના આગમનથી આ દેશમાં નવો વિખવાદ સર્જાયો છે.

# ભારે ઉહાપો છતા હજુ સુધી ૩૮૮ ભારતીયોને જ ડિપોર્ટ કરાયા

### અમેરિકી તંત્ર દ્વારા ઉભો કરાયેલો હાઉ સમવા લાગતો હોવાનો સંકેતઃ જો કે ૭ લાખ ભારતીયોના ડોકયુમેન્ટ ચકાસાઈ રહ્યા છે

વોશિંગ્ટન તા.૧૫

અમેરિકામાં ટ્રમ્પ શાસનના આગમન બાદ જે રીતે ગેરકાનુની વસાહતીઓને પરત મોકલવાની ઝુંબેશ શરુ કરાઈ હતી અને તેમાં હજારો ભારતીયોને પરત મોકલાશે તેવી ચર્ચા હતી તે વચ્ચે અત્યાર સુધીમાં અમેરિકામાં ફકત ૩૮૮ ભારતીયો ગેરકાનુની રીતે રહેતા હોવાનું જાહેર થયા બાદ તેઓ તમામ ભારત પરત આવી ગયા છે અને તાત્કાલીક હવે કોઈ અમેરિકામાંથી ભારતીયોને ડિપોર્ટ કરે તેવા કોઈ સંકેત નથી. જો કે અમેરિકી ઈમીગ્રેશનના સૂત્રોના જણાવ્યા મુજબ રાષ્ટ્રીયતા અંગેની ચકાસણી હાલ ચાલુ છે અને જો ગેરકાનુની રીતે અમેરિકામાં રહેતા હોય તેને વહેલા કે મોડા પરત જવુ જ પડશે. પછી તે થોડા હજાર હોય કે લાખો હોય પરંતુ અમેરિકામાં બે થી સાત લાખ જેટલા ભારતીયોની ચકાસણી થઈ રહી હોવાનું માનવામાં આવે છે અને તેમાં જે લોકો પુરતા દસ્તાવેજ વગર અમેરિકામાં રહેતા હોય તેઓને હાલ વોચ પર મુકાયા છે. આ અંગે અમેરિકી તંત્ર અને ભારતીય દૂતાવાસ બંને સંયુક્ત રીતે આ ગેરકાનુની નાગરિકોની ઓળખ પ્રસ્થાપીત કરી રહી છે.

# જમીન વિવાદમાં હરિયાણા ભાજપના નેતાની હત્યા



ચંદીગઢ તા.૧૫

હરિયાણામાં ભાજપના નેતા અને સોનીપતના તાલુકા પ્રમુખ સુરેન્દ્ર જવાહરાની તેમના જ પાડોશીએ ગોળી મારીને હત્યા કરી હતી. બંને વચ્ચે લાંબા સમયથી જમીન અંગે વિવાદ ચાલતો હતો. ગઈકાલે રાત્રે બંને સામેસામા આવી ગયા હતા અને હુમલાખોરે પોતાની રીવોલ્વરમાંથી સીધા જવાહરાના માથા પર ગોળી છોડી હતી અને વધુ એક બુલેટ તેના પેટમાં મારી હતી. હુમલાવરના ગામમાં સુરેન્દ્ર જવાહરાએ જમીન ખરીદી હતી જે વિવાદી હતી અને તેના કારણે આ હત્યા થઈ હોવાનું માનવામાં આવે છે.

# સીરીયામાં ISISના વડા અબુ ખાદીજાને ખત્મ કરાયો

### અમેરિકી દળોનું ઓપરેશનઃ અનેક સાથીઓ પણ ઠાર



દમાસ્ક તા.૧૫

સીરીયામાં સતાપલ્ટા પછી આઈએસઆઈએસ સહિતના ત્રાસવાદી સંગઠનોનો ખાત્મો બોલાવવા અમેરિકા અને ઈઝરાયેલના ચાલુ રહેલા ઓપરેશનમાં સૌથી ખતરનાક ગણાતા આઈએસઆઈના સીરીયાના વડા અબુ ખદીજા ને ગઈકાલે એક ઓપરેશનમાં ઠાર મરાયો છે. અબુ ખદીજા ઈરાક અને દુનિયાના સૌથી ખતરનાક ગણાતા ત્રાસવાદીઓમાં સામેલ હતો. ૨૦૧૯માં તેણે આઈએસઆઈએસની કમાન સંભાળી હતી. સેન્ટ્રલ અમેરિકી કમાનના જણાવ્યા મુજબ બગદાદીના મોત બાદ આ સંગઠન વેરવિખેર થયુ હતું પરંતુ અબુએ તેને ફરી એક વખત મજબૂત બનાવ્યો હતો. ગઈકાલે અમેરિકી દળોએ અબુ જયાં છુપાયો હતો તેને ઘેરી લીધુ હતું અને બાદમાં તેને ઠાર મરાયો હતો. આ સમયે તેને ખુદે આત્મઘાતી બેલ્ટ પણ પહેર્યો હતો અને અમેરિકી હુમલામાં તેને ગોળી મારતા જ ખુદના ફુરચા ઉડાવી દીધા હતા. સીરીયામાં આ પ્રકારના ઓપરેશનથી આઈએસઆઈએસને ભારે ફટકો પડયો છે.

# ઈન્ડસઈન્ડ બેન્ક સલામતઃ રીઝર્વ બેન્કની જાહેરાત

## થાપણદારોને ચિંતા નહી કરવા સલાહ

મુંબઈઃ ડેરીવેટીવ્સ પોર્ટફોલીયાએ ગેરરીતિના કારણે ખાનગી ક્ષેત્રની ઈન્ડસઈન્ડ બેન્કમાં શેરમાં કડાકા થયા છે અને જંગી થાપણો ધરાવતી આ બેન્ક અંગેના અહેવાલ પર રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ જાહેર કર્યુ છે કે બેન્ક સલામત અને સદ્ધર છે તથા થાપણો સહિતના નાણા અંગે ચિંતા કરવાની જરૂર નથી. આરબીઆઈએ જણાવ્યું કે ઈન્ડસઈન્ડ બેન્કનું આર્થિક સ્વાસ્થ્ય સારુ છે અને બેન્કએ હવે બહારનું એક વધારાનું ઓડીટ પણ શરૂ કરાયુ છે અને આરબીઆઈએ પણ જરૂરી આદેશ આપ્યા છે. જો કે બેન્કના નફા પર રૂા.૧૬૦૦થી રૂા.૨૦૦૦ કરોડની નુકશાની જશે. બેન્કમાં ગત ઓકટોબર માસથી આ ગેરરીતિના સંકેત હતા.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૭૫-૨૪૨૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૩૨૫-૨૩૭૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૨૩૫-૨૨૮૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૮૫-૨૨૩૫ |
| પામોલીયન તેલ | ૨૨૯૫-૨૨૦૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૫૦-૨૧૮૦ |
| સનફલાવર તેલ | ૨૧૯૦-૨૨૦૦ |
| મકાઇ તેલ | ૨૦૬૦-૨૦૮૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૯૦-૨૩૨૦ |
| કોપરેલ | ૩૫૦૦-૩૫૫૦ |
| દિવેલ | ૨૨૩૦-૨૨૪૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૯૦૬૫૦(+૧૧૫૦) |

| ચાંદી |
|---|
| ૧૦૩૦૦૦(+૧૮૦૦) |


**સીવીલ કોર્ટ નોટીસ**

રાજકોટના મહે. ૫માં સીનીયર સીવીલ જજ (સી.ડી.) શ્રી ડી.આર.જગુવાલા સાહેબની કોર્ટમાં, દિ.૫.અ.નં. ૫૭૧/૨૦૨૫ અરજદાર **શ્રી હર્ષદભાઇ પોપટલાલ ભટ્ટ**, ઉ.વ.આ. ૫૮, ધંધો :- વેપાર, ઠે. 'રવિ રાંદલ' વિવેકાનંદ નગર ૨/૪, કોઠારીયા મેઇન રોડ, રાજકોટ. મો. નં. :- 95104 43048 ના એ ગુજરનાર પોપટલાલ મથુરદાસ ભટ્ટ તથા જયાબેન પોપટભાઇ ભટ્ટની સ્થાવર મિલ્કત નીચે જણાવ્યા મુજબની આવેલ છે.

**સ્થાવર મિલ્કત**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબડિસ્ટ્રીકટ રાજકોટના શહેર રાજકોટના સર્વે નં. ૨૫૯ના બીનખેતીના પ્લોટ નં. ૩૮ પૈકી સબ પ્લોટ નં. બી પૈકી દક્ષિણ તરફની અને પશ્ચિમના રસ્તાવાળી જમીન ચો.વા.આ. ૫૨-૦૦ જમીન ઉપર આવેલ મકાન રાજકોટમાં કોઠારીયા રોડ ઉપર સીંદોરીયા ખાણ સામે આવેલી છે. આ મકાન વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૯૬૩૧, તા. ૭/૯/૧૯૮૮ના રોજથી ખરીદ કરેલ છે તે મુજબ તેઓ કબ્જેદાર અને ભોગવટેદાર અને માલીક થયેલ છે.

ઉપરોકત જણાવેલ મિલ્કતોનું વારસા સર્ટીફીકેટ મેળવવા તેમના **વકીલશ્રી પ્રશાંત એમ. જોષી તથા ગૌરાંગ માંકડ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ હોઇ તે સંબંધે જે કોઇ વ્યકિતને વાંધો તકરાર તેમને મુદત તારીખ ૧૭/૪/૨૫ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ તારીખ ૧૩ માંહે માર્ચ સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (એચ.આર.ભડલીયા) સીની.કલાર્ક સીની. સીવીલ જજ કોર્ટ, રાજકોટ — કોર્ટનો સીકકો — (એચ.વી.વડેરા) ઇ/ચા. રજીસ્ટ્રાર પ્રિન્સીપલ સીવીલ જજ કોર્ટ, રાજકોટ

**સીવીલ કોર્ટ નોટીસ**

રાજકોટના મહે. માં સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી (શ્રીસાહેબ) ની કોર્ટની દિ.૫.અ.નં. ૫૨૯/૨૦૨૫ ના કામના અરજદારો (૧) શ્રી સવિતાબેન લાલજીભાઈ ડોબરીયા (૨) શ્રી જયદિપભાઈ લાલજીભાઈ ડોબરીયા (૩) શ્રી ભાવિનભાઈ લાલજીભાઈ ડોબરીયા (૪) શ્રી રિમ્પલબેન લાલજીભાઈ ડોબરીયા વા/ઓ કલ્પેશભાઈ મોળપરા (૫) શ્રી નિતલબેન લાલજીભાઈ ડોબરીયા વા/ઓ રિતેશભાઈ ગોંડલીયા રાજકોટવાળાએ તેમના પતિ તથા પિતા ગુજરનાર લાલજીભાઈ મોહનભાઈ ડોબરીયાની માલીકીની સ્થાવર મિલકત કે જે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટ ના તાલુકાના ગામ બેડીના રેવન્યુ સર્વે નં.-૨૫૦ પૈકીના રહેણાંક હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા "ઈન્દ્રપ્રસ્થ-૫" તરીકે ઓઈખાતા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૮૬ ની ખુલ્લી જમીન ચો.મી.આ. ૭૫-૧૪ બરાબર ચો.વા.આ.૮૯-૮૬ ગુજરનાર લાલજીભાઈ મોહનભાઈ ડોબરીયા તથા ભીખાભાઈ નાગજીભાઈ ઝાલાવડીયાએ સંયુકતરીતે સરખે હિસ્સે ધરાવતા હતા તે મિલકત અર્થે હેરશીપ સર્ટીફીકેટ મેળવવા રાજકોટના **એડવોકેટ શ્રી કૃણાલ ડી. સાંગાણી** એડવોકેટ મારફત આ કોર્ટમાં અરજી દાખલ કરેલ છે જે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો કે તકરાર હોય તેમને તા.૧૫/૦૪/૨૦૨૫ ના રોજ સવારે ૧૧ કલાકે લેખીત વાંધા કોર્ટમાં સીલબંધ કવરમાં રજુ કરવાના રહેશે. ત્યારબાદ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

રાજકોટ, તા.૧૦/૦૩/૨૦૨૫

તૈયાર કરનાર (જે.આર.ગઢીયા) સીની. કલાર્ક — કોર્ટનો સિકકો — હુકમથી (સહી : અવાચ્ય) રજીસ્ટ્રાર

પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ, રાજકોટ.

**જાહેર નોટીસ**

આથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ તાલુકાના રાજકોટ શહેરમાં સમાવિષ્ટ કરવામાં આવેલ ગામ નાનામવાના રેવન્યુ સર્વે નં.૬૮ની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૩૦ની દક્ષિણ તરફની જમીન ચો.વા.આ.૪૦૦-૭ બરાબર ચો.મી.આ.૩૩૫-૧૦ પૈકી પ્લોટ નં.૩૦બી/૧ની જમીન ચો.વા.આ.૧૭૨-૫ ઉપર બાંધવામાં આવેલ મકાનવાળી મિલ્કત શ્રીમતી સરોજબેન રમણીકલાલ સેદાણીએ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૩૧૩૯ તા.૨૮-૦૪-૧૯૮૬ (૧ નંબરની બુકના નં. ૩૧૩૯ તા.૦૪-૦૯-૧૯૮૬)થી (૧) સ્વ. બચુભાઈ પાનાચંદ શેઠના વિધવા તથા સ્વ.બચુભાના વીલથી સ્વ.ની મિલ્કતના નિયુક્ત થયેલ માલિક અને અવેજના પચાસ ટકાના હિસ્સેદાર સવિતાબેન બચુભાઈ શેઠ તથા (૨) ડો. શરદ બચુભાઈ શેઠ તથા (૩) શ્રી હિતેન્દ્ર બચુભાઈ શેઠ પાસેથી ખરીદ કરેલ છે. ત્યારથી સદરહુ મિલ્કત શ્રીમતી સરોજબેન રમણીકલાલ સેદાણીની માલીકી, હકક, કબ્જા, ભોગવટાની છે અને સદરહુ મિલ્કત અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય જેથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે,

સદરહું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીસ્સો, દર દાવો, વાંધો તકરાર, લીયન ચાર્જ, ગીરો-બોજો, ટાઈટલ, અગ્રહકક કે કબ્જા બાબતે વાંધો તકરાર હોય તો દિવસ-૮ માં અમોને લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત વિત્યા બાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે હકક હીસ્સો નથી અને હોય તો તે જતો (Waive) કરેલ છે, મુદત વિત્યા બાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકારક રહેશે નહી અને અમારા અસીલ ચુકતે અવેજની રકમ ચુકવી સદરહુ મિલ્કતનો પોતાના જોગનો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી સદરહુ મિલ્કત ખરીદ કરી લેશે જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૧૫/૦૩/૨૦૨૫
સ્થળ. રાજકોટ

અમારા મારફતઃ
- તે અસીલની સુચનાથી

**આશીષ બી.ચાંદરાણી (એડવોકેટ)**
૩૦૮-૩૦૯, ત્રીજો માળ, અમરદીપ કોમ્પલેક્ષ, રજપુતપરા શેરી નં.૨, રાજકોટ. મો.નં.૯૯૯૮૨ ૬૦૬૯૧

**લોન... લોન... લોન...**
પર્સનલ લોન, બીઝનેસ લોન, મોર્ગેજ લોન, હોમ લોન
૮ લાખ સુધીનો ધંધો રોજગાર શરૂ કરવા (સબસીડી વાળી)
રાજવી ફાઈનાન્સ સર્વિસ 91040 44884

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા તથા તમામ આસામીઓને જાણ કરવાની કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમરેલી, સબ-ડીસ્ટ્રીકટ બાબરાના ગામ ઘુઘરાળાના રે.સ.નં.૩૪૪ પૈકી ૧૧ પૈકીની ખેતીલાયક જમીન હે.આ.ચો.મી.૧-૭૧-૯૯, જે શ્રી પરસોતમભાઈ રવજીભાઈ વાસાણી તથા દિલીપભાઈ ભાણાભાઈ પરસાણાની સંયુક્ત માલીકી કબ્જા ભોગવટાની આવેલ છે. સદરહુ મિલ્કત તેઓ પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે. સબબ, આથી લાગતા વળગતા તમામ આસામીઓને જાણ કરવાની કે...

સદરહુ મિલ્કત કે મિલ્કતના ટાઈટલ ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, ગીરો બોજો, અગ્રહકક, લેણુ, જામીનગીરીનો બોજો, ભરણપોષણનો કે વારસાઈ હકક, કબ્જા હકક, બેંક લોન કે અન્ય કોઈ પેઢી સંસ્થાની લોન કે જામીનગીરી હોય કે સદર મિલ્કતનો વેચાણ, વ્યવહાર થાય તો તેની સામે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦માં આ નીચે દર્શાવેલ સરનામે આધાર પુરાવા સાથે લેખિતમાં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નહિં આવે તો સદરહુ મિલ્કત પરત્વે કે તેનાં ટાઈટલ ડીડઝ પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો હકક કે દાવો નથી કે વાંધો તકરાર નથી અને હોય તો તેઓએ તે સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ પોતાના જોગનો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી મિલ્કતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈનાં વાંધા તકરાર મારા અસીલને શુધ્ધ બુધ્ધિનાં ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહિં, જેની લાગતા વળગતાઓએ તેમજ જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા.૧૩/૦૩/૨૦૨૫

અમારા મારફતઃ

એડવોકેટ માહિર ડી. પીપરવા — એડવોકેટ વિદીતા ડી. શાહ — એડવોકેટ ક્રિષ્ના ડી. કીયાડા

ઉત્સવ લો ચેમ્બર, કેનાલ રોડ, રાજકોટ. (મો.નં.૯૦૩૩૦ ૨૮૬૦૬).

# એટલાન્ટિસ બિલ્ડીંગમાં ફાયર એનઓસી ડેડ; કોર્પો.એ બે નોટીસ આપી છે, ફરી ફટકારશે

## ૨૦૧૪ બાદ એનઓસી રીન્યુ ન કરાવવાની બેદરકારી : ઘણા સાધનો કામ કરતા ન હતા : જવાનોએ કાચ તોડી સ્મોક રીલીઝ કર્યો : છઠ્ઠા માળનું એલીવેશન જ જોખમી સાબિત થયું : ચારમાંથી બે વિંગમાં એનઓસી જ નથી ?

રાજકોટ, તા. ૧૫

૧૫૦ ફુટ રીંગ રોડ પર બીગ બાજાર સામે આવેલ એટલાન્ટિસ બિલ્ડીંગમાં ગઇકાલે ધુળેટીના દિવસે સવારે લાગેલી ભીષણ આગથી રાજકોટના હાઇરાઇઝ કોમર્શિયલ બિલ્ડીંગ અને રહેણાંક બિલ્ડીંગમાં સલામતીની વ્યવસ્થા સામે ફરી પ્રશ્નો ઉભા થઇ ગયા છે. આ દરમ્યાન આ બિલ્ડીંગમાં મનપાના ફાયર સહિતના વિભાગોએ કરેલી ચકાસણીમાં આ વૈભવી એપાર્ટમેન્ટમાં ૧૧ વર્ષથી ફાયર એનઓસી રીન્યુ જ નહીં થયાનું બહાર આવ્યું છે. તેના પરથી ફરી આ બિલ્ડીંગને નોટીસ આપવા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

આ બિલ્ડીંગમાં સિલીન્ડર જેવા અમુક સાધનો ચાલુ કંડીશનમાં હતા પરંતુ ઇમરજન્સીમાં જરૂરી એવા કેટલાક સાધનો એકટીવ નહીં હોવાનું પણ ફાયર બ્રિગેડના ધ્યાને આવતા આ સહિતની ચકાસણી શરૂ કરવામાં આવી છે. તે નવી નોટીસની મુદ્દત પૂરી થાય ત્યાં સુધીમાં જો સલામતીના પગલા લેવામાં ન આવે તો કડક કાર્યવાહીના સંકેત પણ આપ્યા છે.

આગની આ ઘટનામાં બહારથી આવેલા ત્રણ લોકોના જીવ ગયા છે. પરંતુ બિલ્ડીંગમાં રહેતા અનેક પરિવારો સલામત રહેતા સૌને રાહત થઇ છે. પરંતુ બિલ્ડીંગમાં છઠ્ઠા માળે જયાં આગ લાગી તે જગ્યાની પ્રાથમિક ચકાસણીમાં અનેક શંકાસ્પદ બાબતો પણ તંત્રને લાગી છે. છતાં અંતિમ તપાસ પોલીસ ચલાવી રહી છે. આ દરમ્યાન ફાયર બ્રિગેડે પોતાના રેકર્ડમાં કરેલી ચકાસણીમાં બિલ્ડીંગ એસો. દ્વારા પણ કેટલીક બેદરકારી દાખવવામાં આવી હોવાનું લાગ્યું છે. આજે મનપાના ઇન્ચાર્જના પણ ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અશોકસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે એટલાન્ટિસ બિલ્ડીંગનું બીયુ અને ફાયર એનઓસી ૨૦૧૩-૧૪માં ઇસ્યુ કરવામાં આવ્યા હતા. ૨૦૧૪ બાદ આ ફાયર એનઓસી રીન્યુ કરાવવામાં આવ્યું નથી. ફાયર સિસ્ટમના ઘણા સાધનો વર્કિંગ કંડીશનમાં ન હતા.

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ કોમર્શિયલ બિલ્ડીંગ સામે કાર્યવાહી કરાઇ હતી. પરંતુ લોકો રહેતા હોય તે રેસીડેન્સ સોસાયટીમાં માત્ર નોટીસ અપાતી હતી અને બિલ્ડીંગ સીલ કરાયા ન હતા. આગ લાગવાનો કોલ ૧૦.૧૭ મીનીટે મળ્યા બાદ પાંચ-છ મીનીટમાં જ ફાયરની ટીમ પહોંચી ગઇ હતી. છઠ્ઠા માળે લોકો ગુંગળાઇ જાય એ હદે ધુમાડો હતો આથી કાચ તોડીને સ્મોક બહાર કાઢવામાં આવ્યો હતો. આથી આગ વધુ ફેલાતી અટકી હતી.

આ બિલ્ડીંગ બન્યા બાદ ફાયર સાધનો સાથે એનઓસી લેવામાં આવી હતી. પરંતુ તે બાદ રીન્યુ કરાવવામાં આવી નથી. થોડા સમય પહેલા રીન્યુ માટે અરજી કરાયાનું જાણવા મળ્યું હતું. પરંતુ બિલ્ડીંગમાં ફાયર સેફટી સાધનોની એકટીવ હાલતથી મનપા તંત્રને સંતોષ થયો નથી. આથી નવેસરથી નોટીસ આપવાની તજવીજ ચાલી રહી છે. આ બિલ્ડીંગમાં કુલ ચાર વિંગ રહેલી છે. આથી તમામ વિંગમાં સાધનો કે ફાયર એનઓસી કઇ રીતે મુકવામાં આવ્યા છે તેની પણ તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

બીજી તરફ છઠ્ઠા માળે જયાં આગ લાગી તે બે ફલેટ વચ્ચેના પેસેજમાં રહેલા વાયરીંગની સ્થિતિ પણ તંત્રને સલામત લાગી નથી. આ વાયરીંગ ઉપર જ વુડન અને ગ્લાસ એલીવેશન સહિતનું ડેકોરેશન હતું. આથી વાયરીંગ સાથે આ તમામ ભાગ આગની જવાળામાં લપેટમાં આવી ગયો હતો. ટીપી શાખા પાસેથી પણ બિલ્ડીંગ યુઝ પરમીશન સહિતની વિગતો, મંજૂર પ્લાન, કમ્પલીશન અને હાલના બાંધકામની સ્થિતિ અંગે પણ ચકાસણી કરવામાં આવી રહી છે.

## એટલાન્ટિસમાં મૃત્યુ પામેલા ત્રણે યુવાનોના પરિવારજનોને ૪-૪ લાખની સહાય : કલેકટરની દરખાસ્ત



રાજકોટ, તા. ૧૫

શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ એટલાન્ટિસ બિલ્ડીંગમાં ઘટેલી આગની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ત્રણે યુવાનોના પરિવારજનોને રૂા.૪-૪ લાખની સહાય મુખ્યમંત્રીના ફંડમાંથી આપવા માટે જિલ્લા કલેકટર તંત્ર દ્વારા પ્રયાસો શરૂ થયા છે. આ અંગે કલેકટર તંત્ર દ્વારા રાજય સરકારમાં દરખાસ્ત મોકલવામાં આવશે.

અહીં ઉલ્લેખનીય છે શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ એટલાન્ટિસ બિલ્ડીંગમાં ધુળેટીના દિવસે જ ઘટેલી આગની દુર્ઘટનામાં અજય ખીમજીભાઇ મકવાણા (સ્વીગી ડિલેવરીમેન), કલ્પેશ પીઠાભાઇ લેવા (બ્લીનકીટના ડીલેવરી બોય) તથા મયુર વિનુભાઇ લેવા નામના ત્રણ યુવાનો આગની લપેટમાં આવી જતા તેઓના મોત નિપજેલ હતા.

આ ત્રણે મૃત્યુ પામેલા યુવાનોના પરિવારજનોને મુખ્યમંત્રીના ફંડમાંથી રૂા. ૪-૪ લાખની સહાય પૂરી પાડવા માટે કલેકટર તંત્ર દ્વારા આ ત્રણે મરનાર યુવાનોના પીએમ રીપોર્ટ મંગાવવામાં આવેલ છે. એવું જાણવા મળેલ છે કે સ્વીગી દ્વારા મૃતક અજયના પરિવારને પણ રૂા. ૧ લાખની સહાય કરવામાં આવી છે.

## ઘટના કરૂણ છતાં મોટી ઘાત ટળી : ફાયર બ્રિગેડ જવાનોએ આગ સાથે બાથ ભીડી..

### ઘણાને ટીઆરપી ગેમ ઝોન યાદ આવી ગયો : સૌ પહેલા ડે.મેયર નરેન્દ્રસિંહ પહોંચ્યા

રાજકોટ, તા. ૧૫

શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા એટલાન્ટિસ બિલ્ડીંગમાં ગઇકાલે ધુળેટીના દિવસે સવારે લાગેલી ભીષણ આગની ઘટનાએ હાઇરાઇઝ બિલ્ડીંગમાં રહેતા કે વ્યવસાય કરતા લોકોમાં ચિંતા ફેલાવી છે. આ દરમ્યાન ગઇકાલની ઘટનામાં ત્રણ લોકોના મૃત્યુ તો થયા, પરંતુ બાકીના લોકો અને બિલ્ડીંગ સલામત રહ્યા તે પણ એક મોટી ઘાત ટળવા સમાન ગણી શકાય તેવું નજરે જોનારા લોકો કહે છે.

આ બિલ્ડીંગમાં આગની ઘટના જોઇને રસ્તેથી પસાર થતા અને આજુબાજુના બિલ્ડીંગમાં રહેતા લોકોને ટીઆરપી ગેમઝોન યાદ આવી ગયો હતો. બનાવની જાણ થતા થોડી મીનીટોમાં જ ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા (ટીકુભા) સ્થળ પર પહોંચી ગયા હતા. તેમણે ફાયર બ્રિગેડને બિલ્ડીંગમાં જવાથી માંડી કરવાની કામગીરીમાં તમામ મદદ કરી હતી. આ બાદ પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ભરત બોઘરા પણ પહોંચી ગયા હતા. ફાયર બ્રિગેડે કાબિલેદાદ કામગીરી કરી હતી અને બિલ્ડીંગમાં રહેતા લોકોના જીવ જાનના જોખમે બચાવ્યા હતા.

### એટલાન્ટિસ એપા.માં લાગેલી આગ ભેદભરમ ભરેલી: પોલીસ ભેદ ઉકેલી શકશે?

# ત્રણેય યુવકો-યુવતી સાથે લીફટમાં ગયા: છઠ્ઠા માળે પહોંચતા દરવાજો ખુલ્યો અને યુવાનો આગમાં ભુંજાયા

### સીકયુરીટી ગાર્ડ પાસે રહેલ રજીસ્ટરમાં બે ડીલેવરી બોયની અને એક યુવતીની એન્ટ્રી મળી: ત્રણેય યુવકો બચવા માટે દોડયા પણ વિકરાળ આગમાં બચી ન શકયા: લીફટનો દરવાજો બંધ થઈ જતા યુવતી આઠમાં માળે પહોંચી ગઈ: પોલીસ સૂત્રો

રાજકોટ તા.૧૫

૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ હાઈપ્રોફાઈલ એટલાન્ટિસ બિલ્ડીંગમાં લાગેલી આગમાં નવો ખુલાસો સામે આવ્યો છે. જેમાં મૃતક યુવાનો અને યુવતી સાથે જ લીફટમાં જતા હતા અને છઠ્ઠા માળે પહોંચતા દરવાજો ખુલતા જ ત્રણેય યુવાનો આગમાં ભૂંજાઈ ગયા હતા. જયારે લીફટનો દરવાજો બંધ થઈ જતા યુવતી આઠમાં માળે પહોંચી જતા તેનો બચાવ થયો હોવાનું સામે આવી રહ્યું છે.

ટીઆરપી આગકાંડના લબકારા હજુ બુઝયા નથી ત્યાં જ ૧૫૦ ફુટ રીંગ રોડ પર બીગબજારની સામે આવેલ હાઈપ્રોફાઈલ એટલાન્ટિસ બિલ્ડીંગમાં લાગેલી આગમાં 'સાંજ સમાચાર' ઘટનાના ગ્રાઉન્ડ પર પહોંચ્યું હતું. તેમજ તપાસ કરતા પોલીસ સુત્રોએ પ્રાથમિક મોટો ખુલાસો કર્યો હતો. જેમાં બિલ્ડીંગના મુખ્ય દરવાજે આવેલ સીકયુરીટી ગાર્ડની ઓફીસમાં રહેતા બિલ્ડીંગમાં અંદર આવવા જવા માટેના નોંધણી રજીસ્ટરમાં તપાસ કરતા એક સ્વીગી બોય અને એક બ્લીન્કીટ બોયની નોંધણી તેમજ તેમની સાથે એક ગયેલ યુવતીની નોંધણી કરેલ હતી. તેમજ મૃતક કલ્પેશની સાથે રહેલ તેના પીતરાય મયુરની નોંધણી કરેલ ન હોવાનું પણ સામે આવ્યું હતું.







જે બાદ સુત્રોના જણાવ્યા અનુસાર ત્રણેય યુવકો અને યુવતી એક સાથે ડી વિંગની લીફટમાં ગયેલ હતા. જે બાદ પ્રાથમિક તારણ બાદ છઠ્ઠામાળે પહોંચતા જ અટકી ગઈ અને દરવાજો ખુલતા જ ત્યાં લાગેલી વિકરાળ આગની જવાળા લીફટમાં રહેલ યુવાનો સુધી પહોંચતા ત્રણેય યુવાનોએ દોટ મુકી હતી. અને આગની જવાળામાં ભડથુ થઈ ગયા હતા. જયારે યુવતી અર્ધબેભાન જેવી થઈ ગઈ હતી જેથી તે ભાગી શકી ન હતી અને લીફટનો દરવાજો બંધ થઈ જતા તે આઠમા માળે પહોંચી ગઈ હતી અને તેમનો બચાવ થઈ ગયો હતો.

### લીફટ છઠ્ઠા માળે જ કેમ ઉભી રહી? સળગતો પ્રશ્ન

રાજકોટ તા.૧૫

એટલાન્ટિસ બિલ્ડીંગમાં લાગેલી આગ ભેદભરમ વાળી બની ગઈ છે. બનાવ મામલે ચોતરફથી અલગ અલગ એન્ગલ સામે આવી રહ્યા છે ત્યારે પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર લીફટ છઠ્ઠામાળે ઉભી રહેતા ત્રણેય યુવાનો આગમાં ભૂંજાયા હોવાનું સામે આવ્યું છે. જયારે લીફટ છઠ્ઠા માળે જ કેમ ઉભી રહી? તેમજ ત્રણેય યુવાનો અને યુવતી સાથે જઈ રહ્યા હતા તો યુવતી ત્યાં શું કામે જઈ રહી હતી? તેમજ આગની ઘટના બન્યા પછી લીફટ સામાન્ય રીતે બંધ થઈ જતી હોય છે ત્યારે છઠ્ઠામાળેથી આઠમા માળે કઈ રીતે પહોંચી હતી? જે તમામ સળગતા પ્રશ્નનું પોલીસ નિરાકરણ લાવી શકશે કે આગની સાથે તે પણ ભૂંજાય જશે.

### ઘટના સ્થળેથી કેમીકલના ડબલા પણ મળ્યા: કોની બેદરકારી?

એટલાન્ટિસ બિલ્ડીંગમાં આગની ઘટના બાદ 'સાંજ સમાચાર'ની ટીમ ગ્રાઉન્ડ પર પહોંચી હતી. જયાં તપાસ કરતા ફલેકસીબલ કેમીકલના પાંચેક ડબલા મળી આવ્યા હતા. જે આગની ઘટના પ્રાથમીક તારણોનુસાર ઈલે. સ્પાર્કીંગથી થયાનું સામે આવી રહ્યું છે ત્યારે આગમી ઘટના ઘટયા બાદ ત્યાં પડેલા કેમીકલના ડબલામાં રહેલ કેમીકલથી આગ વધુ પ્રસરી હોય અને આજુબાજુના ફર્નીચરને ઝપટે લેતા આ આખા માળમાં ફેલાઈ ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે ફલેકસીબલ કેમીકલ મોટે ભાગે વુડન પેઈન્ટ, ફર્નીચર પેઈન્ટમાં ઉપયોગમાં લેવાતું હોય છે. જે જવલનશીલ પદાર્થ કહેવાય છે. જેમનાથી આગ વિકરાળ સ્વરૂપ સેકન્ડોમાં પકડી લેતી હોય છે.

## વિજ કંપનીનો કોઈ ફોલ્ટ નથી: PGVCLની તપાસમાં 'સબ સલામત'

### કેબલ-પેનલ સહિતના વિજ કંપનીનાં ઉપકરણોમાં કાંઈ ક્ષતિ ન હતી: ટીમે ૫-૬ કલાક તપાસ કરી

રાજકોટ તા.૧૫

રાજકોટના અત્યંત વૈભવી રેસીડેન્સીયલ બિલ્ડીંગ એટલાન્ટીસમાં લાગેલી આગની ઘટનામાં હજુ ચોકકસ કારણ વિશે સસ્પેન્સ છે. ત્યારે વિજતંત્ર દ્વારા કરાયેલી તપાસમાં પીજીવીસીએલનો કોઈ ફોલ્ટ ન હોવાનો રિપોર્ટ કરવામાં આવ્યો છે. વિજતંત્રની તપાસ ટીમ દ્વારા પાંચેક કલાક ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું.



પીજીવીસીએલના સુત્રોએ કહ્યુ કે આગની ઘટનાની જાણ થતા જ અધિકારીઓનાં કાફલાને દોડાવવામાં આવ્યો હતો. સોસાયટીના તંત્રએ જ તૂર્ત વિજલાઈન બંધ કરી દીધી હતી. વિજતંત્રના સ્ટાફે પહોંચીને સમગ્ર સબ સ્ટેશનની લાઈન બંધ કરી દેવામાં આવી હતી.

પીજીવીસીએલનાં એકઝીકયુટીવ ઈજનેર તપન વોરા, ડેપ્યુટી ઈજનેર લશ્કરી, લીંબાસીયા ઉપરાંત અન્ય લાઈન સ્ટાફ સહિત ડઝન જેટલા અધિકારી-કર્મચારીઓએ સતત પાંચ-છ કલાક ઈન્સ્પેકશન-તપાસ કરી હતી. વિજતંત્રના તમામ કેબલ-મીટર સહિતના ઉપકરણો ચકાસવામાં આવ્યા હતા તેમાં કોઈ ફોલ્ટ કે ક્ષતિ માલુમ પડી હતી.

સુત્રોએ કહ્યુ કે વિજતંત્રની જવાબદારી મીટર સુધીની હોય છે. આગ બિલ્ડીંગનાં ૬ઠા માળના પેસેજમાં લાગી હતી. જોકે વિજતંત્ર દ્વારા ૬ઠા માળે આગના સ્થળનું નિરિક્ષણ કરીને ત્યાં પણ તપાસ કરવામાં આવી હતી. મીટર પછી બિલ્ડીંગમાં ઈમારતનો વિજ વાયરીંગ લોડ ખાનગી સર્વીસ હોય છે. શોર્ટ સર્કીટનું કોઈ સ્પષ્ટ તારણ નિકળી શકયુ ન હતું. છતાં તેમાં પીજીવીસીએલનો કોઈ ફોલ્ટ ન હોવાનો ઉચ્ચ સ્તરે રીપોર્ટ કરી દેવાયો હતો.

## ફાયરબ્રિગેડના પર જવાનોએ દોઢ કલાક જહેમત ઉઠાવી, પાંચ મીનીટમાં પહોંચ્યા, તમામ સાધનો કામે લગાડયા

### રેસ્કયુ ઓપરેશનમાં ચાર ફાયર ટેન્કર, એક હાઈડ્રોલીક પ્લેટફોર્મ, ચાર એમ્બ્યુલન્સ, બે મીની ફાયર બોલેરો જોડાયા હતા

રાજકોટ તા.૧૫

ગઈકાલે એટલાન્ટિસ બિલ્ડીંગમાં લાગેલી આગના બનાવમાં ફાયરબ્રિગેડે ભારે જહેમત ઉઠાવી હતી. જેમાં ફાયરબ્રિગેડના બાવન જવાનોએ દોઢ કલાક જહેમત ઉઠાવી હતી. ફાયરની પહેલી ગાડી પાંચ મીનીટમાં પહોંચી ગઈ હતી. આ ઉપરાંત તમામ સાધન-સામગ્રીનો ઉપયોગ થયો હતો.

બનાવ બન્યો તે સાથે જ ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફીસર ઝાલા, એસટીઓ મકવાણા, લુવાણી, ગઢવી, મઠીયા, ઉપરાંત સંજયભાઈ મકવાણા, મહિપતભાઈ, આસીફભાઈ મલેક, મનોજભાઈ સીતાપરા, નરોતમ વડે, વાસુદેવભાઈ, પ્રદીપભાઈ, રાજપાલસિંહ, સાગરભાઈ સામળા, ભાવેશ ગાગીયા, પ્રવીણ ચરાણીયા, સામળભાઈ બાંભવા, ધ્રુવભાઈ ત્રિવેદી, સંજયભાઈ જાદવ, વિનોદભાઈ મકવાણા, સંજયભાઈ માંગેલા, અજયભાઈ મેટાલીયા, અવિનાશભાઈ માધડ, સુનીલભાઈ ચૌધરી, ભાર્ગવભાઈ જાની, હિરેનભાઈ સૌંદરવા, રૂતુરાજસિંહ ભાડલીયા, વિકાસ મેટાલીયા, યશપાલ ચૌચા, વિજય મકવાણા, વિજય નીનામા, વીરપાલસિંહ નકુમ, રોહિત કટારા, અક્ષય વડેખણીયા, ધર્મરાજસિંહ, હરીશ્ચંદ્રસિંહ, વનરાજસિંહ, નરેન્દ્રસિહ, નરેશ રંગાણી, સંજય ગોહિલ, ઓ. બાબુભાઈ ચાચીયા, દિવ્યરાજસિંહ, ડ્રા. ગોવિંદભાઈ દેગામા, હરેશભાઈ યાજ્ઞિક, સંજય મઠીયા, હરવિજયસિંહ, સિકંદર હમદાર, મનદીપસિંહ, સુમીતસિંહ, ધન્જંય ટાપરીયા, યોગીરાજ કમેજલીયા, ઓ.ધવલ સોઢા, જયકુમાર વાળા, પીયુષ વાડલીયા, રાજેશ બારૈયા, હસ્તદીપસિંહ ગોહેલ, નીતીન જોલીયા, સંજય બેરા, શકિતસિંહ, હાર્દિક વાઘેલા, રાજદીપસિંહ ઝાલા, જયદીપસિંહ વાળા, ધ્રુવિલસિંહ, મનસુખ વડેખણીયા, શકિતસિંહ સહિતના ફાયર ઓફીસરો અને કર્મચારીઓ આગ બુઝાવાની કામગીરીમાં લાગી ગયા હતા.

## બપોરે આવી જઈશ, સાથે જમીશું એમ કહ્યું હતું, પણ મને કયાં ખબર હતી કે તેમની બપોર આવી હશે : અજય મકવાણાની પત્ની ભાંગી પડી

રાજકોટ,તા.૧૫

સ્વિગીના ડિલિવરીમેન અજયભાઈ બિલ્ડિંગમાં પાર્સલ ડિલિવરી કરવા ગયાને આગની ચપેટમાં આવી જતા મોત નીપજ્યું. અને છેલ્લે પત્ની અને સાડા ત્રણ વર્ષની દીકરીને રડતાં છોડી ગયાં.

પાર્સલ ડિલિવરી કરવા ગયા ને આગની ચપેટમાં આવી ગયા. આ દુર્ઘટનામાં મૃતક અજયભાઇ ખીમજીભાઈ મકવાણા (ઉ.વ.૩૧) રાજકોટમાં વીર સાવરકર નગરમાં રહેતા હતા અને સ્વિગીમાં નોકરી કરતા હતા. તેઓ દુર્ઘટનાગ્રસ્ત બિલ્ડિંગમાં પાર્સલ ડિલિવરી કરવા ગયા ને આગની ચપેટમાં આવી જતા મોત નીપજયું હતું. મૃતક અજયભાઈને સંતાનમાં એક ૩.૫ વર્ષની દીકરી છે જેનું નામ દિશા છે અને પરિવારમાં તે બે ભાઈમાં મોટા હતા.



ઘટનાની જાણ થતાં પત્ની સહિત પરિવાર તાત્કાલિક હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પતિના સમાચાર સાંભળીને પત્ની ભાંગી પડી હતી. પત્નીએ રડતાં રડતાં કહ્યુ કે મેં આજે તહેવાર માટે રજા રાખવાનું કહ્યું હતું પરંતુ તેઓએ રજા ન રાખી અને બપોરે આવી જઈશ સાથે જમીશું એમ કહ્યુ હતું. મને કયાં ખબર હતી કે તેમની બપોર આવી હશે.





તસ્વીર: પંકજ શિશાંગીયા

## કેનાલ રોડના ભૂતખાના ચોક પાસે આવેલ બંધ વંડામાં આગ ભભૂકી: જાનહાનિ નહીં

### પેટ્રોલ પંપથી માત્ર ૧૦૦ મીટરના અંતરે બનેલો બનાવ, ડેલાનું તાળું તોડવું પડયું: ફાયર બ્રિગેડની તાત્કાલિક કામગીરીથી મોટી દુર્ઘટના ટળી

રાજકોટ, તા.૧૫

રાજકોટમા આગની ઘટના હજુ ચાલુ છે. ગઈકાલે બિલ્ડીંગમા આગ લાગ્યા બાદ આજે કેનાલ રોડના ભૂત ખાના ચોક પાસે આવેલ ખુલ્લા પ્લોટમાં આગ લાગી હતી.બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અને આગને કાબુમાં મેળવ્યો હતો.

આજે ફરી શહેરમાં આગની ઘટના બની હતી. કેનાલ રોડ પાસે વર્ષો થી બંધ પ્લોટમાં આગ લાગી હતી. ખુલ્લા પ્લોટમાં ઝાડ અને ઘાસ હોવાથી આગ થોડી વારમાં વિકરાળ બની હતી લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડની ટીમને જાણ કરતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પ્લોટમાં જવાના રસ્તે દરવાજો હતો અને તેમાં તાળું મારેલું હતી.જેને ભારે જહેમત બાદ ફાયર બ્રિગેડની ટીમે તાળું તોડી પાડચુ હતુ. અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. પ્લોટમાં ઘાસ હોવાથી આગ ફેલાવવા લાગી હતી. પરંતુ ફાયર બ્રિગેડની ટીમની સજાગ કામગીરીને કારણે આગ પર કાબુ મેળવ્યો હતો. જેમાં એક ઝાડ અને ઘાસ બળી ખાખ થઈ ગયું હતું.

પ્લોટની બાજુમાં રહેણાંક બિલ્ડીંગો આવેલી છે. જો ફાયર બ્રિગેડની ટીમ દ્વારા સમયસર કામગીરી કરવામાં નો આવી હોત તો આગ ફેલાઈને બિલ્ડીંગ સુધી પહોંચત અને મોટી ઘટના પરિણમી હોત. હાલ આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. અને કોઈ જાનહાનિ થઈ નથી. આગ લાગવાનું કારણ અકબંધ છે.

## અગ્નિકાંડ

(પહેલા પાનાનું ચાલું)

આગ લાગ્યા બાદ નિર્મલા રોડ ફાયર સ્ટેશનથી ફાયર સ્ટાફ ફાયર ફાયટર તથા એક એમ્બ્યુલન્સ રેસ્કયુ ટીમ સાથે રવાના થયેલ. ટીમ આશરે ૫ મીનીટમાં બનાવ સ્થળે પહોંચી ગઈ હતી.

આગ બુજાવાની તથા બનાવ સ્થળ પર ફસાયેલ લોકોને રેસ્કયુ કરવાની કામગીરી હાથ ધરેલ. આગનું રૂપ વિકરાળ હોવાનું અને લોકો ઉપરના માળમાં ફસાતા વધુ જરૂરીયાત જણાતા મવડી ફાયર સ્ટેશનથી વોટર બાઉઝર સ્ટાફ સાથે રવાના કરવામાં આવેલ. આ તરફ ચીક ફાયર ઓફિસર એ. બી ઝાલા તાત્કાલીક ઘટના સ્થળ પર હાજર થયેલ. સ્થિતિની ગંભીરતા જાણી રામાપીર ફાયર સ્ટેશન, મવડી ફાયર સ્ટેશનથી વધુ ટીમો બોલાવાઈ હતી. સ્ટેશન ઓફિસર એલ. ડી. મઠીયા, કનક રોડ સ્ટેશન ઓફિસર જુણેજા વગેરે પણ બનાવ સ્થળ પર પહોંચેલ. તાત્કાલીક મવડી ફાયર સ્ટેશનની હાઇડ્રોલીક પ્લેટ ફોર્મ રવાના કરેલ. બનાવ સ્થળ પર એમ્બ્યુલન્સની જરૂરીયાત જણાતા તાત્કાલીક રામદેવ પીર ફાયર સ્ટેશનથી એમ્બ્યુલન્સ રવાના કરેલ. બનાવ સ્થળ પર રેસ્કયુ ઓપરેશનમાં ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ શાખાના કુલ ૪ ફાયર ટેન્ડર, ૧ હાઇડ્રોલીક પ્લેટ ફોર્મ, ૪. એમ્બ્યુલન્સ. ડીઆર મીની ફાયર બુલેરો, વાહનો તથા ઇ.ચા.ચીફ ફાયર ઓફિસર, ૫ સ્ટેશન ઓફિસર, ૪૬ કાયર કર્મચારી આમ કુલ પર સ્ટાફ કર્મચારીઓ આ ઓપરેશનમાં જોડાયેલ હતા.









મૃતકનો ફાઈલ ફોટો, ઘટના સ્થળે પડેલ મૃતક અને હોસ્પિટલમાં એકત્ર થયેલ પરિવારજનો (તસવીર : પંકજ શીશાંગીયા)

# પારડીમાં યુવાનને છરીના ૧૧ ઘા ઝીંકી હત્યા : પત્નીના પૂર્વ પ્રેમી પર શંકા

### શાપર પોલીસ, ગ્રામ્ય એલસીબી સહિતનો સ્ટાફ દોડી ગયો, હત્યારાની શોધખોળ

### કણકોટના રવિ મકવાણાએ બે મહિના પહેલા જ પારડીની પૂજા સાથે લવ મેરેજ કર્યાં હતા, રાતે ૧.૩૦ વાગ્યે પારડી પુલ પાસેથી લાશ મળી

રાજકોટ, તા. ૧૫

રાજકોટની ભાગોળે પારડી ગામે ગઈકાલે ખૂની ખેલ ખેલાયો હતો. યુવાનને ધારદાર છરી જેવા હથિયારના ૧૧ ઘા મારી હત્યા નીપજવવમાં આવી હતી. જેને પગલે શાપર પોલીસની ટીમ અને ગ્રામ્ય એલસીબીની ટીમો દોડી ગઈ હતી. મૃતકનું નામ રવિ દિલીપભાઈ મકવાણા (ઉ.વ.૨૮, રહે. હાલ પારડી, મૂળ કણકોટ) છે. જેના હજુ બે મહિના પહેલા જ લવ મેરેજ થયા હતા. પત્નીના પૂર્વ પ્રેમીએ હત્યાને અંજામ આપ્યો હોવાની શંકા પરિવારે દર્શાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**પરિવારે શકમંદનું દિલીપ ડાંગર નામ આપ્યું છે**

આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, પરિવારની પુછપરચછમાં જાણવા મળેલ કે, રવિની પત્નીના અગાઉ લગ્ન થયા પછી અન્ય યુવક સાથે મિત્રતા હતી. જે પછી તેણે રવિ સાથે લવ મેરેજ કર્યાં હતા. આ પછી પૂર્વ પ્રેમીને ખાર હતો કે, તેની પાસેથી યુવતીને રવિએ છીનવી લીધી. આ મનદુઃખમાં ખૂની ખેલ ખેલાયો હોવાનું જાણવા મળ્યું છે. પરિવારે શકમંદનું ના દિલીપ ડાંગર નામ આપ્યું છે. જેને રાજકોટ રૂરલ એલસીબી સહિતની ટીમો શોધી રહી છે.

બનાવની વિગત અનુસાર રાજકોટમાં કાલાવડ રોડ પર આવેલા કણકોટના મુળ વતની અને બે મહિના પહેલા પારડી ગામની યુવતી સાથે લવમેરેજ કરી હાલ પારડીમાં જ રહેતા રવિની ગઈકાલે મોડી રાતે ૧ વાગ્યાં આસપાસ પારડીના પૂલ પાસેથી લાશ મળી હતી. તેને છરી જેવા કોઈ ધારદાર હથિયારના ઘા ઝીંકાયા હતા. લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. શાપર પોલીસે તપાસ શરૂ કરી હતી. મૃતકના માતાપિતા હાલ કણકોટની એકલવ્ય સોસાયટી મફતીયાપરામાં રહે છે. પિતા દિલીપભાઈ હીરાભાઈ મકવાણા સિક્યુરિટી ગાર્ડ છે. મૃતકના માતા અને સંબંધીઓએ જણાવ્યા મુજબ, રવિના માતા હંસાબેનને ગઈકાલે રાતે ૩.૩૦ વાગ્યે ફોન આવેલો કે, રવિનો અકસ્માત થતા રાજકોટ સિવિલ હોસ્પિટલ લઈ ગયા છે. પોલીસનો આવો ફોન આવતા બધા સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. જ્યાં રવિનો મૃતદેહ જોઈ માતાએ હૈયા ફાટ રુદન કર્યું હતું. જાણવા મળ્યાં મુજબ, રવિ હાલમાં પારડી ગામે રૂમ ભાડે રાખી પત્ની પૂજા ઉર્ફે પૂનમ સાથે રહેતો હતો., રવિ બે બહેનનો એકનો એક મોટો ભાઈ હતો. અગાઉ છુટક મજૂરી કરતો હતો. પારડીની પૂજા ઉર્ફે પૂનમ સાથે પ્રેમ થઇ જતાં બંનેએ લવ મેરેજ કર્યાં હતાં. પોલીસે હત્યા અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## રાજકોટમાં ધુળેટીના રંગોની ઉજવણી વચ્ચે કરૂણ ઘટના બની

# આગમાં ભડથું થયેલ કલ્પેશના ૧ મહિના પહેલા જ લગ્ન થયેલા, અજયને ૪ વર્ષની દીકરી છે

રાજકોટ, તા.૧૫

રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર એટલાન્ટિસ બિલ્ડીંગમાં ગઈકાલે આગ લાગી હતી. જેમાં ત્રણ યુવાનના મોત થયા હતા. રાજકોટમાં ધુળેટીના રંગોની ઉજવણી વચ્ચે કરૂણ ઘટના બની હતી. આગમાં ભડથું થયેલ કલ્પેશ લેવાના ૧ મહિના પહેલા જ લગ્ન થયા હતા. જ્યારે અજયને ૪ વર્ષની દીકરી છે. અજય બપોરે માતા-પિતાના ઘરે જઈ સાથે જમીશું તેમ પોતાની પત્નીને કહીંને ઘરેથી નીકળ્યો હતો. પણ ઘરે તેનો મૃતદેહ પહોંચતા ગમગીની છવાઈ હતી. મૃતકોના પરિવારજનોનું હૈયા ફાટ રુદન જોઈ પથ્થર દિલ પણ પીગળી હાય તેવા દ્રશ્યો જોવા મળેલા. સિવિલ હોસ્પિટલમાં હતભાગીઓના પરિવારજનો અને સંબંધીઓ દોડી આવ્યા હતા.

સૂત્રોએ જણાવ્યું કે, અજય સ્વીગીમાં નોકરી કરતો પોતે પત્ની અને પુત્રી સાથે વીર સાવરકર ટાઉનશીપમાં રહેતો. તેના માતા પિતા ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટરમાં રહે છે. અજય ૩ દિવસ ડે નાઈટ ડ્યુટી પર હતો. જેના તેને ૬૦૦૦ વધારાના મળવાના હતા. આગલા દિવસે રાતે ૧૨ વાગ્યે નોકરી પરથી પરત ઘરે આવ્યો હતો. સવારે વહેલા જાગી પરત નોકરી પર લાગી ગયો હતો. ઘરેથી નીકળથી વખતે તે પત્નીને કહેતો ગયો હતો કે, બપોરે હું આવી જઈશ. ઘંટેશ્વર ૨૫ વારીયા ખાતેના ઘરે જઈ બધા સાથે જમીશું. જોકે બાદમાં તેના મૃત્યુના સમાચાર મળતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો. અજય બે ભાઈ એક બહેનમાં વચેટ હતો. નાનો ભાઈ રીક્ષા ચલાવે છે. પિતા બીમાર હોવાથી અજય પરિવારનો આધાર સ્તંભ હતો.













**મૃતકોના પરિવારજનોનું હૈયાફાટ રૂદન : સિવિલ હોસ્પિટલમાં હતભાગીઓના પરિવારજનો અને સંબંધીઓ દોડી આવ્યા**

**અજય બપોરે માતા-પિતાના ઘરે જઈ સાથે જમીશું તેમ પોતાની પત્નીને કહીંને ઘરેથી નીકળ્યો હતો, પણ ઘરે તેનો મૃતદેહ પહોંચતા ગમગીની છવાઈ**

## પ્રાથમિક અહેવાલથી વિપરીત માહિતી સામે આવી

# અમારા ફ્લેટમાં છેલ્લા બે દિવસથી કામ બંધ હતું, શોર્ટસર્કિટ લોબીમાં થયું અને આગ લાગી : અનુપ ભાલાળા







**'સાંજ સમાચાર' સાથે વાતચીતમાં ફ્લેટના માલિક અનુપ કિશોરભાઈ ભાલાળાએ જણાવી મહત્વની વાત**

રાજકોટ,તા.૧૫

ગઈકાલે શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બિગ બજાર સામે આવેલ એટલાન્ટિસ બિલ્ડિંગમાં ડી વિંગમાં છઠ્ઠા માળે સવારે ૧૦.૧૫ કલાકે ભીષણ આગ લાગી હતી. આ આગમાં ત્રણ લોકોના મૃત્યુ થયા છે. પ્રાથમિક રિપોર્ટ પ્રમાણે એવો અહેવાલ સામે આવી રહ્યો હતો કે છઠ્ઠા માળે ફ્લેટમાં ફર્નિચર કામ ચાલી રહ્યું હતું અને આગ લાગી. પરંતુ સાંજ સમાચાર દ્વારા ફ્લેટ માલિકનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને હકીકત જાણી હતી.

આ ફ્લેટ પહેલા તો રાજકોટના જાણીતા ડોક્ટર પ્રફુલભાઈ કમાણીના પરિવારનો હતો જે ઉદ્યોગપતિ કિશોરભાઈ ભાલાળાએ બે વર્ષ પેહલા ખરીધ્યો હતો. ત્યારબાદ આ ફ્લેટનું ઇન્ટિરિયર કામ ચાલી રહ્યું હતું. પરંતુ હાલમાં કિશોરભાઈ ભાલાળાનું અવસાન થતા વચ્ચે બે મહિના જેવા સમય માટે કામ બંધ રહ્યું હતું. ગઈકાલે ધૂળેટીના તહેવાર નિમિતે છેલ્લા બે દિવસથી કામ બંધ હતું તેવું સ્વ.કિશોરભાઈના પુત્ર અનુપભાઈએ સાંજ સમાચાર ને જણાવ્યું હતું. તો પછી આગ કેવી રીતે લાગી ? તે જાણવા જેવું રહ્યું. આ સાથે અનુપભાઈએ જણાવ્યું કે તેમના બન્ને ફ્લેટમાં એક ટકાનું નુકશાન નથી થયું. તેને કહ્યું કે જો આગ તેમના ફ્લેટમાં લાગી હોય તો ફ્લેટમાં ભારે નુકશાન થયું હોત પરંતુ હાલ એમના ફ્લેટમાં કોઈ પ્રકારનું નુકશાન થયું નથી.

## દાઝી ગયેલ કવિતાની તબિયત સ્થિર







રાજકોટ :

એટલાન્ટિસ બિલ્ડીંગમાં આગ લાગતા કવિતા દરજી (ઉં.વ ૧૫) દાઝી ગઈ હતી. તેને તત્કાલ સિવિલ હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાં દાખલ કરાઈ હતી. તેના માતા, પિતા, મામાં સહિતના દોડી આવ્યા હતા. કવિતા તેના પરિવાર સાથે બિલ્ડીંગના જુદા જુદા ફ્લેટમાં ઘરકામ કરવા જાય છે. તેમના માતા અન્ય વીંગમાં કામ કરતા હતા. કવિતા ડી. વિંગમાં તેના પરિવારના અન્ય કોઈ મહિલા કામ કરે છે તેની પાસે જતી હતી. દરમ્યાન આગના લબકારા તેને અડી ગયા હતા. શરીરે થોડી દાઝી હતી અને ધુમાડાના કારણે તેને ગુંગણાંમણ થયુ હતું. બાદ હાલ તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળે છે. કવિતાનો પરિવાર મૂળ નેપાળી છે.

## કોઈ ફાર્મ હાઉસમાં, કોઈ સંબંધીઓને ત્યાં તો કોઈક તેના બીજા ફ્લેટ-મકાનમાં શિફ્ટ થયા

રાજકોટ,તા.૧૫ : ગઈકાલે શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર બિગ બજાર સામે આવેલ એટલાન્ટિસ બિલ્ડિંગમાં છઠ્ઠા માળે ભીષણ આગ લાગી હતી. આ આગને કારણે ૩૫ થી વધુ લોકોના રેસ્ક્યુ કરાયા હતા. આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાથી આખા બિલ્ડિંગમાં પાવર કનેક્શન બંધ કરી દેવામાં આવ્યું હતું. આ કારણોસર આખા બિલ્ડિંગમાં અંધારપટ થઈ ગયું હતું, જેને કારણે તમામ ફ્લેટધારકો અન્ય જગ્યાએ શિફ્ટ થઈ ગયા હતા. કોઈક ફાર્મહાઉસમાં, તો કોઈક તેમના સંબંધીઓની સાથે, તો કોઈ અન્ય તેમના જૂના ફ્લેટ કે મકાનમાં રહેવા જતા રહ્યા હતા. ફ્લેટ ધારકો માટે આ ખૂબ ભયાનક સ્થિતિ હતી.

# સવારે ૧૦.૧૫ કલાકે આગ લાગી, થોડી જ ક્ષણોમાં અમારા ફ્લેટમાં બેલ વાગી, દરવાજો ખોલ્યો ત્યારે સામે ધુમાડા અને કઈ દેખાઈ નહીં, ફાયર ફાઈટરોએ અમને ધ્યાનપૂર્વક નીચે ઉતાર્યા : મુકેશભાઈ દોશી

**આગ એટલી ભીષણ હતી કે અમારા ફ્લેટ બહાર પણ નુકશાન થયું, અમે સૌ બાલ્કનીમાં ઊભા રહી ગયા ; ફાયર વિભાગની ટીમે અશક્ત વૃધ્ધ મહિલાને ધ્યાનપૂર્વક ઉચકીને સાત માળ નીચે ઉતાર્યાઃ ભયાનક આગ હતી - સમગ્ર ઘટનાનું વર્ણન કરતા મુકેશભાઈ**

રાજકોટ,તા.૧૫

ગઈકાલે શહેરના એટલાન્ટિસ બિલ્ડિંગમાં ભયાનક આગ લાગી હતી. આ આગ ડી વિંગમાં છઠ્ઠા માળે લાગી હતી. ત્યારે આ જ બિલ્ડિંગમાં સાતમાં માળે રહેતા સ્ટોક બ્રોકર અને શેર બજાર નિષ્ણાંત મુકેશભાઈ દોશીએ જણાવ્યું કે સવારે ૧૦.૧૫ કલાકે આગ લાગી તેવી જાણ થઈ. તેઓએ તરત મેનેજરને જાણ કરી તો સોસાયટી મેનેજરે કહ્યું કે ફાયર ટીમને કહેવાય ગયું છે અને આવતી જ હશે. ફાયર ટીમ ગણતરીની મિનિટોમાં આવી પહોંચી પરંતુ કોઈ કારણોસર આગ ખૂબ જ તીવ્ર બની ગઈ હતી. આગને કારણે ધુમાડા સાતમા માળે પણ પહોંચી ગયા હતા અને તેમના ફ્લેટની બાલ્કનીમાં



ઊભા રહી ગયા હતા, કારણકે ફ્લેટની બહાર ધુમાડાના ગોટે ગોટા હોવાથી કશું દેખાતું નહતું. પરંતુ થોડી જ ક્ષણમાં બેલ વાગી અને ખોલી ને જોયું તો ફાયર વિભાગની ટીમ હતી અને સૌને રેસ્ક્યુ કરતા હતા. અમને પણ ધ્યાનપૂર્વક હાથ પકડીને ગ્રાઉન્ડ ફ્લોર પર લઈ ગયા. ત્યારે અમુક જે ચાલી શકે તેમ નહતા અને વૃધ્ધ હતા તેમને ઊંચકીને કાળજીપૂર્વક આઠ માળ નીચે લઈ ગયા હતા. મુકેશભાઈ દોશી તથા તેમના પરિવાર તથા તેમના ઘરે કામ કરનાર બે મહિલાને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા.

## આટલા મુદ્દે પોલીસની તપાસ

- બિલ્ડિંગમાં ફાયર એનઓસી હતું કે કેમ?
- બિલ્ડિંગની બીયુ પરમિશન હતી કે કેમ?
- આગ લાગી ત્યાં ફાયર સાધનો પૂરતા હતા કે નહીં?
- બિલ્ડર અથવા અન્ય કોઈની બેદરકારી હતી કે કેમ?
- આગની શરૂઆત ક્યાંથી થઈ? આગ કેવી રીતે પ્રસરી?

## શોર્ટસર્કિટના કારણે આગ લાગી, FSL, PGVCLએ તપાસ કરી

સૂત્રોએ જણાવ્યું કે, ફાયર બ્રિગેડ અને પોલીસના મતે આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટસર્કિટ છે. જોકે ચોક્કસ કારણ જાણવું જરૂરી હોવાથી એફએસએલની ટીમે સ્થળ વિઝીટ કરી સેમ્પલ કલેક્શન કર્યું હતુ. તેમજ પીજીવીસીએલની મદદ પણ લેવામાં આવી છે. જેથી આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાય. આ તરફ પોલીસ તપાસ કરશે કે બિલ્ડીંગનું બીયુ પરમિશન અને ફાયર એનઓસી હતું કે નહીં?

# અજયનો મૃતદેહ સ્વીકારવા પરિવારના ઈન્કાર બાદ આગેવાનોની સમજાવટથી મામલો થાળે પડ્યો

**બેદરકારી હોય તેની સામે ગુનો દાખલ કરવા માંગ : પૂર્વ ધારાસભ્ય, ભાજપ આગેવાન સહિતનાએ મૃતકના માતા-પિતાને રૂ.૧૦ લાખનો સહાય ચેક આપ્યો**

રાજકોટ, તા.૧૫

એટલાન્ટિસ બિલ્ડીંગમાં આગ લાગવાના બનાવમાં મૃતક અજય મકવાણાનો મૃતદેહ સ્વીકારવા પરિવારે ઈન્કાર કરી દીધો હતો. સવારે બનેલા બનાવમાં રાત્રે ૮.૩૦ વાગ્યાં આસપાસ અજયના પરિવારજનો અને તેમના સગા સંબંધી ઉપરાંત સામાજિક આગેવાનો રાજકોટ સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ ખાતે એકત્ર થયા હતા.

એસીપી સહિતના અધિકારીઓએ મૃતદેહ સંભાળવા પરિવારને સમજાવેલ હતો, પણ પરિવારે મૃતદેહ સ્વીકારવા ઈન્કાર કરી દીધો હતો. ભાજપના આગેવાન અને સામાજિક અગ્રણી નરેન્દ્રભાઈ રાઠોડે જણાવ્યું કે, બનાવને કલાકો થઇ ગયા પછી જે બિલ્ડીંગમાં આગ લાગી તેના બિલ્ડર કોણ છે તે પોલીસને ખબર નથી?





પોલીસ તેના વિશે માહિતી આપતી નથી.

કોના ફ્લેટમાં આગ લાગી હતી તે ફ્લેટ ધારકોના નામ પોલીસને ખબર નથી. ફાયર એનઓસી હતી કે નહીં? તેની પોલીસને હજુ જાણ નથી. જેથી અમારી માંગ છે કે, આ બનાવમાં એફઆઈઆર નોંધી ગુનો દાખલ કરવામાં આવે. જે કોઈ પણની બેદરકારી ખુલે તેની સામે કાર્યવાહી કરવામાં આવે. આ પછી રાત્રે ૧૦ વાગ્યાં આસપાસ રાજકોટના સામાજિક - રાજકીય આગેવાનો લાખાભાઇ સાગઠીયા, નરેન્દ્રભાઈ રાઠોડ, પરેશભાઈ સાગઠીયા, માવજીભાઈ રાખસિયા, અમૃતભાઈ રાઠોડ, રમેશભાઈ મૂછડિયા, જગદીશભાઈ સાગઠીયા, અનિલભાઈ મકવાણા, કરશનભાઇ રાઠોડ વગેરે દ્વારા મૃતક અજયના પરિવારને સમજાવી, પોલીસ યોગ્ય કાર્યવાહી કરશે તેવી ખાત્રી આપી, આગેવાનોએ પોતાની જહેમતથી રૂ.૧૦ લાખનો ચેક મૃતકના પરિવારને સહાય રૂપે આપી સામાજિક ઉત્તરદાયીત્વ નિભાવ્યું હતું.

આ કપરા સમયે આગેવાનો પીડિત પરિવારની પડખે રહ્યા હતા. પરિવારે મૃતદેહ સ્વીકારી લીધો હતો.

## એસઓજીએ એટલાન્ટિસ બિલ્ડીંગ ખાતે ડ્રોન ઉડાવી આગમાં કોઈ ફસાચું છે કે કેમ તેની તપાસ કરી હતી

રાજકોટ,તા.૧૫

એટલાન્ટીસ બિલ્ડીંગમાં આગ લાગી ત્યારે રેસ્ક્યુ ઑપરેશન કરી અનેક લોકોને બહાર કઢાયા હતા. જેમાં ફાયર બ્રિગેડ, પોલીસ, મનપાની ટીમ, સહિતના કામે લાગ્યા હતા. આ તરફ એસઓજીની ટીમ દ્વારા એટલાટીન્સ બિલ્ડીંગ ખાતે પહોંચી પીઆઇ એસ. એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ રેસ્ક્યુ ઓપરેશનમાં જોડાયેલ. એસઓજી ટીમ દ્વારા બિલ્ડીંગ ખાતે ડ્રોન ઉડાડવામાં આવ્યું હતું અને વધુ કોઈ વ્યક્તિ બિલ્ડીંગમાં ફસાયેલ નથી ને? તેની તપાસ કરાઈ હતી.



## ઉદ્યોગપતિઓ, જ્વેલર્સ, ડોક્ટરો સહિતના શહેરના નામાંકિત અગ્રણીઓ એટલાન્ટિસ માં રહે છે

રાજકોટ,તા.૧૫

ગઈકાલે શહેરમાં એટલાન્ટિસ નામના બિલ્ડિંગમાં ભીષણ આગ લાગી હતી. આ બિલ્ડિંગ ૧૫૦ ફુટ રીંગ રોડ પર બિગ બજારની સામે આવેલ છે. આ સોસાયટીના ડી વિંગમાં છઠ્ઠા માળે આગ લાગી હતી. આ સોસાયટીમાં અનેક નામાંકિત અગ્રણીઓ રહે છે જેમાં ડોક્ટરો, ઉધોગપતિઓ, જ્વેલર્સ, વેગેરે ફ્લેટધારકો છે.

જાણીતા શિલ્પા જવેલર્સના પ્રભુદાસભાઈ પારેખ તેમના પુત્રો હિરેન તથા ભાસ્કર સાથે રહે છે, તો ઉદ્યોગપતિ વસંતભાઈ તથા વિનુભાઈ માંગરોલીયા



(યુનિટેક એન્જિનિયરિંગ) પણ અહીં રહે છે, વોકહાર્ટ હોસ્પિટલના ડોક્ટર પ્રફુલ કમાણી, સિનરજી હોસ્પિટલના ડોક્ટર જયેશ ડોબરિયા, એસ.કે.એસ.ઈ ના પૂર્વ ડાયરેક્ટર - સ્ટોક બ્રોકર મુકેશભાઈ દોશી તેમના પરિવાર સાથે અહીં રહે છે, જે.પી.જ્વેલર્સ પરિવાર, અને આ ઉપરાંત બિલ્ડર જીતુભાઈ બેનાણી પણ ખુદ અહીં રહે છે અને ઓફિસ પણ ધરાવે છે.

## દોઢ વર્ષથી ફર્નિચરનું કામ ચાલતું હતુંઃ લોબીમાં માણસોને બેસાડાતા માથાકુટ પણ થતી હતી

રાજકોટ ,તા.૧૫

ગઈકાલે ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ એટલાન્ટિસ બિલ્ડિંગમાં છઠ્ઠા માળે આગ લાગી હતી. ત્યારે આ ફ્લોર પર છેલ્લા દોઢ વર્ષથી ફર્નિચર કામ ઇન્ટિરિયર કામ ચાલી રહ્યું હતું. જોકે ફ્લેટના માલિકનું કહેવું છે કે છેલ્લા બે દિવસથી કામ બંધ હતું. જોકે અન્ય ફ્લેટ માલિકોની અવારનવાર ફરિયાદ આવતી કે છઠ્ઠા માળે જે કઈ ફર્નિચર કામ ચાલતું તે કોમન એરિયા - લોબીમાં કામ ચાલતું હતું. અન્ય લોકો જે ઉપર નીચે આવતા ત્યારે લાકડા ઘસવાનું, કેમિકલનો ઉપયોગ, સહિતના કામ ચાલતા હતા. તે બંધ કરવા અને પોતાના ફ્લેટમાં કામ કરવા અંગે ફરિયાદ પણ કરવામાં આવી હતી.



### વિશ્વ વણિક સા. સંગઠન પ્રેરિત
## રોયલ વણિક મેરેજ બ્યૂરો આયોજિત 'યુવા પરિચય મેળાવડા' માં ૫૭૪ વ્યકિતઓની વિશાળ સંખ્યામાં હાજરી

રાજકોટ, તા ૧૫

વિશ્વ વણિક સા. સંગઠન ના ઉપક્રમે તા.૯/૦૩/૨૫ ને રવિવારે ''યુવા પરિચય મેળાવડા''નું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. ખૂબ જ સફળ થયેલ.આ મેળાવડા ૫૭૪ વ્યકિતઓએ ભાગ લીધેલ હતો. શેઠ ઉપાશ્રય ખાતે આવેલ ''વણિક ભવન'' આ સર્વે આયોજન અવાર નવાર કરવામાં આવે છે.

શ્રી રોયલ વણીક મેરેજ બ્યુરો (નવનાત)નાં ઉપક્રમે, સમગ્ર વણીક જ્ઞાતિનાં, શિક્ષિત યુવક - યુવત્તી માટે, યોગ્ય પસંગીનું પાત્ર મલે, અને સમયસર સગાઈ - લગ્ન થાય, તેવા શુભ હેતુથી, રોયલ વણિક મેરેજ બ્યૂરો માં સભ્યપદ મેળવનારને માટે દર રવિવારે શેઠ ઉપાશ્રય, પહેલામાળે, પ્રસંગ હોલ પાસે, કે.કે.વી.ચોક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે સવારે ૧૦ થી ૧ કલાક વચ્ચે ઉમેદવારોની પસંદગી માટે બાયોડેટા જોવા મળે છે. આ અગાઉ ૧૦૧ સમૂહ લગ્નનું આયોજન પણ કરવામાં આવેલ હતું. ચાલુ વર્ષે ૫૧ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવશે.

 રૂષભ વાટિકા ખાતે કરવામાં આવેલા આ પરિચય મેળાવડાના સમેલનમાં અનેક મહાનુભાવો હાજર રહેલા હતા. વુમન્સ - ડે ઉપલક્ષ ૧૯ થી ૨૫ વર્ષની બાલિકાના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનું સંચાલન રિધ્ધિબેન બાવીશી અને દીપકભાઈ કોઠારી એ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠની આગેવાની હેઠળ કરેલ હતું. ચંદ્રકાંતભાઈ શેઠ એ વિસ્તૃત માહિતી સાથે સંસ્થાની પ્રવુતિઓ રજૂ કરેલ હતી. મેહુલભાઈ રવાણી એ સરસ મજાનું વક્તવ્ય આપતા મેળાવડામાં આવેલ ઉમેદવારોનું પ્રોત્સાહન પૂરૂં પાડયું હતું, સ્ત્રી ઉમેદવારોને પ્રેરણા આપી અને સિલેક્શનમાં મહત્વનો ભાગ ભજવવા આપીલ કરી હતી. આ મેળાવડામાં આધુનિક ટેક્નોલીજીનો ઉપયોગ કરી મોટી સ્ક્રીન પર લાઈવ બાયોડેટા સાથે પીપીટી પ્રસ્તુત કરવામાં આવી હતી. ભોજન સમારોહ સાથેના આ મેળાવડામાં ઘણા બધા કપલ મેચિંગ થયા હોય તેવું વાતાવરણ સર્જાયેલ હતું. બહેનો માટે પરિચય મેળાવડામાં એન્ટ્રી ફી નીઃશુલ્ક રાખવામાં આવેલ હતી.

આ મેળાવડામાં ચંદ્રકાંતભાઈ શેઠના સંપૂર્ણ માર્ગદર્શન સાથે સર્વે સ્વયંસેવકો નયનાબેન મોદી, રીધ્ધીબેન બાવીશી, સંજયભાઈ મહેતા, પરેશભાઈ મહેતા, ચેતનભાઈ વખારિયા, દીપકભાઈ કોઠારી, મુકેશભાઈ ઝાટકીયા, વિધિબેન મહેતા, બીપીનભાઈ પારેખ, જગુભાઈ દોશી, વંદિતભાઈ શેઠ, આયુષભાઈ શાહ, પારસભાઈ ટોળિયા, હર્ષભાઈ, સંભવભાઈ હર્ષાબેન બોરમીયા, પ્રતિકભાઈ દેસાઇ, દિલીપભાઈ મહેતા, પ્રફુલભાઈ મહેતા, નિલેશભાઈ શેઠ, નિલેશભાઈ મહેતા, પીયૂષભાઈ મહેતા, લીનાબેન ગાંધી, અનિલભાઈ ઝાટકીયા, તરૂણભાઈ, ચંદ્રેશભાઈ કોઠારી સહિત અનેક કાર્યકર્તાઓએ સેવા આપી હતી.

**રોયલ વણિક મેરેજ બ્યૂરો માં જોડાવવા માટે રોયલ વિણક મેરેજ બ્યૂરો ની વેબ સાઇટ www.royalvaniksathi.in અથવા શેઠ ઉપાશ્રય, પહેલામાળે, પ્રસંગ હોલ પાસે, કે.કે.વી.ચોક પાસે, ૧૫૦ ફ્ટ રીંગ રોડ, રાજકોટ પર રૂબરૂ આવી મેરેજ બ્યુરોમાં નામ નોંધાવી શકે છે. વિશેષ માહિતિ માટે મો. નં. ૮૭૯૯૬ ૮૭૭૦૩ -તથા ૮૭૮૦૫ ૬૯૯૩૧ ઉપર સંર્પક સાધવો.**

### ગ્રીન ઈન્ડિયા-ફિટ ઈન્ડિયા'' થીમ અંતર્ગત
## સતત આઠમા વર્ષે ૬ એપ્રિલે ''રાજકોટ સાયકલોફન'' યોજાશેઃ ૫૦૦૦ થી વધુ લોકો ભાગ લેશે
### ખાસ પહેલઃભાગ લેનાર પ્રત્યેક સ્પર્ધકો વતી સદભાવના વૃદ્ધાશ્રમના સહયોગથી એક વૃક્ષ વાવવામા આવશે

**રાજકોટ સાયકલ ક્લબ, રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડ ટાઉન દ્વારા આયોજન**

રાજકોટ, તા.૧૫

સતત આઠમા વર્ષે રાજકોટ સાયકલ ક્લબ, રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડ ટાઉન દ્વારા સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલ એસોસિએશનના સંયુક્ત નેજા હેઠળ તથા રાજકોટ શહેર પોલીસ અને રાજકોટ મહાનગરપાલિકાના ખાસ સહયોગથી ''રાજકોટ સાયકલોફન'' નું તા.૬ એપ્રિલ ૨૦૨૫ ના રોજ આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલોફન મા ૫૦૦૦ થી વધુ લોકો ભાગ લેશે. ગુજરાતની સૌથી મોટી સાયકલિંગ ઈવેન્ટ ''સાયકલોફન'' આ વર્ષે ''ગ્રીન ઈન્ડિયા-ફિટ ઈન્ડિયા'' થીમ અંતર્ગત યોજાશે.

રાજકોટ સાયકલ ક્લબ, રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડ ટાઉન દ્વારા નવી પહેલ શરૂ કરવામાં આવી છે. જેમાં રાજકોટ સાયકલોફન ૨૦૨૫માં ભાગ લેનાર પ્રત્યેક સ્પર્ધક વતી સદભાવના વૃદ્ધાશ્રમના સહયોગ થી એક વૃક્ષ વાવવામા આવશે.



સાયકલોનમાં ભાગ લેનાર માટે ખાસ વ્યવસ્થા રાખવામાં આવી છે. જેમાં દરેક ભાગ લેનારને ટી - શર્ટ આપવામાં આવશે, રાઇડ પૂરી થયા પછી ફિનિશર માટે આકર્ષક મેડલ, ઇનામરૂપે વિવિધતાભરી સાયકલોનો લક્કી ડ્રો ,નાસ્તો, સોફ્ટ ડ્રિંક્સ, ચા, કોફી,રાઈડના સમગ્ર રૂટ પર રાઈડ સપોર્ટની વ્યવસ્થા રાખવામાં આવી છે.

**રજિસ્ટ્રેશન પ્રક્રિયા ઓન લાઇન છે. www.cyclofun.org પર કરી શકાશે**

સ્પર્ધા તા.૬ એપ્રિલ ૨૦૨૫, રવિવારે

આત્મીય યુનિવર્સિટી, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. આ સાયકલોફનનો રૂટ આત્મીય યુનિવર્સિટી થી કે.કે.વી ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ, અયોધ્યા ચોક અને ત્યાર થી પરત ફરી ફરી સાયકલોફન આત્મીય યુનિવર્સિટી પહોંચશે.આ સાયકલોફન માં ૧૪ વર્ષથી ઉપરની વયના વ્યક્તિઓ જ ભાગ લઈ શકશે. રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૧ એપ્રિલ છે.વધુ માહિતી માટે રોટરી મીડ ટાઉન લાઈબ્રેરી, અમીન માર્ગ, રાજકોટ સંપર્ક કરવો.



તસ્વીરઃ પંકજ શિશાંગીયા

## રામ ગ્રુપ અને સહેલી લેડીઝ કલબ દ્વારા ભવ્ય સમૂહલગ્નનું આયોજન

રાજકોટ, તા.૧૫

રામ ગ્રુપ અને સહેલી લેડીઝ કલબ દ્વારા ૬ જુલાઈ ના રવિવારે ૧૫૦ ફૂટ રીંગ, કટારીયા ચોકડી નજીક વૃષભ વાટિકા પાર્ટી પ્લોટ ખાતે ભવ્ય સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. જેના માટે રજિસ્ટ્રેશન ચાલુ થઈ ગયા છે. આ સમૂહલગ્નમા ૧૧ દીકરીઓ પ્રભુતામાં પગલા પાડશે.

આ લગ્નોત્સવ મા આર્થિક રીતે નબળા, માવતર વિહોણી તેમજ હેન્ડી કેપ દીકરીઓને પ્રાથમિકતા આપવામાં આપશે. સમૂહ લગ્નનું ફોર્મ ભરવા એફીસીયેનટ એન્ટર ટેક પ્રા.લિ.શોપ નં. ૫ આશાપુરા રોડ સાઈડ આર એમ સી ગેટ ૨ સામે સંપર્ક કરવો.

આ આયોજન અંતર્ગત પ્રમુખ આશિષભાઈ પૂજારા, સહેલી લેડીઝ કલબના પ્રમુખ જીતાબેન દત્તાણી, ઉપપ્રમુખ જલ્પાબેન દત્તાણી, હિનાબેન પોપટ, અવનીબેન બગડાઈ, તૃપ્તિબેન મકવાણા, નિપુણભાઈ જોષી, સુરેશભાઈ સિમરિયા, સોનાભાઈ ઠક્કરએ સાંજ સમાચારની મુલાકત લીધી હતી.



### બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ દ્વારા
## ''વિશ્વ કિડની દિવસ'' નિમિત્તે રેસકોર્ષ રીંગ રોડ ફરતે એક વિશાળ પગપાળા રેલી યોજાઈ
### ડોકટરો, નર્સિંગ સ્કૂલ તથા પી.ડી.યુ. મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા
### પ્રિવેન્ટીવ વિભાગ દ્વારા લોકોના લોહીનું પરીક્ષણ કરી જરૂરીયાતમંદ દર્દીઓને વિનામુલ્યે દવાઓનું વિતરણ કરાયું

રાજકોટ, તા.૧૫

બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ દ્વારા ''વિશ્વ કિડની દિવસ'' નિમિત્તે ગત તા.૧૩ ના રોજ સવારે લોકોમાં જનજગૃતિ આવે તે હેતુસર રેસકોર્ષ રીંગ રોડ ફરતે એક વિશાળ પગપાળા રેલીનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડોકટરો, નર્સિંગ સ્કૂલ તથા પી.ડી.યુ. મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયેલ.

આ દિવસે રેસકોર્ષ ખાતે સંસ્થાના પ્રિવેન્ટીવ વિભાગ દ્વારા વિનામુલ્યે લોકોના લોહીનું પરીક્ષણ કરી જરૂરીયાતમંદ દર્દીઓને વિનામુલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવેલ, જેનો અસંખ્ય લોકોએ લાભ લીધેલ. ઇન્ટરનેશનલ સોસાયટી ઓફ નેફ્રોલોજી દ્વારા માર્ચ મહિનાના બીજા ગુરૂવારે ''વર્લ્ડ કિડની ડે'' ઉજવવામાં કરવામાં આવે છે. આ વર્ષે તેનું થીમ છે, શું તમારી કિડની બરાબર છે? વહેલું પરીક્ષણ, કિડનીનું રક્ષણ'' છે. એક અંદાજ પ્રમાણે ભારતમાં લગભગ ૧૩ થી ૧૭ ટકા લોકોને થોડા ઘણા પ્રમાણમાં કિડનીની બીમારી હોય છે અને દર વર્ષે લગભગ બે લાખથી વધુ નવા દર્દીઓને ડાયાલીસીસની જરૂરત ઉભી થાય છે. જેમની કિડની સંપૂર્ણ નાસ પામી હોય છે. વહેલું નિદાન અને સમયસરની સારવાર અને સાવચેતી કિડનીનું ગંભીર નુકશાન અટકાવી શકે છે.

'વર્લ્ડ કિડની ડે' ના દિવસે લોકોને શરીર પ્રત્યે જાગૃત રહી નિયમિત વ્યાયામ, આરોગ્યપ્રદ ખોરાક, તમાકુ જેવા વ્યસનથી બચી દર વર્ષે મેડીકલ ચેકઅપ કરી કુદરતે આપેલ આ અમુલ્ય ભેટને સાચવીને નિરોગી જીવન જીવવા અપીલ કરવામાં આવેલ છે તથા સંસ્થાના પ્રિવેન્ટીવ વિભાગ દ્વારા આ અન્વયે સંપૂર્ણ વર્ષ દરમ્યાન કિડનીને લગતી તપાસ ખુબ જ નજીવા દરે કરી આપવામાં આવશે.

## સમગ્ર ગુજરાતભરના સમસ્ત ડાંગર પરિવારના સુરાપુરા શ્રી ડગાયચા દાદાની તિથિ નિમિત્તે યોજાશે ભવ્ય મેળો
### પાટણના સાંતલપુરના પીપરાળા ગામે શ્રી ડગાયચા દાદાના સ્થાને ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન

રાજકોટ, તા.૧૫

પાટણના સાંતલપુરના પીપરાળા-રાધનપુર હાઈવે પાસે આવેલ સમગ્ર ગુજરાતભરના સમસ્ત ડાંગર પરિવારના સુરાપુરા ડગાયચા દાદાના મંદિર ખાતે આવેલા તુણા ગામે ડાંગર પરીવારના પુર્વજ શ્રી ડગાયચા દાદા વર્ષો પહેલા પરચા આપીને અમર થઈ ગયા છે, માત્ર તેમની જમણી ભુજાએ સિધ્ધપુર પાટણ મધ્યે શ્રી રુદ્રાક્ષમાળા શીવ મંદિરનો ધ્વજ તથા શિખર ચડાવેલા હતા. ડગાયચા પીપરાળા મુકામે જયાં દર વર્ષે ધાર્મિક મેળાની ઉજવણી કરવામાં આવે છે તેવામાં આ વર્ષે પણ આ સ્થળે તા. ૧૯/૩/૨૫ના રોજ સમસ્ત ડાંગર પરીવારજનો દ્વારા શ્રી ડગયચા દાદાના સ્થાનકે ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

પીપરાળા મુકામે શ્રી ડગાયચા દાદાના મંદિર ખાતે તા.૧૯/૩/૨૫ના બુધવારના રોજ ધાર્મિક મેળા દરમ્યાન વહેલી સવારે ૭ કલાકે હવલ રાખવામાં આવેલ છે, અને બપોરે ૧૧ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. સાંજે મહાઆરતીનું રાખવામાં આવેલ છે. જયારે રાત્રીના સમયે લોકગીત એ રાસ ગરબાનું આયોજન કરવામાં આવેલ છે .

જેમાં કલાકારોમાં બાબુભાઈ આહિર, માલદેભાઈ આહીર, ધનશ્યામભાઈ ગુલા, ચંદ્રીકાબેન આહીર, જયોતિકાબેન, શાંતીબેન આહીર વગેરેના લોક ગીતોના સહારે રાસઉત્સવ અને લોકગીતોની રમઝટ બોલાવશે.આ ધાર્મિક મેળામાં ઉપસ્થિત રહેવા માટે ટ્રસ્ટી તુલશીભાઈ ડાંગર અને રાજુભાઈ ડાંગર (રાજકોટ) એ જણાવ્યું છે.


શ્રી ડગાયચા દાદાનો પાળીયો
ટ્રસ્ટી શ્રી ડાંગર તુલસીભાઇ
ટ્રસ્ટી શ્રી ડાંગર રાજુભાઇ

### મહાઆરતી-મહાપ્રસાદ તેમજ લોકગીત અને રાસગરબા સહિતના કાર્યક્રમો

## ૨૧ માર્ચના દિવસ અને રાત સરખાઃ લાંબામાં લાંબો દિવસ ૨૧ જૂનના
### ૨૧ મી થી દિવસ ક્રમશઃ લંબાતો જશે

રાજકોટ, તા.૧૫

સૂર્યનો ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. તા. ૨૦ મી માર્ચ ગુરૂવારે દિવસ અને રાત સરખા જોવા મળશે. તા. ૨૧ મી શુક્રવારથી દિવસ લંબાતો જાય છે અને તા. ૨૧ મી જુને લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે. ખગોળીય ઘટનાનો અનુભવ કરવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

તા. ૨૦ મી માર્ચ ગુરૂવારે મુંબઈમાં દિવસ અને રાત ૧૨ કલાક-૧૨ કલાકના, અપર અને સુક્ષ્મ ગણિત આધારે સુર્યોદય રાજકોટ ૬.૫૩, અમદાવાદ ૬.૪૭, મુંબઈ ૬.૪૫, સુરત ૬.૪૬, ભુજ ૬.૫૮, વડોદરા ૬.૪૪, ભાવનગર ૬.૫૫, જુનાગઢ ૬.૫૪, જામનગર ૬.૫૪ જયારે સૂર્યાસ્ત રાજકોટ ૧૮.૫૩, અમદાવાદ ૧૮.૪૭, સુરત અને મુંબઈ ૧૮.૪૬, ભુજ ૧૮.૫૮, વડોદરા ૧૮.૪૪, ભાવનગર ૧૮.૫૫, જુનાગઢ ૧૮.૪૫, જામનગર ૧૮.૫૫, સરેરાશ દિવસ ૧૨ કલાક અને ૭ સેકન્ડ જયારે રાત્રી ૧૧ કલાક, ૫૯ મિનિટ અને ૫૩ સેકન્ડ. તા. ૨૧ મી માર્ચ પછી ઉત્તરોત્તર દિવસ લાંબો થતો જશે. આ દિવસ પછી સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. તા. ૨૧ મી જૂને લાંબામાં લાંબો દિવસ હોય છે.

## બ્રહ્મસમાજના જગદીશભાઈ ત્રિવેદીનો આજે જન્મદિવસ



રાજકોટ, તા. ૧૫

ઓમ માનવ કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક તથા પૂર્વ પ્રમુખ, ઔદીચ્ય ઝાલાવડ બ્રહ્મસમાજના ટ્રેઝરર તથા પૂર્વ જગદીશભાઈ ત્રિવેદી (જે.પી.)નો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૮૫ વર્ષ પૂર્ણ કરી ૮૬ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

તેઓ જીવનને હંમેશા સત્કાર્યો તથા સમાજના દરેક નાના મોટા કાર્યો માટે સમર્પિત કરેલ છે. જે.પી.ના બન્ને પુત્રો મનીષ એડના નિલેષભાઈ અને પત્રકાર મનીષભાઈ પણ પિતાની રાહ ઉપર સમાજ સેવા કરી રહ્યા છે. તેમના જન્મદિવસ નિમિતે મો.નં.૯૪૨૬૬ ૩૦૩૨૩ પર શુભેચ્છા વર્ષા થઇ રહી છે.

## શ્રી સંકલ્પસિધ્ધ હનુમાનજી મહારાજના મંદિરે ધુળેટી સ્પેશ્યલ શણગાર



રાજકોટ,તા.૧૫

હિન્દુ સંસ્કૃતિનો પવિત્ર ઉત્સવ એટલે ધુળેટી-રંગોત્સવ એ વિષય, વ્યસન અને વહેમના રંગોથી મુક્ત થઈ ભક્તિ, સેવા, સત્સંગ અને સમર્પણના રંગે રંગાવાનો અનેરો ઉત્સવ છે.કાલાવડ રોડ સ્થિત આવેલ શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મંદિર ખાતે આજે રંગોત્સવ નિમિત્તે હનુમાનજી મહારાજને પુજારી અને સેવકો દ્વારા હનુમાનજી મહારાજને પંચરંગી પાઘ, વિધવિધ અલંકારો અને વાઘાનો શણગાર ધરાવીને હનુમાનજી મહારાજ સમક્ષ વિવિધ રંગો અને પીચકારીઓ વડે કલાત્મક સજાવટ કરવામાં આવેલ હતી.સવારથી જ ભાવિકો- દર્શનાર્થીઓ દાદાના દર્શન કરવા અને રંગે રમવા ઉમંગે ઉમટી પડયા હતા.

## કાલે વેકરિયા પરિવાર વેલ્ફર ટ્રસ્ટ દ્વારા રકતદાન કેમ્પ

રાજકોટ,તા.૧૫

રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભાશયથી શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી વેકરિયા પરિવાર વેલ્ફર ટ્રસ્ટ દ્વારા આવતીકાલ તા.૧૬ ને રવિવારના રોજ સાંજે ૪ થી ૯ દરમ્યાન ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

## ઓપન સિંગલ એન્ડ ડબલ કેરમ ટુર્નામિન્ટનુ આયોજન

સમસ્ત શ્રીમાળી સોની સમાજ રાજકોટ ઓપન સીંગલ એન્ડ ડબલ્સ કેરમ ટુર્નામેન્ટ તા.૨૨-૩-૨૫ થી ૨૩-૩-૨૫ શનીવાર તથા રવિવાર રાખેલ છે તો ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓ પોતાની એન્ટ્રી આધારકાર્ડ સાથે પારેખવાડીએ સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ સાંજે ૪.૩૦ થી ૭.૩૦ કલાક દરમ્યાન તા.૨૦-૩-૨૫ ગુરૂવાર સુધીમાં નોંધાવાની રહેશે.

## આજે ધૂન-ભજનની કાર્યક્રમ

રાજકોટ,તા.૧૫

પુનિત સદગુરૂ ભજન મંડળ દ્વારા આજે તા.૧૫ ને શનિવારના રોજ રાત્રે ૯:૩૦ કલાકે ૮/૧૬ નો કોર્નર, રણછોડનગર, કુવાડવા રોડ ભરતભાઇ રવજીભાઇ વરિયાને ત્યાં ધૂન-ભજન યોજાશે.



## આજી નદીના કિનારે માંધાતાસિંહ જાડેજાની હાજરીમાં પુર્વજ વંદના સમારોહ યોજાયો

રાજકોટ,તા.૧૫

શૂરવીરતાથી છલકાતા રાજકોટ રાજ્યના દિવ્ય, ભાતીગળ અને ભવ્ય ઇતિહાસને જીવંત રાખીને રાજકોટ રાજ પરિવાર પ્રતિવર્ષ સોળથંભીએ જઈને પૂજા-અર્ચના સહ ભાવવંદના કરીને પોતાના પૂર્વજોને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. હોલીપર્વના પરમ પાવન દિવસે રાજકોટનાં રાજ પરિવારનાં સદસ્યો, પૂર્વ રાજકોટ રાજયનાં ભાયાતોએ મહારાજ મહેરામણજી સહીત રાજયપરિવાર સાથે જોડાયેલ શહીદોની ખાંભીઓનું પૂજન-અર્ચન કરીને પૂર્વજોને ભાવપૂર્વક શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

રાજકોટનાં ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજાની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયેલાં પૂર્વજ વંદના પૂજન સમારોહમાં એચ.એલ. જાડેજા, નિલરાજસિંહ જાડેજા, હનુમંતસિંહ ઝાલા, મયંકભાઈજોશી, ઋષિકેશ દેવમુરારી, નરદિપસિંહ ગોહિલ, ભરતસિંહ જાડેજા અને રાજપુરોહિત ભરતભાઈ ભટ્ટ, કપીલભાઈ ભટ્ટ, જયેશભાઈ ભટ્ટ વિગેરે ઉપસ્થિત રહયાં હતાં.

## એચ.આઈ.વી.પોઝીટીવ સભ્યો માટે ગુજરાતી ફિલ્મ ''ફક્ત પુરુષો માટે નિહાળવાનું આયોજન કરાયું

રાજકોટ,તા.૧૫

આર.ડી.એન.પી પ્લસ દ્વારા ૧૫૦ જેટલા એચ.આઈ.વી.પોઝીટીવ સભ્યોને તારીખ ૧૪/૦૩/૨૦૨૫ ને શુક્રવારના રોજ ધૂળેટી તહેવાર અનુલક્ષીને રાજકોટના કાલાવડ રોડ પર આવેલ કોસ્મોપ્લેક્ષ સિનેમામાં ગુજરાતી ફિલ્મ ''ફક્ત પુરુષો માટે જોવા લઇ ગયેલ. ત્યારબાદ કાલાવડ રોડ પર આવેલ તીર્થ ફાર્મ હાઉસમાં બાળકોના ડાન્સ, સ્પીચ અને ગરબા કાર્યકમ તેમજ રંગે રમવાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંગઠનના તમામ નાના મોટા ભાઈઓ, બહેનો, યુવાનો અને બાળકોએ મન ભરીને કાર્યક્રમને માણેલ. તેમજ તીર્થ ફાર્મ હાઉસમાં તમામ મેમ્બરોને બપોરનું જમણવાર પણ કરાવવામાં આવેલ.

## એલટાઈ રાજકોટ સેન્ટ્રલ ચેપ્ટર દ્વારા મહિલા દિનની ઉજવણી

રાજકોટ,તા.૧૫

એલટાઈ રાજકોટ સેન્ટ્રલ ચેપ્ટર અને એલીગન્ટ એકેડેમી દ્વારા સ્ત્રી સશક્તિકરણમાં સાહિત્યની ભૂમિકા વિષય પર વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. કોટેચા ચોક પાસે આવેલ એલીગન્ટ એકેડેમીના હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં રાજકોટના વિવિધ કોલેજોમાં કાર્યરત મહિલા પ્રાધ્યાપકો તેમજ મહિલા સામાજિક અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય વક્તાઓમાં ક્રાઈસ્ટ કોલેજના ઇંગલિશ અને સાયકોલોજી વિભાગના વડા ડૉ. તીશા રોયે નારી સશક્તિકરણના ત્રણ સ્તર વિષે વાત કરી, જેમાં પ્રથમ સ્તરમાં નારી મતાધિકાર, દ્વિતીય સ્તરમાં નારી વ્યવસાયિક સમાનતા અને તૃતીય સ્તરમાં નારીઓના સામાજિક અને પારિવારિક ક્ષેત્રે સમાન આદર અંગે ચર્ચા કરી હતી..



## પૂ.ધીરગુરુદેવની નિશ્રામાં અભિવાદન

શ્રી જશ-પ્રેમ-ધીર સંકુલ ખાતે પૂ.શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં વાપી સંઘના ખજાનચી અને રાજકોટન ગિરીશભાઈ વોરાના પુત્ર, ભવ્યેશ અને શ્રીમતી દિવ્યા વોરાનું અભિવાદન બકુલેશ રૂપાણીના હસ્તે કરાયું હતું.




## વોર્ડ નં.૧૪ના બાપુનગર, હાથીખાના, મીલપરામાં પેવર રોડ-બ્લોકના કામ શરૂ કરાવતા રમેશભાઈ

વોર્ડ નં.૧૪માં બાપુનગર મેઈન રોડ પર પેવર રોડ અને બંને સાઈડ ફૂટપાથ પર પેવિંગ બ્લોક અને હાથીખાના શેરી નં.૧૪માં સી.સી.રોડ તેમજ મિલપરા શેરી નં.૧, ૧૮ ૨૨, ૨૫, ૨૬માં સી.સી.રોડ કરવાના અંદાજીત કુલ રૂ.૭૦ લાખના કામનું ખાતમુહૂર્ત વિધાનસભા-૭૦ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, કોર્પોરેટર નીલેશભાઈ જલુ અને વર્ષાબેન રાણપરાના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે માણસુરભાઈ વાળા, મહેશભાઈ મિયાત્રા, વૈશાલીબેન મહેતા, વિપુલ માંખેલા, મહેશભાઈ પરમાર, ભરતભાઈ સોલંકી, નિલેશભાઈ પાટડિયા, અરૂણાબેન મઘવાણીયા વગેરે હાજર રહ્યા હતા.

### ટ્રમ્પ શાસનના આગમન બાદ ઈમીગ્રેશન નીતિમાં વધુ એક ફેરફાર

# ગ્રીન કાર્ડ અમેરિકામાં વસવાટનો અબાધિત અધિકાર નથીઃ V.P. વાન્સ

### અમેરિકાના ઉપરાષ્ટ્રપતિનું મહત્વપૂર્ણ નિવેદનઃ અમેરિકામાં કોણ રહી શકે તે દેશના નાગરિકો જ નકકી કરશેઃ પેલેસ્ટાઈન તરફી એક ગ્રીનકાર્ડ હોલ્ડર વિદ્યાર્થીનું 'સ્ટેટસ' રદઃ રાષ્ટ્રીય સુરક્ષા સહિતના મુદાઓ આધારિત જ નિર્ણય લેવાશે



વોશિંગ્ટનઃ અમેરિકામાં વસવાટ માટે ગ્રીનકાર્ડ એ સ્વર્ગમાં તપાસી સીટ બુક કરવા જેવો આનંદ છે અને આ ગ્રીનકાર્ડ ધારકોને અમેરિકામાં કાયમી વસવાટ તથા નોકરી-ધંધાના અધિકાર મળે છે પણ હવે ટ્રમ્પ શાસનમાં આ ગ્રીનકાર્ડને પરમેનન્ટ રેરડેન્ટ કાર્ડ તરીકે પણ જાણીતુ છે તે ધરાવનારને પણ કાયમ માટે અમેરિકામાં વસી જવાનો અબાધિત અધિકાર મળશે નહી અને કોને આ હકક આપવા કે ન આપવો તે અમેરિકા સરકાર નકકી કરશે. અમેરિકાના વોઈસ પ્રેસીડેન્ટ જે.ડી.વાન્સે આ મહત્વપૂર્ણ સંકેત આપતા કહ્યું કે ગ્રીનકાર્ડ ધારકને અબાધિત રીતે અમેરિકામાં વસવાટનો અધિકાર મળતો નથી જેમ વાણી સ્વાતંત્ર એ મૂળભૂત અધિકાર છે પણ તે રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા છે અને રાષ્ટ્રીય સુરક્ષાથી કંઈ વધુ નહી અને તેથી અમેરિકન સમાજમાં કોને જોડવા તે અમેરિકી જનતા જ નકકી કરશે અને તેનો સરળ અર્થ એ છે કે તેઓને (ગ્રીનકાર્ડ ધારકોને) અહી રહેવાનો હકક મળી જતો નથી. અમેરિકાના કોલમ્બીયામાં ઈઝરાયેલ હમાસના યુદ્ધના વિરોધ અને પેલેસ્ટાઈનને ટેકો આપનાર એન ગ્રીનકાર્ડ ધારક યુનિ. વિદ્યાર્થી મોહમ્મદ ખલીલની ધરપકડ અંગેની એક ઘટનાના પ્રતિભાવ આપી રહ્યા હતા.

ટ્રમ્પ શાસને ખલીલનુ ગ્રીનકાર્ડ રદ કર્યુ છે અને હવે તે વિવાદ અદાલતમાં છે જેમાં ટ્રમ્પ સરકાર તેને અમેરિકામાંથી તડીપાર કરવા માંગે છે. અમેરિકાના કાનૂન મુજબ ચોકકસ કારણોસર ગ્રીનકાર્ડ રીવોર્ડ (રદ) કરી શકાય છે જેમાં ગુન્હાહિત પ્રવૃતિમાં સતત વ્યસ્ત, લાંબો સમય દેશ બહાર રહેવું અને ઈમીગ્રેશન નિયમોના ભંગ કરવા સહિતના મુદાઓ પરની આ એકશન લઈ શકાય છે. જો કે ગ્રીનકાર્ડ ધારકોને અમેરિકી બંધારણ મુજબ ફ્રી સ્પીચ, વાણી સ્વાતંત્ર્યના અધિકાર મળે છે જેમાં શાંતિપૂર્વકના વિરોધનો અધિકાર છે અને તે કારણોસર ગ્રીનકાર્ડ રીવોક (રદ) થઈ શકે નહી અને ફકત ગંભીર અપરાધોમાંજ તે રદ થઈ શકે છે તથા જે તે વ્યક્તિને તેના કાર્ડ રદ થાય તો તેની સામે કાનુની રક્ષણ મળે છે. હવે જે રીતે આ વ્યક્તિની ધરપકડ થઈ અને તેનું ગ્રીનકાર્ડ રીવોક કરાયું તે ટ્રમ્પની બદલાયેલી નીતિને જવાબદાર ગણાય છે.

## અમેરિકામાં જન્મથી નાગરિકતાના અધિકારને ખત્મ કરવા ટ્રમ્પ શાસનની દલીલો

### ત્રણ અદાલતોના 'સ્ટે' સામે સુનાવણી શરૂ

વોશિંગ્ટનઃ અમેરિકામાં જન્મ લેનારને દેશના નાગરિક બનવાનો મળતા અધિકાર સામે જે રીતે ટ્રમ્પ શાસને કાનૂની ફેરફાર કર્યા છે તેમાં સર્જાયેલા કાનૂની પડકારમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દેશની સુપ્રીમ કોર્ટે તેમના આ દેશને આંશિક સ્વરૂપે લાગુ કરવા માટે મંજુરી આપવા અપીલ કરી હતી. અગાઉ ટ્રમ્પ સરકારના આ આદેશ સામે મેરીલેન્ડ, મેસાસ્યુટ અને વોશિંગ્ટનની અદાલતોના જજો દ્વારા હાલ 'સ્ટે' અપાયો છે. ટ્રમ્પે દેશમાં સતા સંભાળતા જ પ્રથમ ૧૦૦ આદેશમાં વિદેશી માતા-પિતા ધરાવતા બાળકને જન્મથી નાગરિકતાના અધિકારને ખત્મ કર્યો હતો.

જેમાં ૧૯ ફેબ્રુઆરી બાદ અમેરિકામાં જેના માતા-પિતા ગેરકાનુની રીતે અમેરિકામાં ઘુસ્યા હોય તેવા બાળકના આ દેશમાં જન્મનો જે અધિકાર મળતો હતો તે હાલ સ્થગીત કરાયો હતો.

## સ્ટારલીંક સમક્ષ શરતોઃ પશ્ચિમી દેશો જેવી સેવાની સ્વતંત્રતા નહી મળેઃ કેન્દ્ર

### એલન મસ્કની કંપનીને હાલ પાંચ વર્ષ માટે જ લાયસન્સ અપાશે

નવી દિલ્હીઃ ભારતમાં સેટેલાઈટ ટેલીકોમ્યુનીકેશનમાં અમેરિકી ઉદ્યોગપતિ એલન મસ્કની કંપની સ્ટાર લીંકના આગમનમાં રીલાયન્સ જીયો અને એરટેલ જોડાયા પણ હજું સ્ટારલીંકને ભારતીય સેવા અંગે કેન્દ્ર સરકારે જે શરતો મુકી છે તેમાં તે કેટલી સ્વીકારશે કે પછી કેન્દ્ર સરકાર વધુ છુટછાટ આપશે તેના પર સૌની નજર છે.

સૌપ્રથમ તો સ્ટારલીંકને જે સેટેલાઈટ-સ્પેકટ્રમ આપવાનો મુદ્દો છે તેમાં કંપની ૨૦ વર્ષના લાંબાગાળા સુધી લાયસન્સ માંગ્યુ છે પણ ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડીયાએ વધુમાં વધુ પાંચ વર્ષની ભલામણ કરી છે. આ ઉપરાંત સ્ટારલીંકની સેવામાં સરકાર તેનુ નિયંત્રણ માંગે છે. જેમકે અશાંત ક્ષેત્રમાં કે કોઈ ખાસ સ્થિતી સમયે જે રીતે ઈન્ટરનેટ-મોબાઈલ સેવા બંધ કરવા સરકાર ફરજ પાડે છે. તે આદેશ સ્ટારલીંકને પણ લાગુ કરવા માંગે છે. આ ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા કે તેવા કારણોથી જે રીતે સરકાર મોબાઈલ-કોલ-ડેટા વિ. આંતરવાની સતા ધરાવે છે તેમાં પણ સ્ટારલીંકે સહમત થવુ પડશે. આ માટે ભારતમાં જ એક કંટ્રોલ સેન્ટર ઉભુ કરવા સ્ટારલીંક સહમત થાય તે જરૂરી છે.

જેથી સરકારના આદેશ સાથે જ મોબાઈલ-ઈન્ટરનેટ સેવાને સસ્પેન્ડ કરી શકાય અને સરકાર માંગે તે ડેટા પણ એલન મસ્કની કંપનીએ આપવા પડશે. જે રીતે અમેરિકા કે પશ્ચિમના દેશોમાં આ પ્રકારની સેવા માટે સ્ટારલીંક કે વિદેશી ટેલીકોમ કંપનીઓ સ્વતંત્રતા ધરાવે છે. તે ભારતમાં આપી શકાશે નહી.



## પશ્ચિમ બંગાળમાં કારે ત્રણ રીક્ષાને ફંગોળીઃ ૭ ના મોત

### રોંગ સાઈડમાં પૂરપાટ ઘસી આવેલા એસયુવી કારના ચાલકે અકસ્માત સર્જયો

કોલકાતા તા ૧૫

પ.બંગાળના નાદિયા જિલ્લામાં એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ મહિલાઓ અને એક બાળક સહિત કુલ ૭ લોકોએ જીવ ગુમાવ્યા અને ૮ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. માહિતી અનુસાર પૂરપાટ દોડતી એસયુવી કારે એક પછી એક ત્રણ ઈ રીક્ષાને ફંગોળી નાખતા આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.



પોલીસ અને સ્થાનિકોના અહેવાલ અનુસાર એસયુવી ચાલક રોંગ સાઈડમાં પૂરપાટ ઝડપે કાર હંકારીને આવી રહ્યો હતો જેના કારણે તેની લપેટમાં ત્રણ ઈ રીક્ષા આવી ગઇ હતી. જેમાં પેસેન્જર પણ સવાર હતા. જેના કારણે મોટી કરુણાંતિકા સર્જાઈ અને સાત લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા. જ્યારે આઠ અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમાંથી બેની હાલત હજુ ગંભીર છે એટલા માટે મૃત્યુઆંક પણ વધી શકે છે.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો અને ઘાયલોને તાત્કાલિક ધોરણે સ્થાનિકોની મદદથી નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાલમાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી દીધી છે.

## વડોદરા નજીક ગોઝારો અકસ્માતઃ કાર ઝાડ સાથે ટકરાઈઃ ૪ ના મોત

### પાવાગઢ દર્શન કરીને પરત આવતા પટેલ પરિવારને દુર્ઘટના

વડોદરા તા.૧૫

વડોદરા શહેર નજીક પોર ગામ પાસે આજે એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૪ લોકોના કરુણ મોત નીપજ્યા આ જ્યારે પાંચ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ દુર્ઘટના સુરતના એક પરિવાર સાથે બની હતી, જેઓ પાવાગઢથી દર્શન કરીને પરત ફરી રહ્યા હતા.



પોલીસના જણાવ્યા અનુસાર, સુરતના ડિંડોલીમાં રહેતો અને મૂળ મહેસાણાનો પરિવાર પોતાની અર્ટિગા કારમાં પાવાગઢથી વડોદરા તરફ આવી રહ્યો હતો. દરમિયાન, પોર નજીક કાર અચાનક હાઈવે પરથી નીચે ઉતરી ગઈ અને એક ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ત્રણ લોકોના ઘટનાસ્થળે જ પ્રાણપંખેરુ ઉડી ગયા હતા.

અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકોએ તાત્કાલિક પોલીસ અને ફાયર વિભાગને જાણ કરી હતી.ભારે જહેમત બાદ મૃતકોને કારમાંથી બહાર કાઢ્યા હતા. મૃતકોને બહાર કાઢવા માટે ફાયર કટરનો ઉપયોગ કરવો પડ્યો હતો.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા પાંચ લોકોને તાત્કાલિક સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. ઇજાગ્રસ્તો પૈકી કેટલાક દર્દીઓને વધુ સારવાર માટે શહેરની મકરપુરા હોસ્પિટલમાં પણ ખસેડવામાં આવી રહ્યા છે.

ઈજાગ્રસ્તોની ઓળખ

વિનય જગદીશભાઈ પટેલ (ઉ.વ. ૩૨), ચિરાગ સુરેશભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, ધ્રુવ ધર્મેશભાઈ પટેલ અને નિરંજન જગદીશભાઈ પટેલ તરીકે થઈ છે. જયારે મૃતકોમાં હિતેશ પટેલ, દિપીકાબેન પટેલના નામ છે.

## બિહારમાં ત્રણ દિવસમાં બે ASIની હત્યા

### અરરિયા બાદ હવે મુંગેરમાં હવે ASIની હત્યાઃ વિવાદ ઉકેલવા જતાં પોલીસકર્મી પર તીક્ષ્ણ હથિયારથી હુમલો



બિહાર, તા.૧૫

અરરિયા બાદ હવે મુંગેરમાં પોલીસ ટીમ પર હુમલામાં એક પોલીસકર્મી (સહાયક સબ ઇન્સ્પેક્ટર)નું મોત થયું છે. આ ઘટના મુંગેર જિલ્લાના મુફુસિલ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના નંદલાલપુર ગામમાં બની હતી. મૃતકની ઓળખ ASI સંતોષ કુમાર તરીકે થઈ છે. તે છેલ્લા એક વર્ષથી મુફસ્સિલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો. તે ભાબુઆનો રહેવાસી હતો.

જાણવા મળતી માહિતી અનુસાર, શુક્રવારે રાત્રે ૮ વાગ્યે, માહિતી મળી હતી કે ITC નંદલાલપુર પાસે બે પક્ષો કોઈ મુદ્દાને લઈને એકબીજા સાથે લડી રહ્યા છે. આ માહિતી મળતાં જ ASI સંતોષ કુમાર તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા અને બંને પક્ષોને સમજાવવાનો પ્રયાસ શરૂ કર્યો. આ દરમિયાન એક પક્ષે તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો. ASI સ્વસ્થ થાય તે પહેલાં, તેમના માથા પર માર મારવામાં આવતા તે બેભાન થઈ ગયા હતા. આ દરમિયાન સાથી પોલીસ કર્મીઓએ તાત્કાલિક સંતોષ કુમારને સદર હોસ્પિટલમાં દાખલ કર્યા. જ્યાં ડોક્ટરોએ તેમને પ્રાથમિક સારવાર આપી અને તેમની ગંભીર હાલતને ધ્યાનમાં રાખીને, તેમને વધુ સારી સારવાર માટે પટના રિફર કર્યા. પરંતુ રસ્તા માં જ સંતોષ કુમારનું મૃત્યુ થયું. ઘટના બાદ વિસ્તારમાં ભારે હોબાળો મચી ગયો હતો.

## સુનિતા વિલીયમ્સને અવકાશમાંથી પરત લાવવાનું કાઉન્ટ ડાઉન શરૂઃ ૧૯ માર્ચે પાછા આવશે

### એલોન મસ્કનું રોકેટ ઉડાન ભરવા તૈયારઃ ૯ મહિને ધરતી પર વાપસી થશે

વોશિંગ્ટન : ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ ચાર દિવસ પછી, એટલે કે ૧૯ માર્ચે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) થી પૃથ્વી પર પાછા ફરશે. લાંબી રાહ જોયા પછી, એલોન મસ્કની અવકાશ એજન્સી સ્પેસએક્સના રોકેટ ફાલ્કન ૯ ને શુક્રવારે ભારતીય સમય મુજબ સાંજે ૪:૩૦ વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું.

યુએસ સ્પેસ એજન્સી નાસાએ તેને ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કર્યું. આમાં, ક્રૂ ડ્રેગન કેપ્સ્યુલ સાથે જોડાયેલ ચાર સભ્યોની ટીમ ISS માટે રવાના થઈ. આ મિશનને ક્રૂ-૧૦ નામ આપવામાં આવ્યું છે.

સુનિતા અને તેના સાથી બૂચ વિલ્મોર નવ મહિનાથી ISS પર ફસાયેલા છે. તેમના અવકાશયાનમાં ટેકનિકલ ખામી હતી, જેના કારણે તેમનું સમયસર પરત ફરવું શક્ય નહોતું.

ક્રૂ-૯ ની જગ્યાએ ક્રૂ-૧૦ ટીમ આવશે.



નવા ક્રૂમાં NASAના એન મેકક્લેન અને નિકોલ આયર્સ, જાપાની અવકાશ એજન્સી JAXAના ટાકુયા ઓનિશી અને રશિયન અવકાશ એજન્સી રોસકોસ્મોસના અવકાશયાત્રી કિરિલ પેસ્કોવનો સમાવેશ થાય છે. આ ચાર અવકાશયાત્રીઓ ISS પહોંચશે અને સુનિતા વિલિયમ્સ, બુચ વિલ્મોર અને ક્રૂ-૯ ના બે અન્ય સભ્યોનું સ્થાન લેશે.

ક્રૂ-૧૦નું અવકાશયાન ૧૫ માર્ચે ISS પર ડોક કરશે, જ્યાં તેઓ થોડા દિવસોના ગોઠવણો પછી ફરી કામગીરી શરૂ કરશે. આ પછી, ક્રૂ-૯ મિશન ૧૯ માર્ચ પછી ગમે ત્યારે પરત ફરશે.

બોઇંગના સ્ટારલાઇનરમાં એક ખામીને કારણે ૮ દિવસની મુસાફરી ૯ મહિનાની બની ગઈ :

સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરે બોઇંગના સ્ટારલાઇનર અવકાશયાનમાં મુસાફરી કરી હતી. આ મિશન ફક્ત ૮ દિવસનું હતું, પરંતુ ટેકનિકલ ખામીઓને કારણે તેને ૯ મહિના સુધી અવકાશમાં રહેવું પડ્યું. જોકે, સ્ટારલાઇનર અવકાશયાન પાછળથી ખાલી પાછું ફર્યું, કોઈ મોટી વધારાની સમસ્યાઓ વિના.

સ્પેસએક્સને પાછું લાવવાની જવાબદારી મસ્કની છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પેસએક્સના સીઈઓ એલોન મસ્કને અવકાશમાં ફસાયેલા સુનિતા વિલિયમ્સ અને તેમના સાથીદાર બુચ વિલ્મોરને પાછા લાવવાનું કામ સોંપ્યું છે.

ટ્રમ્પે જાન્યુઆરીમાં સોશિયલ મીડિયા પર લખ્યું હતુંઃ મેં મસ્કને તે બે 'બહાદુર અવકાશયાત્રીઓ'ને પાછા લાવવા કહ્યું છે. આને બિડેન વહીવટીતંત્ર દ્વારા અવકાશમાં છોડવામાં આવ્યા છે. તેઓ ઘણા મહિનાઓથી અવકાશ મથક પર રાહ જોઈ રહ્યા છે. મસ્ક ટૂંક સમયમાં આના પર કામ શરૂ કરશે. આશા છે કે બધા સુરક્ષિત હશો.

મસ્કે જવાબ આપ્યો કે આપણે પણ એવું જ કરીશું. તે ભયંકર છે કે બિડેન વહીવટીતંત્રે તેમને આટલા લાંબા સમય સુધી ત્યાં જ છોડી દીધા છે.



## પાક. સહિતના ૩૧ દેશોના નાગરિકો માટે વિસા નિયંત્રણ લાવશે અમેરિકા

### ટ્રમ્પ-વન શાસન સમયના નિયમો લાગુ કરાશે

વોશિંગ્ટનઃ

અમેરિકામાં ગેરકાનુની ઈમીગ્રેશનને વિમાનોમાં સ્વદેશ મોકલવાની કાર્યવાહી બાદ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે તેમની પ્રથમ ટર્મની માફક પાકિસ્તાન સહિતના અનેક દેશોના નાગરિકો માટે વિસા-ટ્રાવેલ-પ્રતિબંધ મુકવાની તૈયારીમાં છે. ટ્રમ્પ શાસને કુલ ૪૧ દેશોની યાદી તૈયાર કરી છે. જેમાં અફઘાનીસ્તાન, ઈરાન, સીરીયા, કયુબા અને ઉતર કોરિયા સહિત ૧૦ દેશોના નાગરિકને પૂર્ણ રીતે વિસા પ્રતિબંધ હેઠળ આવરી લેશે. ન્યુઝ એજન્સીના જણાવ્યા મુજબ કુલ ૩ કેટેગરીમાં આ યાદી તૈયાર થઈ છે. બીજા ગ્રુપ પુર્વી આફ્રિકન દેશ ઈરિટ્રીયા, હૈતી, લાઓસ, મ્યાનમાર અને દક્ષિણ સુદાનનો સમાવેશ થાય છે. જેમાં સ્ટુડન્ટ-ટુરીસ્ટ વિઝા થોડા અપવાદોમાં અપાશે.

આ ઉપરાંત ત્રીજી યાદીમાં પાક કબ્જાના કાશ્મીર અને પાકના નાગરિકોને પણ આ પ્રતિબંધીત યાદીઓ આવરી લેવાશે.

## ફરજિયાત ફાસ્ટેગ સિસ્ટમ સામે દાખલ કરેલી અરજી હાઈકોર્ટે ફગાવી

### કોર્ટે મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનની દલીલને નકારી કાઢી

મુંબઈઃ તા.૧૫

મુંબઈ હાઈકોર્ટે તમામ વાહનો માટે ફાસ્ટેગ સિસ્ટમને ફરજિયાત બનાવવાના નિર્ણયને પડકારતી અરજીને ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે એ સમજવું મુશ્કેલ છે કે ભારતમાં લોકો આ સિસ્ટમને સંભાળવા માટે સંપૂર્ણપણે તૈયાર નથી. કોર્ટે આ દલીલને પણ ફગાવી દીધી છે, જે અંતર્ગત કહેવામાં આવ્યું હતું કે ફાસ્ટેગનો ફરજિયાત ઉપયોગ નાગરિકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે. તમને જણાવી દઈએ કે ફાસ્ટેગ એક પ્રીપેડ, રિચાર્જેબલ ટેગ છે, જે વાહનની વિન્ડસ્ક્રીન પર લગાવવામાં આવે છે. જેના કારણે જ્યારે વાહન ટોલ પ્લાઝાના બેરિયર પરથી પસાર થાય છે ત્યારે ટોલ આપોઆપ ચૂકવવામાં આવે છે.




**'ડબલ ડ્યુટી અંગેનો પરિપત્ર અમલમાં છે'**

અરજદારના વકીલ ઉદય વારુંજીકરે જણાવ્યું હતું કે અપૂરતા ઈન્ફ્રાસ્ટ્રકચરને કારણે ફાસ્ટેગનો અમલ સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે, જેના કારણે વાહનચાલકોની મુશ્કેલીઓ વધી રહી છે. જે લોકો ફાસ્ટેગ નથી પહેરતા તેમની પાસેથી બમણી ફી વસૂલવી સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. તેથી તેને લગતો પરિપત્ર રદ થવો જોઈએ.

**'બેન્ચે અરજીને પાયાવિહોણી ગણાવી':**

ચીફ જસ્ટિસ આલોક આરાધે અને જસ્ટિસ ભારતી ડાંગરેની બેન્ચે આ નિર્ણય પૂણેના એક બિઝનેસમેનની અરજી પર આપ્યો છે. પિટિશનમાં તે પરિપત્રને પડકારવામાં આવ્યો હતો. જેમાં એક મુસાફરી માટે નિયત ચાર્જને બદલે ફાસ્ટેગ વગરના વાહનો માટે બમણો ચાર્જ ફરજિયાત હતો. પિટિશનમાં તમામ ટોલ પ્લાઝા પર ડ્રાઇવરો માટે એક લેન અને ફાસ્ટેગ માટે અલગ લેન બનાવવાની માંગ કરવામાં આવી હતી. પરંતુ સુનાવણી બાદ બેન્ચે અરજદારની દલીલોને પાયાવિહોણી ગણાવી અને કહ્યું કે એ સમજવું મુશ્કેલ છે કે ભારતના લોકો ફાસ્ટેગ માટે તૈયાર નથી. બેન્ચે કહ્યું કે ફાસ્ટેગ ખૂબ જ સરળ પ્રક્રિયા સાથે કામ કરે છે. આ માટે ટેક્નોલોજી વિશે બહુ જાણકાર હોવું જરૂરી નથી.

## બાબા રામદેવની વીમા ક્ષેત્રમાં એન્ટ્રી

### પતંજલિ આયુર્વેદ અને ધરમપાલ સત્યપાલ ગ્રુપ મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સ વચ્ચે ડીલ



દિલ્હી, તા.૧૫

યોગ ગુરુ બાબા રામદેવ વીમા ક્ષેત્રમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે. ધરમપાલ સત્યપાલ ગ્રુપ (DS ગ્રુપ), જે પતંજલિ આયુર્વેદ અને રજનીગંધા બ્રાન્ડની માલિકી ધરાવે છે, તેની આગેવાની હેઠળ, સનોતી પ્રોપર્ટીઝ LLP પાસેથી મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સ હસ્તગત કરશે. વીમા કંપનીનું આ સંપાદન રૂ. ૪,૫૦૦ કરોડના મૂલ્યાંકન પર કરવામાં આવશે. કંપનીએ ગુરુવારે શેરબજારોને આ એક્વિઝિશન ડીલ વિશે માહિતી આપી હતી. મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સ અદાર પૂનાવાલા અને રાઈઝિંગ સન હોલ્ડિંગ્સની માલિકીની છે.

કંપનીના નિવેદન અનુસાર,સનોતી પ્રોપર્ટીઝે તેની વીમા પેટાકંપની મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સ (અગાઉની મેગ્મા એચડીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ કંપની)ને સેલિકા ડેવલપર્સ અને જગુઆર એડવાઈઝરી સર્વિસીસને પતંજલિ આયુર્વેદ અને ડીએસ ગ્રુપ સાથેના શેર ખરીદી કરાર અનુસાર વેચવાની મંજૂરી આપી છે. કંપનીએ જણાવ્યું હતું કે આ સોદો રૂ. ૪,૫૦૦ કરોડના મૂલ્યમાં છે, જે નિયમનકારી મંજૂરીઓને આધીન છે.

## અમેરિકામાં રેપ-જાતિય સતામણી કેસમાં ગુજરાતી ડોકટરની ધરપકડ

અમદાવાદઃ મેરીલેન્ડમાં એક ગુજરાતી કાર્ડિયોલોજિસ્ટની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે, અમન પટેલ નામના આ ૪૩ વર્ષીય ડોક્ટર પર એક મહિલાની જાતીય સતામણી કરવા ઉપરાંત દુષ્કર્મ આચરવાનો આરોપ છે. અમેરિકન મીડિયાના રિપોર્ટ અનુસાર જૂન ૨૦૨૪માં એક મહિલાએ અમન પટેલ પર પોતાની સાથે અણછાજતી હરકતો કરવાનો આરોપ મૂક્યો હતો, આ મહિલા એસ્ટનમાં આવેલા યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ શોર મેડિકલ સેન્ટરમાં કામ કરતી હતી ત્યારે ત્યાં ટ્રાવેલિંગ કાર્ડિયોલોજિસ્ટ તરીકે ફરજ બજાવતા અમન પટેલે તેની સહમતી વિના તેને કિસ કરી હતી તેમજ તેને અયોગ્ય રીતે સ્પર્શ પણ કર્યો હતો.

આ ફરિયાદ બાદ પોલીસને વધુ એક મહિલા અમન પટેલની આ પ્રકારની હરકતોનો શિકાર બની હોવાની માહિતી મળી હતી જેની પણ પૂછપરછ કરવામાં આવી હતી. ત્યારબાદ ત્રીજી વિક્ટિમ પણ સામે આવી હતી, જેણે પોલીસને એવું જણાવ્યું હતું કે અમને તેને જબરજસ્તી કિસ કરી હતી તેમજ તેને નિતંબ પર ટપલી મારી હતી, આ ઉપરાંત એકવાર આરોપીએ એકવાર પોતાનું ગુપ્તાંગ પણ બતાવ્યું હોવાનો વિક્ટિમનો દાવો હતો.



એક તરફ પોલીસ ડો. અમન પટેલ પર લાગેલા આરોપોની તપાસ કરી રહી હતી ત્યારે સ્ટેટ ઓફ મેરીલેન્ડ્સ મેડિકલ બોર્ડ ઓફ ફિઝિશિયન્સે આ મામલે આરોપી સામે હિયરિંગ યોજી હતી જેમાં અમન પટેલે પોતાની સાથે કામ કરતી કેટલીક મહિલાઓ સાથે અણછાજતી હરકત કરી હોવાની કબૂલાત કરી હતી જેમાંથી અમુક વિક્ટિમ્સ તો પોલીસ પાસે ગઈ પણ નહોતી.

આખરે માર્ચ ૦૩ના રોજ મેરીલેન્ડના એસ્ટનની પોલીસે અમન પટેલને કસ્ટડીમાં લેવા માટે ટેક્સસના કેલર પોલીસ ડિપાર્ટમેન્ટની મદદ માગી હતી અને ત્યારબાદ તેની ધરપકડ કરી લેવાઈ હતી. અમન પટેલ પર ફર્સ્ટ અને સેકન્ડ ડિગ્રી રેપ ઉપરાંત જાતીય સતામણીના આરોપમાં ફોર્થ ડિગ્રીના આઠ ચાર્જિસ લગાવાયા છે તેમજ તેના પર સેકન્ડ ડિગ્રી અસોલ્ટના છ કાઉન્ટ્સ, ફોલ્સ ઈમ્પ્રિઝનમેન્ટના બે કાઉન્ટ અને હરાસમેન્ટના ત્રણ કાઉન્ટ્સ લગાવવામાં

# સાળંગપુરધામ બે લાખથી વધુ ભકતો સંગ રંગોત્સવમાં રંગાયુ

## દાદાનું દિવ્ય ષોડશોપચાર પૂજન: ૫૧ હજાર કિલો ઓર્ગેનિક રંગ વરસ્યો: નાસિક ઢોલનું આકર્ષણ



રાજકોટ,તા.૧૫

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પૂનમ નિમિત્તે તા.૧૪ માર્ચે ૨૦૨૫ને શુક્રવારના રોજ સાળંગપુરમાં શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને દાદાને હોળીના વિશેષ શણગાર કરી તથા સાત કલરના ૫૧,૦૦૦ કિલો ઓર્ગેનિક રંગો દ્વારા દિવ્ય રંગોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.સૌથી મોટા રંગોત્સવમાં ૧૧થી વધુ દેશ સહિત ગુજરાત અને અન્ય રાજ્યના લાખો ભકતો આવ્યા હતા. મુખ્ય મંદિર પરિસરને ભવ્ય રીતે રંગબેરંગી કાપડ-ફુલોનું ડેકોરેશન કરવામાં આવ્યું હતું.

પૂનમ નિમિત્તે સાંજે ૦૪:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય ષોડશોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યું.દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ,પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવેલ, પુષ્પવર્ષા કરવામાં આવેલ, દાદાની દિવ્ય સંધ્યા આરતી ૬:૩૦ કલાકે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)દ્વારા કરવામાં આવી હતી. તેમજ હજારો ભકતોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી તથા પ.પૂ. કોઠારીશ્રી વિવેકસાગર સ્વામીના માર્ગદર્શનથી હોળી-ધુળેટી પર્વ નિમિત્તે ૧૪ માર્ચે ૨૦૨૫ના રોજ એટલે કે, પૂર્ણિમાના દિવસે ગુજરાતના સૌથી મોટા રંગોત્સવ અંતર્ગત દાદાને હોળીના દિવસે વિશેષ શણગાર કરી તથા સાત કલરના ૫૧,૦૦૦ કિલો ઓર્ગેનિક રંગો દ્વારા દિવ્ય રંગોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

સંતો અને દેશ દુનિયાથી પધારેલા લાખોની સંખ્યામાં આવેલા ભક્તો એક સાથે દાદાના રંગે રંગાયા હતા. આજે સવારે શણગાર આરતી બાદ હનુમાનજીને રંગો રમાડ્યા. ફુલડોલોત્સવમાં દાદાનું વિશેષ પૂજન અર્ચન કર્યું. આ પછી સંતોને રંગ લાગાવીને ભક્તોની સાથે રંગોત્સવ ઉજવ્યો હતો. ૨ લાખ જેટલા ભક્તો દાદાના રંગે એક સાથે રંગાયા એવું અલૌકિક દશ્ય મંદિર પરિસરમાં જોવા મળ્યું હતું. સૌથી મોટા રંગોત્સવમાં ૧૧થી વધુ દેશ સહિત ગુજરાત અને અન્ય રાજ્યના લાખો ભક્તો આવ્યા હતા. મુખ્ય મંદિર પરિસરને ભવ્ય રીતે રંગબેરંગી કાપડ-ફુલોનું ડેકોરેશન કરવામાં આવ્યું હતું.નાસિક ઢોલે ભકિત રંગ વરસાવ્યો હતો.

હોળી-ધૂળેટીના દિવસે દાદાને પંચરંગી વાઘા-રંગબેરંગી ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. વાઘા રાજકોટમાં એક અઠવાડિયાની મહેનતે બનાવવામાં આવ્યા છે.

આ હોળીને વધારે મનોરંજક બનાવવા માટે ૫૦ ઢોલીઓ નાસિક ઢોલના તાલે ધૂમ મચાવી અને ભક્તો હોળી રમ્યા બાદ રાસની રમઝટ બોલાવી- સંતોના સાનિધ્યમાં ભવ્ય રંગોત્સવ ઉજવાયો હતો.

ગુજરાતના સૌથી મોટા હોળી ઉત્સવનું સેલિબ્રેશન કરવા માટે દાદાના ભક્તો યુવાનો - યુવતીઓ, ભાઈઓ - બહેનો, નાના બાળકોથી માંડી વડીલ વૃદ્ધ સુધી ગુજરાત ભરમાંથી એવમ્ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને વિદેશથી પણ દાદા સંગે - સંતોને સંગે હોળી સેલિબ્રેશન માટે પધાર્યા હતા.

### પૂ.આ.ભ.શ્રીમદ્ જયશેખરસૂરીવરજી મ.સા.નાં સાનિધ્યમાં

# સોમવારે શાંતિનાથ જિનાલયમાં ભૂમિપૂજન-શિલા સ્થાપન કાર્યક્રમ

## શત્રુંજય તીર્થ સ્વરૂપ શ્રી જય તળેટીના ભૂમિપૂજનમાં લાભાર્થીઓની ઉપસ્થિતિ



રાજકોટ,તા.૧૫

ફાગણ વદ ૩ ને સોમવાર તારીખ ૧૭/૩/૨૫ સમય સવારે ૬:૦૦ કલાકે પાવન નિશ્રા ૫. પૂ. આ. દેવ શ્રી જયશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદી ઠાણા નૂતન શાંતિનાથ જિનાલય ભૂમિ પૂજન શીલા સ્થાપનનો લાભ લેનાર મહાપુણ્યવાન પરિવારો ભૂમિ પૂજન અને મુખ્યશીલાનાં લાભાર્થી ચંદ્રાવતીબેન જશવંતરાય શાહ, જે. એમ. શાહ (એડવોકેટ) પરિવાર, દિલેશભાઈ જે. શાહ (એડવોકેટ) હ:શ્રીમતી કોમલબેન દિલેશભાઈ શાહ, હિત, પ્રીત, પૂર્વ દિશા ની શીલા લાભાર્થી જ્યોતિબેન શશીકાંતભાઈ શાહ પરિવાર હ: મનીષા અર્પણ શાહ, તેજલબેન વૈભવ સંઘવી, પશ્ચિમ દિશાની શીલા લાભાર્થી મંજુલાબેન હિંમતલાલ શાહ પરિવાર હ: હિમાબેન સુનિલભાઈ શાહ, ઉત્તર દિશા ની શીલા લાભાર્થી ઉષાબેન હરેશભાઈ બાખડા પરિવાર, દક્ષિણ દિશાની શીલા લાભાર્થી કામિનીબેન મનીષભાઈ શાહ પરિવાર હ: રાજ (કમળાપુરવાળા), ઈશાન દિશાની શીલા લાભાર્થી સ્વ. રોહીનીબેન બામનમલજી ગાંધી પરિવાર હ: જીતુભાઈ મારવાડી, અગ્નિ દિશાની શીલા લાભાર્થી: પ્રથમ, શ્રેયાંશ હ: આશાબેન સતીશકુમાર દફતરી, નૈઋત્ય દિશાની શીલા લાભાર્થી શ્રીમતી સરયુબેન જીતેન્દ્રભાઈ પારેખ (ઝવેરી) પૂજન, સિદ્ધિ, હિયાન, હેલી, વાયવ્ય દિશા ની શીલા લાભાર્થી ઇન્દિરાબેન વસંતભાઈ જસાણી,વસંતભાઈ રતિલાલ જસાણી, મીના, સંજય-શિલ્પા, વિનય-ચૈતાલી, ડો. પાર્થ ડો. અશ્વિની, ધ્વનિ, શ્રેયા. સાથોસાથ સવારે ૫:૪૫ કલાકે પાવન શત્રુંજય તીર્થ સ્વરૂપ જય તળેટી નું ભૂમિ પૂજન શીલા સ્થાપન નો લાભ લેનાર મહાપુણ્યવાન પરિવારો ભૂમિ પૂજન અને મુખ્યશિલા લાભાર્થી દિવ્યાબેન ચંદ્રકાન્ત હિંમતલાલ શાહ, ઉષા મેટલ પરિવાર, શ્રી મિલનભાઈ ચંદ્રકાંતભાઈ શાહ, હ: શ્રીમતી રાખીબેન મિલનભાઈ શાહ, શ્રીમતી નિષ્ઠાબેન નિયન્તકુમાર ભારદ્વાજ, પ્રિતેશભાઈ મિલનભાઈ શાહ, ધ્રુવી પ્રિતેશભાઈ મિલનભાઈ શાહ, પૂર્વ દિશા ની શિલા લાભાર્થી શ્રી સરલાબેન બિંદુભાઈ મહેતા પરિવાર, કંચનબેન રતિલાલ શાહ, ધવલ કેતનભાઇ મહેતા, દીપ્તિબેન શૈલેષભાઈ મહેતા, હીનાબેન તુષારભાઈ શાહ, પુષ્પાબેન કનકરાજ શેઠ, પશ્ચિમ દિશાની શિલા લાભાર્થી શ્રીમતી હેમાબેન અરૂણભાઇ જયસુખલાલ દોશી હ: મોનિકા તેજસભાઈ મહેતા, દેવાંશી જીજ્ઞેશભાઈ દોશી, ઈશા, મંત્ર, જીલ, ઉત્તર દિશાની શિલા લાભાર્થી શ્રીમતી શિલ્પાબેન ગિરીશભાઈ જેઠાણી પરિવાર હ: નીક્કી, દક્ષિણ દિશાની શીલા લાભાર્થી સ્વ. મગનલાલ ગુલાબચંદ રૈયાણી પરિવાર હ: મધુબેન પ્રવિણભાઈ રૈયાણી, બિનલ, તુષાર, હિર, તિર્થ જોડિયાવાળા કાર્યક્રમ પૂર્ણ થયે પધારેલ ભાવિકોની નવકારશી રાખેલ છે. સકળ સંઘના ભાઈઓ બહેનોને પધારવા આમંત્રણ છે.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જેની કાલાવાડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ રાજકોટના મહેશભાઈ મણીયાર ૯૪૨૭૭૨૦૩૩૧, વિપુલભાઈ દોશી મો. ૯૨૨૮૭૬૫૬૮૮, નિતેશભાઈ શાહ ૯૪૨૬૨૨૦૨૧૬ ની યાદી જણાવે છે.

# એક પણ લાભાર્થી સરકારી અનાજથી વંચિત રહેવા ન જોઈએ

## અધિકારીઓને તાકીદ કરતા સાંસદ અને ધારાસભ્ય: પૂરવઠા સલાહકાર સમિતિની બેઠક મળી

રાજકોટ,તા.૧૫

રાજકોટ શહેર/જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક કલેક્ટર કચેરી ખાતે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. બેઠકમાં પુરવઠા વિભાગની વિવિધ યોજનાઓની સમીક્ષા કરવાની સાથે સાંસદ સહિત પદાધિકારીઓ દ્વારા અન્ન વિતરણ, ગ્રાહક સુરક્ષા બાબતે રજૂ કરાયેલ પ્રશ્નોનુ નિરાકરણ કરવા સંબંધિત અધિકારીઓને કલેકટરશ્રીએ સૂચના આપી હતી.

બેઠકમાં જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ અનાજ અને પુરવઠો ગ્રાહકો સુધી સમયસર અને પૂરતા પ્રમાણમાં પહોંચતો રહે, વાજબી ભાવની દુકાનો દ્વારા અનાજ વિતરણ નિયમિત અને વિક્ષેપ વગર કરવા, નિયમિત દુકાનોની તપાસ કરવી, વિવિધ વિસ્તારોમાં વન નેશન-વન રેશનના કેમ્પ યોજવા વગેરે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રીબેન વંગવાણી દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી જિલ્લામાં 'વન નેશન વન રેશન કાર્ડ' થકી થતા અનાજ વિતરણની વિગતો, ઘઉં, ચોખા, ખાંડ, બાજરી સહિતના પુરવઠાનું વિતરણ, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અન્વયે થયેલી કામગીરી અંગેની માહિતી આપવામાં આવી હતી.

સાંસદ રામભાઈ મોકરિયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, મહેન્દ્રભાઈ પાડલીયા સહિતના પદાધિકારીઓ દ્વારા અધિકારીઓને નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબતે માર્ગદર્શન આપી જરૂરિયાતમંદ એક પણ લાભાર્થી સરકાર દ્વારા વિતરણ થતાં અનાજના લાભથી વંચિત ન રહે તે જોવા તાકીદ કરી હતી.



બેઠકમા ભાયાવદર નગરપાલિકાના પ્રમુખ રેખાબેન, સમિતિના સભ્ય મનોજભાઇ રાઠોડ, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી. વૈષ્ણવ, દિપાબેન કોરાટ સહિત સભ્યઓ, અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.



# ગાંધીનગરમાં આયોજીત બ્રહ્મ બિઝનેસ સમિટમાં રાજકોટના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે

રાજકોટ,તા.૧૫

ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપ ના પ્રવક્તા યજ્ઞેશ ભાઈ દવે ના માર્ગ દર્શન હેઠળ યોજાયેલ બ્રહ્મ બિઝનેસ સમિટ માં અંદાજે ૧૦ લાખ થી વધુ ભૂદેવો ગુજરાત ભર માં થી ઉપસ્થિત રહેનાર છે ત્યારે આ સમિટ માં ભાગ લેવા રાજકોટ ખાતે થી બ્રહ્મ સમાજ ના અગ્રણી ઓ તેજસ ભાઈ ત્રિવેદી ,વિરલ ભાઈ ભરદ્વાજ ,જયેશ ભાઈ પંડ્યા ,હરેશ ભાઈ જોષી ,સમીર ભાઈ પંડ્યા ,ગુરુ ભાઈ રાવલ ,સંકેત ભાઈ આચાર્ય ,આનંદ પુરોહિત ,હર્ષ રાવલ , તેજસ રાવલ વહેલી સવારે રવાના થયા હતા ત્યારે સૌરાષ્ટ્ર ભર માં થી વિવિધ ક્ષેત્ર ના બ્રહ્મઅગ્રણી ઓ પણ ઉપસ્થિત રહ્યા

# ટ્રાફિક સિગ્નલ બપોરે ૧ થી ૫ બંધ કરો

## ભીષણ ગરમીમાં અનેક સિગ્નલ આડેધડ ચાલે છે : કોંગ્રેસ પ્રમુખ રાજાણીનો કમિશ્નરને પત્ર



રાજકોટ, તા. ૧૫

રાજકોટમાં આ વર્ષે ઉનાળો ધગધગી ઉઠયો છે ત્યારે ભરબપોરે અને ભીષણ ગરમી વચ્ચે ટ્રાફિક સિગ્નલોનું મોનીટરીંગ કરવા અને બપોરે ૧ થી ૫ બંધ રાખવાનું મહત્વનું સૂચન કોંગ્રેસે કર્યુ છે.

કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ કમિશ્નરને પત્ર લખીને જણાવ્યું છે કે, હાલ શહેરમાં ૨૬ ટ્રાફિક સિગ્નલ છે. જે સમયસર ચાલુ બંધ કરાતા નથી. રાજનગરમાં રાત્રે ૧૦ વાગ્યે પણ સિગ્નલ ચાલુ હોય છે. અનેક સિગ્નલ આડે વૃક્ષની ડાળીઓ કે બોર્ડ આવી જાય છે. સિગ્નલની કામગીરી સંભાળતા અધિકારીઓને ટાઇમટેબલ જાળવવા સૂચના આપવી જોઇએ. લીમડા ચોકમાં સવારે ૧૦ વાગ્યે પણ સિગ્નલ બંધ હતા. ભુતખાના ચોકમાં કોઇ ટ્રાફિક કર્મચારી ન હતા.

હાલ દેશભરમાં ભિષણ ગરમીની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે રાજકોટ સમગ્ર દેશમાં કાળજાળ ગરમીમાં અગ્રીમ હરોળમાં આવી ગયું છે. આથી બપોરના સમયે પણ ટ્રાફિક સિગ્નલ ચાલુ હોવાને પગલે શહેરીજનોને ખાસ કરીને બાઈક ધારકોને ભિષણ ગરમીના કારણે આકરો તાપ અને કાળજાળ ગરમીનો સામનો કરવાની ફરજિયાત ફરજ પડે છે. અત્યારથી ગરમીનો પારો આસમાને પહોંચ્યો છે ત્યારે હવામાન ખાતાની પણ આગાહી છે

કે આગામી દિવસોમાં ગરમી ભૂકકા બોલાવવાની હોય ત્યારે હાલ બપોરના ૧-૦૦ થી ૫-૦૦ સુધી શહેરના તમામ ટ્રાફિક સિગ્નલો બંધ રાખીને અવરજવર કરવાની છૂટ મળવી જોઈએ. તેવું અંતમાં અતુલ રાજાણીએ જણાવ્યું છે.



# સામાજીક સમરસતા મંચ વર્ધમાન વિસ્તાર દ્વારા સફાઈ કામદાર ભાઈઓ બહેનો સાથે ધુળેટીની ઉજવણી

રાજકોટ, તા.૧૫

સામાજીક સમરસતા મંચ વર્ધમાન વિસ્તાર દ્વારા રાજકોટ મહાનગર પાલીકા વોર્ડ નં : ૧૬ ના સફાઈ કામ કરતા ભાઈઓ તેમજ બહેનો સાથે ધુળેટીની ઉજવણી કરી હતી.

આ તકે એસ.આઈ. એમ.પી.ચાવડા, એસ.એસ.આઈ. જે.એચ.સાગીઢીયા, એસ.એસ.આઈ. કે.એચ.તરૈયા તેમજ સામાજીક સમરસતા મંચ રાજકોટ મહાનગરના સંયોજક સુરેશભાઈ કરકરે, વધેમાન વિસ્તાર સંયોજક કૌશિક ટાંક, આનંદનગર સહ કાયેવાહ જીતેન્દ્રભાઈ ધાગધરીયા, ધમેજાગરણ સંયોજક જીજ્ઞેશભાઈ રામાવત, જગદીશભાઈ અગ્રાવત, તેમજ ભાજપ વોર્ડ પ્રમુખ હસુભાઈ કાચા, કોર્પોરેટર કંચનબેન સિધ્ધપુરા, મનુભાઈ પ્રજાપતિ, જતીનભાઈ પટેલ, પિયુષભાઈ જલુ, મનીષાબેન ગોહેલ,પરાગ કાકડીય, જયદીપ કાકડીય, ઘનશ્યામભાઈ રાજપુત ખાસ હાજર રહ્યા હતા.



# અક્ષર ટ્યુશન કલાસીસમાં ધૂળેટી પર્વની વિવિધ સ્પર્ધાઓ દ્વારા ઉજવણી: વિજેતાઓને સન્માનિત કરાયા

રાજકોટ,તા.૧૫

ધૂળેટી પર્વ નિમિતે શહેરના રેલનગર વિસ્તારના આવેલ અક્ષર ટ્યુશન કલાસીસમાં 'ધૂળેટી' પર્વની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો દ્વારા વિવિધ પ્રકારના ચિત્રો દોરી, કલર પૂરી, રંગે રમી વગેરે જેવી વિવિધ હરિફાઇ યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં કલાસીસના સંચાલક હરેશ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપી, પારિતોષિક ઈનામ આપી તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને મોં મીઠું કરાવી પ્રોત્સાહન વધારવામાં આવ્યું હતું. તેમજ કલાસીસના શિક્ષક બિનલ બોરાણિયા દ્વારા વિદ્યાર્થીઓને 'હોલિકા દહન' વિશેનું માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ હોળી પર્વનું શું મહત્વ છે તેમના વિશે માહિતગાર પામ્યા હતા.

# કાલે મનહર પ્લોટ સંઘમાં પૂ.સુનીતાબાઈ મ.સા.અને પૂ.શ્વેતાંશીબાઈ મ.સા.ની પધરામણી

## સવારે વિરાણી ચોકથી સામૈયુ કરાશે: શ્રાવકોમાં ઉત્સાહ

રાજકોટ,તા.૧૫

રાજકોટના મનહર પ્લોટ જૈન સંઘમાં કાલે સવારે પૂ.સુનીતાબાઈ મ.સા. અને પૂ.શ્વેતાશીબાઈ મ.સા.ની નિશ્રામાં ચૈત્રી આયંબિલની ઓળી આરાધના થશે સવારે ૮:૩૦ કલાકે વિરાણી ચોકથી સામૈયુ કરવામાં આવશે.

પૂ.પ્રાણ પરિવાર ના તપસમ્રાટ પૂ.ગુરૂદેવશ્રી રતિલાલજી મહારાજ સાહેબ,રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના આજ્ઞાનુંવર્તી તેમજ પૂ.મુક્ત - લીલમ - સન્મતિ ગુરુણીના આજ્ઞાનુંવર્તી સુશીષ્યા "સન્મતિશિશું" મધુરભાષી પૂ.સુનીતાબાઈ મ.સ. અને પરમ ઉત્સાહી પૂ .શ્વેતાંશીબાઈ મ.સ. ઠાણા - ૨ આવતી કાલે તા.૧૬.૦૩.૨૦૨૫ રવિવારના આપણે ત્યાં ચૈત્રી આયંબિલની ઓળી નિમિતે પધારતા હોય,સંઘના શ્રાવક - શ્રાવિકાને બહોળી સંખ્યામાં સ્વાગત માટે વિરાણી ચોક સવારના ૮.૩૦ વાગ્યે હાજરી આપવા અનુરોધ કરાયો છે.

# કાલે મુંબઈ ખાતે ગુરૂદેવ નમ્રમુનિ મ.સા.નું ઓપરેશન

## રાજકોટ સહિત અનેકવિધ સ્થળોએ આયંબિલ તપની આરાધના: સંપૂર્ણપણે શાતા-સમાધિ રહે તે માટે ભાવિકો પ્રાર્થના કરશે

રાજકોટ: રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ નમ્રમુનિ મ.સા.નું આવતીકાલે સવારે મુંબઈ ખાતેની એચ.એન. રિલાયન્સ હોસ્પિટલમાં હરણીયાનું ઓપરેશન થનાર છે. ઓપરેશન નિર્વિધ્ને પૂર્ણ થાય તે માટે ભાવિકો પ્રાર્થના કરશે.

પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુની મહારાજ સાહેબનું ઓપરેશન નિર્વિધ્ને થાય એમને સંપૂર્ણપણે સાતા-સમાધિ રહે તે માટે રાજકોટના રોયલ પાર્ક ઉપાશ્રયમાં સવારે જાપ રાખેલ છે તથા આયંબિલ તપની આરાધના રાખેલ છે. ભાવિકોએ મોટી સંખ્યામાં જોડાવવા ચંદ્રકાંત શેઠની યાદીમાં જણાવાયુ છે.

રાજકોટ સહિત અનેક મોટા શહેરોમાં આયંબિલ જપના આયોજનો કરાયા છે. જેમાં પરમ ગુરૂદેવ સંપૂર્ણપણે સ્વસ્થ રહે તેવી પ્રભુ ચરણમાં ભાવભીની પ્રાર્થના કરાશે.

# હમાસને ટેકો આપનાર ભારતીય વિદ્યાર્થીની ખુદ અમેરિકાથી ડિપોર્ટ થઈ

## એફ-૧ સ્ટુડન્ટ વિઝા પર અમેરિકા ગઈ હતી: સરકારે તે રદ કરવા નોટીસ આપતા જ ખુદ દેશ છોડી ગઈ



વોશિંગ્ટન તા.૧૫

અમેરિકામાં ટ્રમ્પ શાસને બદલાવેલી ઈમીગ્રેશન પોલીસીમાં હવે ખાસ કરીને પેલેન્ટાઈન અને હમાસને ટેકો આપી રહેલા વિદ્યાર્થીઓ પણ ટાર્ગેટ બનવા લાગ્યા છે અને કોલંબીયા યુનિ.માં અભ્યાસ કરતી ભારતની વિદ્યાર્થીની રંજની શ્રીનિવાસન જે એફ-૧ સ્ટુડન્ટ વિઝા પર અમેરિકામાં અભ્યાસ કરતી હતી તેણે હમાસને ટેકો આપતા જ તેના વિઝા રદ કરાયા હતા અને રંજની ખુદે સીબીપી હોમ એપનો ઉપયોગ કરીને પોતે જ ડીપોર્ટ થઈ ગઈ હતી અને ભારત પરત આવી ગઈ છે. અમેરિકાની હોમલાઈન સિકયુરીટીના સેક્રેટરી ક્રિસ્ટી નોએમે કહ્યું કે અમેરિકામાં રહેવા અને અભ્યાસ કરવાનો વિઝા મેળવવો એક વિશેષાધિકાર છે પણ જો તમે હિંસા અને આતંકવાદની હિમાયત કરતા હો તો તમે તેને લાયક નથી અને તમારે આ દેશમાં રહેવું ન જોઈએ. તે બાદ તેના વિઝા રદ કરાયા હતા અને રંજનીએ તેની સામે અદાલતી પ્રક્રિયાનો સહારો લેવાને બદલે ખુદ ડીપોર્ટ થઈ ગઈ હતી.



# પીસીબીનાં પેટ્રોલીંગમાં બે સ્થળોએ મકાનમાંથી વિદેશી દારૂ સાથે બે ઝડપાયા: એક ફરાર

## અલગ-અલગ બ્રાન્ડની રૂા.૭૮ હજારની બોટલો જપ્ત

રાજકોટ તા.૧૫

પીસીબીએ પેટ્રોલીંગ દરમિયાન બે અલગ અલગ સ્થળોએ બે મકાનમાંથી વિદેશી દારૂ સાથે બે શખ્સોને ઝડપી લઈ રૂા.૭૮ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પીસીબીના હેડ કોન્સ. કુલદીપસિંહ અને પો.કોન્સ. વિજયભાઈ, યુવરાજસિંહ વિ.એ ચૌકકસ બાતમીના આધારે માર્કેટ યાર્ડ રોડ પર મનહર સોસાયટી શેરી નં.૧માં જયેશભાઈ લખમણભાઈ કનકપરાના મકાનમાંથી વિદેશી દારૂ નંગ ૧૨૨ કિ.રૂા.૪૦૪૧૮ સાથે જયેશને પકડી લીધો હતો. રેઈડ દરમિયાન ધવલ ધીરેનભાઈ પુજારા નાસી છૂટયો હતો. બીજા દરોડામાં લાખાજીરાજ શ્રમજીવી સોસાયટી શેરી નં.૪ પાસે દીપક રઘુ રાઠોડ રે. ચુનારાવાડ શેરી નં.૨ના મકાનમાંથી દારૂની બોટલ નં.૯૪ કિં.રૂા.૩૭૬૦૦ સાથે ઝડપી લઈ ગુનો નોંધેલ છે.

આ કામગીરી પીસીબી ઈ.ચા. પોલીસ ઈન્સ. એમ.આર. ગોંડલીયા, પો.સ.ઈ. એમ.જે. હુણ, એએસઆઈ મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, પો.હે.કો. કિરતસિંહ ઝાલા, કરણભાઈ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, રાહુલગીરી ગૌસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા, પો.કો. યુવરાજસિંહ રાણા, વિજયભાઈ મેતા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકીએ કરી હતી.

# પાકિસ્તાનની ઘટનામાં ભારતનો હાથ હોવાના આરોપોનું ખંડન કરીએ છીએ:વિદેશમંત્રાલય

નવી દિલ્હી, તા.૧૫

બલુચિસ્તાનમાં જાફર એકસપ્રેસના હાઇજેકિંગના મામલે પાકિસ્તાનના વિદેશમંત્રાલયે આ કેસમાં ભારતનો હાથ હોવાના આરોપોને ભારતે ફગાવી દીધા હતા



અને આ મુદ્દે વિદેશમંત્રાલયે જવાબ આપતાં કહ્યું હતું કે આખી દુનિયાને ખબર છે કે વૈશ્વિક આતંકવાદનું કેન્દ્ર ક્યાં છે.

આ મુદ્દે વિદેશમંત્રાલયના સત્તાવાર પ્રવક્તા રણધીર જાયસવાલે કહ્યું હતું કે 'અમે પાકિસ્તાને લગાવેલા નિરાધાર આરોપોનું દઢતાથી ખંડન કરીએ છીએ. આખી દુનિયા જાણે છે કે વૈશ્વિક આતંકવાદનું કેન્દ્ર ક્યાં છે. પાકિસ્તાને એની આંતરિક સમસ્યા અને પોતાની નિષ્ફળતા માટે બીજાઓ પર આંગળી ઉઠાવવા અને દોષ મૂકતાં પહેલાં પોતાની અંદર ઝાંકવું જોઈએ.'

# હોળી-ધૂળેટી

(છેલ્લા પાનાનું ચાલું)

મહેસાણાનાં ઉંઝા હાઈવે પર પણ હીટ એન્ડ રનનો બનાવ બન્યો હતો જેમાં કારચાલકની ટકકરથી પગપાળા જતા બાઈક સવાર યુવાનનું મૃત્યુ નીપજયુ હતું. ઉંઝામાં જ અન્ય એક અકસ્માતમાં અજાણ્યા વાહનની ઠોકરે વૃદ્ધનુ મોત થયુ હતું.

સુરતના માંડવી તાલુકાનાં અરેઠ ગામમાં ટ્રેકટર ચાલકે કાબુ ગુમાવતા તે ખાણમાં ખાબકયુ હતું અને તેમાં ચાલકનું મોત નીપજયુ હતુ.

બોટાદના ગઢડા નજીક કાળુભાર નદીમાં નહાવા પડેલા બે યુવકોનાં મોત નીપજયા હતા. થરાદમાં નર્મદાની કેનાલમાંથી એક યુવતીનો મૃતદેહ મળ્યો હતો યુવતીએ આપઘાત કર્યાનું બહાર આવ્યું હતું. આ સિવાય માંડવીનાં કરંજમાં યુવતીએ પંખા સાથે લટકીને આપઘાત કર્યો હતો બારડોલીમાં પરિણીતાએ ઘરેલુ હિંસાથી કંટાળીને આપઘાત કર્યો હતો.

# કોમર્શિયલ

(છેલ્લા પાનાનું ચાલું)

અનેક બિલ્ડીંગ એસો.એ ટીઆરપી ગેમઝોનનો બોધ પાઠ લઈ આજ સુધી એનઓસી રિન્યુ કરાવેલ નથી. આ કારણે રાજકોટમાં હવે મોટા પાયે ચેકીંગ અને નોટીસની કાર્યવાહી શરૂ કરાશે. દરમ્યાન આ રહેણાકની ઈમારતમાં ફિટ કરવામાં આવેલ ફાયર સેફટીના સાધનો વર્કિંગ કંડીશનમાં લાગ્યા નથી. જે કારણે કોમર્શીયલ ઈમારતોમાં ચેકીંગ અને સીલીંગની કાર્યવાહી મુજબની કાર્યવાહી હવે રહેણાકના બિલ્ડીંગોમાં પણ કરવી પડે તેવી જરૂરિયાત ઉભી થઈ છે. આથી મહાનગરપલિકા દ્વારા આ મુદ્દે ચર્ચા કરવા માટે આજે બેઠક યોજાશે તેમ જાણવા મળેલ છે. એટલાન્ટિસ ઈમારતમાં આગની દર્ઘટના બાદ ફાયર વિભાગની તપાસમાં પ્રાથમિક ધોરણે ફાયરના સાધનો નકામા હોવાનું તેમજ ૧૦ વર્ષથી બે વિંગની ફાયર એનઓસી રિન્યુ ન થયાનું અને બે વીંગ પાસે ફાયર એનઓસી ન હોવાનું પણ ખુલવા પામ્યું છે. જેના લીધે ટીઆરપી ગેમઝોન દુર્ઘટના બાદ ફાયર વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી ઉપર સવાલો ઉભા થયા છે. હવે આ પ્રકરણમાં સંપૂર્ણ તપાસના આદેશ કરવામાં આવ્યા છે જેના અંતે કડક કાર્યવાહી થવા સંકેત છે.

# સાંજ સમાચાર — ટચુકડી જાહેર-ખબર


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

**સાંજ સમાચાર**

ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારના અંકમાં પ્રસિધ્ધ

★ઓછામાં ઓછી ૪ લાઈન
★ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.

- વ્યવસ્થાપક



**Raymond શુટ** રૂ. 3000
કાપડ + સિલાઇ સાથે સફારી શુટ રૂ. ૧૫૫૦
રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂ. ૧૨૦૦
વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે ફકત રૂ. 3000 શુટ કોટ પેન્ટ
વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે બ્રાન્ડેડ જોડી રૂ. ૧૧૦૦

**ભાડે મળશે શુટ-સેરવાની**

ચણીયા ચોળી
ઇન્ડો-વેસ્ટર્ન જોધપુરી-બ્લેઝર સાફા-મોજડી

**રાજપૂતાના પોષાક**

રજવાડી બીજીસ હન્ટર શર્ટ, અચકણ બેલ્ટ, બ્લોચ કલગીસાફો-પાઘડી, મોજડી, હન્ટર જોધપુરી તેમજ બાળકોના હન્ટર શર્ટ - બીજીસ મળશે
ન્યુ બન્ના કલેકશન

**ચામુંડા શુટ ઝોન**
શુટ ફેન્સી →૩૫૦૦થી
ઇન્ડોવેસ્ટર્ન →૩૫૦૦થી
ફેન્સી બ્લેઝર →૨૫૦૦થી
સેમી ઇન્ડોવેસ્ટર્ન →૨૨૦૦થી
કોટન કુર્તા સેટ → ૫૫૦થી
ફેન્સી કોટ →૧૦૦૦થી
સિલ્ક કુરતા જેકેટવાળા →૧૮૫૦થી
કાઉલ કુરતા શેટ →૨૫૦૦થી
કોટી → ૫૫૦થી

**ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેકશન**
વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ. મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫



**ફલેટ વેચવાનો છે**
2 BHK, ફુલ્લી ફર્નિશ્ડ સોલાર, CCTV કેમેરા વિશાળ પાર્કિંગ, ફુલ હવા- ઉજાશ
દ્વારિકા પલ એપાર્ટમેન્ટ, પાંચમા માળે કોર્નરવાળો, સ્વામિનારાયણ ચોક PDM કોલેજ પાછળ, ગોંડલ રોડ ટચ
ફોન સમય બપોરે 4 પછી 88499 13910


## વેચવાનું છે

**વેચવાનું છે**
ડુપ્લેક્ષ, ૭૧ વાર, ૩ બીએચકે, ફિકસ ફર્નિચર સાથે, રાધિકા પાર્ક, સ્ટર્લિંગ હોસ્પિટલની પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, ધર્મેશ્વર મંદિર રોડ, કિં. ૫૫ (નેગોશીએબલ) ફોન કિરીટભાઈ : ૯૮૨૫૦ ૩૪૨૮૧ (મહાદેવ)

**ફલેટ વેચવાનો**
સામાન્ય રીતે, જ્યારે પણ દેશ ભક્તિ પર બોલિવૂડમાં ફિલ્મ બનાવવા આવે છે, ત્યારે તેનું ધ્યાન ભારત-પાકિસ્તાન પર હોય છે અને આવી ફિલ્મોમાં પાકિસ્તાનની ઘણી ધોલાઈ થાય છે. દિગ્દર્શક શિવમ નાયરની ધ ડિપ્લોમેટ પાકિસ્તાનમાં ફસાયેલી ઉઝમા અહેમદની સાચી ઘટના પર આધારિત હોઈ શકે છે, જે રાજદ્વારી જેપી સિંહ દ્વારા ભારત પરત લાવવામાં આવી હતી, પરંતુ તેને એક લાક્ષણિક ભારત-પાકિસ્તાન વાર્તા બનાવવાને બદલે, દિગ્દર્શક તેને માનવ વાર્તા તરીકે રજૂ કરે છે, જ્યાં દેશની અખંડિતતા અને ગૌરવ બતાવવા માટે પાડોશી દેશને અપમાનિત કરવાનો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નથી. આ વાર્તાનું આશ્ચર્યજનક પેકેજ છે ફિલ્મનો હીરો જહોન અબ્રાહમ, જે તેની મજબૂત એક્શન ઈમેજથી વિપરીત, આવા શાંત પરંતુ રાજદ્વારી પાત્રમાં જોવા મળ્યો છે, જે તમને આખી ફિલ્મ દરમિયાન મોહિત કરે છે.

આ ફિલ્મ એક સત્ય ઘટના પર આધારિત છે. ભારતીય મહિલા ઉઝમા અહેમદને પાકિસ્તાનમાં કપટથી લગ્ન કર્યા બાદ બંદી બનાવી લેવામાં આવી હતી. તત્કાલીન વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને ડેપ્યુટી હાઈ કમિશનર જેપી સિંહના અથાક પ્રયાસોને કારણે જાતીય હિંસાનો ભોગ બનેલી ઉઝમાને ભારત પરત લાવવામાં આવી હતી. મલેશિયામાં રહેતી ઉઝમા અહેમદ પોતાની પુત્રીની સારવારને લઈને ચિંતિત છે. ત્યારબાદ તે પાકિસ્તાની તાહિર (જગજીત સંધુ)ને મળે છે. તાહિર ઉઝમાને પ્રેમ અને તેની પુત્રીની સારવારના વચન સાથે પાકિસ્તાન બોલાવે છે. પાકિસ્તાનના ખિવાર વિસ્તારમાં પહોંચતા જ સાદિયાને ખબર પડે છે કે તેને ફસાવી દેવામાં આવી છે. તેના જેવી બીજી ઘણી સ્ત્રીઓ છે જેઓ કેદ છે અને શારીરિક અને જાતીય સતામણીમાંથી પસાર થઈ



**રાજદ્વારી**
**રેટિંગ :** ★★★(થ્રી સ્ટાર )
**દિગ્દર્શકઃ** શિવમ નાયર
**કલાકારોઃ** જોન અબ્રાહમ, સાદિયા ખતીબ, શારીબ હાશ્મી, કુમુદ મિશ્રા, રેવતી વગેરે.
**સમયગાળોઃ** ૨ કલાક ૨૭ મિનિટ
**શૈલીઃ** એક્શન-થ્રિલર

રહી છે. ઉઝમા કોઈક રીતે ભારતીય દૂતાવાસ સુધી પહોંચવામાં સફળ થાય છે અને પછી ડેપ્યુટી કમિશનર જીપી જેપી સિંઘ (જહોન અબ્રાહમ) પાસે મદદ માંગે છે.રોમાંચક રાજદ્વારી પરિસ્થિતિ વચ્ચે, જેપી સિંહ, તેમની ટીમ અને વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ (રેવતી)ની મદદથી મુશ્કેલ સંજોગોમાં ઉઝમાને ભારત પરત કરે છે.નામ શબાના જેવી ફિલ્મો અને સ્પેશિયલ ઑપ્સ જેવી વેબ સિરીઝના દિગ્દર્શક રહી ચૂકેલા શિવમ નાયરએ સત્ય ઘટનાને ફિલ્મમાં ફેરવતી વખતે કંઈપણ ઉપરથી જવા દીધું ન હતું. જહોન અબ્રાહમ જેવા એક્શન સ્ટારની હાજરીમાં

**ફિલ્મ કેમ જોવી ?**
સત્ય ઘટનાઓ પર આધારિત ફિલ્મોના શોખીન જહોન અબ્રાહમની જોરદાર એક્ટિંગ માટે આ ફિલ્મ જોઈ શકાય છે.

આવું થવાની શક્યતા ખૂબ જ પ્રબળ હતી, પરંતુ શિવમે પાત્રોને વાસ્તવિક રીતે રજૂ કર્યા છે. ફિલ્મ ધીમી ગતિએ શરૂ થાય છે, પરંતુ પછી વાર્તા તેની થ્રિલર શૈલીમાં આગળ વધે છે. રિતેશ શાહના મજેદાર સંવાદો વાર્તાને હળવી ક્ષણો પ્રદાન કરે છે. ફિલ્મની સ્ક્રિપ્ટ સરસ છે, કુણાલ વાલ્વનું એડિટિંગ શાર્પ છે, જ્યારે સિનેમેટોગ્રાફર ડીનો પોપાવે પાકિસ્તાનના ખ્યાવાર વિસ્તારની નિર્જનતા અને ભયાનકતાને સુંદર રીતે પોતાના કેમેરામાં કેદ કરી છે.

સંગીતના સંદર્ભમાં, 'ભારત, નૈના અને ઘર' જેવા ગીતો થીમને અનુરૂપ છે, ક્લાઈમેક્સ દમદાર છે. જેને સુષ્મા સ્વરાજ, ઉઝમા અહેમદ અને જેપી સિંહના વાસ્તવિક ફૂટેજ સાથે જોડીને દિગ્દર્શક દ્વારા વિશ્વસનીયતા આપવામાં આવી છે.

તેની લડાઈની છબીથી વિપરીત, જહોન અહીં પ્રામાણિકતા અને સંતુલિત અને રમૂજની ભાવના સાથે સાચા પાત્રને રજૂ કરે છે. જહોને તેના તાજેતરના ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે જ્યારે વાર્તાઓની વાત આવે છે ત્યારે વ્યક્તિએ જોખમ લેવું પડે છે, તેથી જહોને નિ:શંકપણે આ વાર્તા પસંદ કરવાનું જોખમ લીધું. 'આ પાકિસ્તાન છે, રાહ જુઓ, અહીં માણસ અને ઘોડો સીડીથી આગળ વધી શકતા નથી' જેવા સંવાદોમાં તે ટોચ પર છે. સાદિયા ખાટીવે ઉઝમા અહેમદ તરીકે સારું કામ કર્યું છે, પરંતુ તેની ભૂમિકામાં થોડી વધુ ભાવનાત્મક ઊંડાઈ હોવી જોઈએ. તિવારીના નાના રોલમાં શરીવ હાશ્મી યાદગાર રહે છે. કુમુદ મિશ્રા માત્ર વકીલના રૂપમાં મનોરંજનની પળો આપે છે. આઈએસઆઈ એજન્ટ મલિક (અશ્વથ ભટ્ટ) તેની ભૂમિકા મુજબ કુટિલ લાગે છે. સુષ્મા સ્વરાજની ભૂમિકામાં રેવતી અસરકારક રહી છે. સપોર્ટિંગ કાસ્ટ સારી છે.




જરૂર છે વાજપેયી જેવી દ્રષ્ટિ ધરાવતા નેતાની, ડીએમકે તેની સાથે જ હતું અને કદી આ પ્રકારના પ્રશ્નો ઉભા થયા ન હતા

# વિવાદ : ગૌરવ કે પૂર્વગ્રહ!

**તામિલનાડુની સ્તાલીન સરકારે રૂપિયાના રાષ્ટ્રીય પ્રતિક સાથે ચેડા કરીને એક ખતરનાક માનસિકતા દર્શાવી છે તે વાસ્તવિકતા છે પણ સ્થિતિ આ સુધી શા માટે આવી તે પણ પ્રશ્ન છે, મહત્વનું એ છે કે નવા સીમાંકન, ત્રિભાષા ફોર્મ્યુલા આ તમામ જે મુદ્દાઓ હવે ઉછળવાના ચાલુ થયા છે તેમાં તામિલનાડુ સહિતના દક્ષિણના રાજયોને ડર છે કે તેમનું રાજકારણ કટ ટુ સાઇઝ થઇ જશે જે દુર કરવાની જરૂર છે, દક્ષિણ ભારતે રાષ્ટ્રીય વિકાસમાં જે યોગદાન આપ્યું છે તેને અવગણી શકાય નહીં અને તે ફકત પોલીટીકલ કારણોસર વિરોધને ગ્રાન્ટેડ લઇ શકાય નહીં**

**એ પણ વાસ્તવિકતા છે કે હવે રાજકીય સ્પર્ધા એ દુશ્મનાવટમાં ફેરવાઇ રહી છે અને વિકાસ વિરોધી, ભ્રષ્ટાચારી, રાષ્ટ્ર વિરોધી આ બધા લેબલો ગમે ત્યારે લગાવી દેવાય છે, તામિલનાડુનું દ્રષ્ટાંત લઇએ દેશના શ્રેષ્ઠ વિકસીત રાજયોમાં તે મોખરે છે, જીડીપી અને ટેકસ યોગદાનમાં પણ તેનો ક્રમ આગળ છે અને એ વાસ્તવિકતા છે કે ત્યાં કદી ભાજપનું શાસન રહ્યું નથી આમ વિકાસને પોલીટીકસથી દુર રાખવો જોઇએ અને સંવાદની સ્થિતિ બનાવવી જોઇએ, કેન્દ્ર ગમે તેટલું મજબુત હોય પણ જો રાજયોને સાથે લાવી ન શકે તો દેશ મજબુત નહીં બને**

૨૦૧૪માં જયારે ડીએનકેના સ્ટાલવન્ટ નેતા દયાનીધિ મારન સેન્ટ્રલ ચેન્નાઇમાંથી લોકસભા ચૂંટણી લડી રહ્યા હતા ત્યારે તેઓએ હિન્દીમાં પોસ્ટર છપાવ્યા અને તેમાં હાલના મુખ્યમંત્રી સ્તાલીન અને તેમના પિતા તેમજ પૂર્વ મુખ્યમંત્રી કરૂણાનીધિની તસ્વીરો પણ હતી એટલું જ નહીં તેઓએ ઉતર ભારતીય મતદારોને રાજી કરવા માટે હિન્દીમાં પણ ભાષણ આપવાનું શીખી લીધુ અને રાજસ્થાન સમાજ દ્વારા યોજાયેલ હોળી મહોત્સવમાં ભાગ લીધો આમ ગત સપ્તાહે જયારે રાજયના મુખ્યમંત્રી સ્તાલીને રાજયનું બજેટ કરતા સમયે જે રીતે આપણા સત્તાવાર ચલણ રૂપિયાની સાઇન બદલીને તમીલ ભાષામાંના અક્ષરનો ઉપયોગ કર્યો તો કેટલો પોલીટીકલ મોટીવેટેડ વિચાર હતો તે ખુલ્લુ થઇ જાય છે કેન્દ્ર સરકાર સાથે નહોર ભરાવીને સ્તાલીન હવે ફરી એક વખત ઉતર અને દક્ષિણની રાજનીતિ કરી રહ્યા છે પરંતુ આ એક ખતરનાક ખેલ છે. જોકે પ્રથમ વખત તે બન્યું નથી અને અંતિમ વખત તે બનશે નહીં. ઉત્તર અને હિન્દીનો વિરોધ કરવો એ દક્ષિણની રાજનીતિમાં સફળ થવાનો એક માર્ગ છે અને અહીં ડીએમકેના સ્થાપક અન્ના દુરાઇએ રાજયસભામાં ધમકી આપી હતી કે જો રાવણની દહનની પ્રથા બંધ નહીં થાય તો તમીલનાડુ ભારતથી અલગ થઇ જશે અને અહીં ભગવાન શ્રી રામના પોસ્ટર જસ્ટીસ પાર્ટીએ

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

સળગાવ્યા પણ છે પણ જે રીતે ગત સપ્તાહે ડીએમકે રાષ્ટ્રીય ચલણના પ્રતિક સાથે ચેડા કરવાનો પ્રયત્ન કર્યો તે કદાચ અત્યાર સુધીનો સૌથી ગંભીર માનસિકતા દર્શાવે છે અને રાષ્ટ્રીય પ્રતિક એટલે જ રાષ્ટ્રીય પ્રતિક કહેવાય છે કે કારણ કે દેશમાં સૌને લાગુ પડે છે પછી તે ભાષા કે પ્રદેશના સીમાડામાં બંધાઇ જતા નથી. ભારત કરતા અમેરિકામાં ફેડરલ ગર્વનમેન્ટ સિસ્ટમ વધુ સ્વતંત્ર છે અહીં રાજયોએ પ્રેસિડેન્ટના આદેશ સામે અદાલતમાં જઇને લડી શકે છે અથવા માનવાનો ઇન્કાર પણ કરી શકે છે તેમ છતાં પણ કદી એક પણ રાજયએ અમારો ડોલર કે અમારી ભાષાનો ડોલર તેઓ પ્રશ્ન ઉઠાવ્યો નથી. અમેરિકામાં ભલે એક જ ભાષા સતાવાર હોય છતાં પણ ત્યાં અનેક વિવિધતાઓ છે. જયારે તમિલનાડુમાં મુખ્યમંત્રી એમ.કે.સ્તાલીનને લોકસભા સીટોના નવા સીમાંકનથી લઇને ત્રણ ભાષાની ફોર્મ્યુલા લાગુ કરવા સામે હવે મોરચો માંડી દીધો છે અને આજે જ ચેન્નાઇમાં સીમાંકન મુદ્દે બેઠક છે તેમાં દક્ષિણના રાજય ઉપરાંત છેક પંજાબમાંથી અકાલી દળ પણ ભાગ લેવાનું છે.

જયાં સુધી લોકસભાની બેઠકોના નવા સીમાંકનનો પ્રશ્ન છે તો બંધારણની કલમ ૮૨ મુજબ લોકસભાની બેઠકોની સંખ્યાનો નિર્ણય લેવાનો એક આધાર બને છે. ૧૯૭૬માં સંવિધાનની ૪૨માં સંશોધન બાદ તે કાર્યવાહી પર ૨૫ વર્ષ સુધી સ્ટે મુકાયો હતો અને ૨૦૦૦ના વર્ષમાં ફરી એક વખત આ મુદ્દો આવ્યો અને ફરી એક વખત બંધારણ સુધારીને




**એવું નથી કે દક્ષિણમાં હિન્દી પ્રત્યે આટલી સુગ છે, ખુદ ડીએમકે ચૂંટણી સમયે હિન્દીમાં પોસ્ટરો છપાવે છે અને ભાષણો આપે છે પણ જે રીતે ત્રિભાષા ફોર્મ્યુલા જે ૧૯૪૯થી ભલામણના સ્તરે છે તેમાં પણ હિન્દી ફરજીયાત નથી તેમ છતાં એક હાવ ઉભો કરાયો છે કે દક્ષિણ ઉપર હિન્દી થોપી દેવાશે પણ થોપવાથી ભાષા બની જતી નથી, નવા સીમાંકનની વાત છે તો તેમાં પોલીટીકલ ગંધ આવે તો પણ તેનો વિરોધ પોલીટીકસની રીતે જ થવો જોઇએ, રાષ્ટ્રીય ચિહન સાથે ચેડા કરીને દેશની ઓળખને બગાડવી જોઇએ નહીં**

વધુ ૨૫ વર્ષનો સ્ટે આવ્યો હવે જયારે ૨૦૨૫ આવી છે ત્યારે મોદી સરકારે નવા સીમાંકન મુજબ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી યોજાઇ તે માટે હાલ પ્રયાસો ચાલુ થયા છે. મહત્વની બાબત એ છે કે ૨૦૨૦થી આપણી વસ્તી ગણતરી પણ સતત પાછી ઠેલાઇ છે. પહેલા કોરોના કાળ નડયો અને ત્યારબાદ અન્ય કારણો પણ ૨૦૨૫નો પ્રારંભ થયા પછી પણ હજુ વસ્તી ગણતરી અંગે કોઇ સંકેત નથી. જયારે તે હાથ ધરાશે ત્યાર બાદ નવા સીમાંકનનો પ્રશ્ન ઉભો થશે અને ત્યારે દક્ષિણના રાજયોને એવો ભય છે કે તેઓએ વસ્તી નિયંત્રણનું જે પાલન કર્યુ તેના કારણે આ રાજયોની વસ્તી નિયંત્રીત રહી છે અને તેથી તેની લોકસભા બેઠકો ઘટશે અને મોદી સરકારે ખાસ કરીને દક્ષિણમાં ભાજપ પ્રવેશ મેળવી શકતું નથી તેથી દક્ષિણનો દબદબો ઓછો કરવા તે લોકસભા બેઠક ઘટાડીને તેના પર ઉતર ભારતનું વર્ચસ્વ સ્થાપી દેશે.

બીજો વિવાદ ત્રીભાષા ફોર્મ્યુલાનો છે. નવી શિક્ષણ નીતિમાં માતૃ ભાષા એક અન્ય ભારતીય ભાષા અને અંગ્રેજી એમ ત્રણ ભાષાનો ઉલ્લેખ છે. પણ હિન્દીનો સ્પષ્ટ ઉલ્લેખ થયો નથી. સ્તાલીને એવો ડર છે કે ત્રીજી ભાષાના નામે હિન્દી તેમના પર થોપી દેવાશે નવી શિક્ષણ નીતિ તે સ્વીકારવા તૈયાર નથી. ત્રિભાષાની ફોર્મ્યુલા આજની નથી અને મોદી સરકાર લાવી નથી. ૧૯૪૮-૪૯માં તેની તરફેણ રાધાકૃષ્ણ આયોગે કરી હતી અને કેન્દ્ર સરકારે તેને અપનાવી. ૧૯૬૮માં કોઠારી આયોગ એ પણ તેને આગળ વધારી જેમાં હિન્દીને એક આધુનિક ભાષા તરીકે સામેલ કરવાનું કહેવાયું હતું. જોકે તમિલનાડુએ કદી હિન્દીનો ત્રીજી ભાષા તરીકે સ્વીકાર કર્યો નથી અને તે કહે છે કે જેને હિન્દી શીખવું હશે તે શીખશે અમે ઈનકાર કરતા નથી. પણ હવે ત્રીભાષા ફોર્મ્યુલામાં મોદી સરકારે જે રીતે કડક અમલ કરવાની તૈયારી કરી છે તેનો આ વિવાદ છે અને તેમાં રૂપિયાનું પ્રતિક જોડાઇ ગયું છે.

સૌથી કમનસીબ બાબત એ છે કે ડીએમકે જે વિરોધ કરે છે તે રૂપિયાનું પ્રતિક હટાવવું અને તેના સ્થાને તમીલ ભાષામાં ચિહન મુકવું તે એક ખતરનાક બાબત છે. આ પ્રતિક પણ મોદી સરકાર લાવી નથી. સરકારની દલીલ એ છે કે તમિલ અક્ષર રૂ ને બદલવાનું કારણ એક જ તેમાં દેવનાગરી એટલે કે હિન્દી ભાષાનો ઉપયોગ થયો છે જે તે ઇચ્છતા નથી અને તેના સ્થાને તમિલમાં રૂપિયા જે 'રૂબાઇ' તરીકે ઓળખાય છે તે દર્શાવ્યું છે. વાસ્તવમાં આ પ્રતિક પણ મનમોહન સરકાર પણ દાખલ કર્યુ હતું તે સમયે ડીએમકે એ તે સ્વીકાર્યુ હતું અત્યાર સુધી તે સ્વીકાર્ય બની રહ્યું અચાનક જ ફકત અન્ય વિરોધના કારણે રૂપિયાના પ્રતિકને નિશાન બનાવાયો છે તે પણ આશ્ચર્ય છે. વાસ્તવમાં તમિલ શબ્દ 'રૂબાઇ'નું મુળ સંસ્કૃત શબ્દ 'રૂપિયા'માં છે જેનો અર્થ ચાંદીનો સિકકો થાય છે અને તેનો ઉલ્લેખ તમિલ અને દ્રવિડીયન સંસ્કૃતિમાં છે અને છેક શ્રીલંકા સુધી જોવા મળે છે. ઇન્ડોનેશીયા, માલદીવ, મોરેશીયસ પણ 'રૂપી' તેના જવાબનો ઉપયોગ કરે છે અને એ રૂપિયાનું પ્રતિક ભારતીય ચલણની વૈશ્વિક ઓળખ બની છે અને જો આ રીતે વૈશ્વિક ઓળખ સમાન ભારતીય પ્રતિક સાથે ચેડા થવા લાગે તો કાલે સવારે ચલણી નોટોમાં પણ તમીલનાડુમાં વિરોધ થશે. રાષ્ટ્રગીતનું પણ તમિલ ભાષામાં રૂપાંતર અથવા અમારૂ રાષ્ટ્રગીત અમારી ભાષામાં તેવા પ્રશ્ન ઉભા થશે જે કોઇ પણ રીતે સ્વીકાર્ય બને નહીં.

મહત્વની બાબત એ છે કે છેલ્લા કેટલાક સમયથી દેશમાં જે રીતે રાજકીય સ્પર્ધા એ રાજકીય દુશ્મનાવટ બનવા લાગી છે તેનું આ પરિણામ છે. અને તેમાં તમામ રાજકીય પક્ષો દોષિત છે. તામિલનાડુ કે સ્તાલીનના રૂપિયાના પ્રતિક સાથેના ચેડા તો સ્વીકાર્ય બને જ નહીં અને આ ખતરનાક માનસિકતા આગળ વધે તો કાલે સવારે જે મહારાષ્ટ્રમાં તમામ દુકાનોના બોર્ડ પણ મરાઠીમાં હોય તેવો આગ્રહ રાખવામાં આવે છે તેમ પોતાની ભાષાને આગળ ધરીને રાષ્ટ્રીય ભાષાને અવગણનાની પ્રવૃતિ દેશ માટે સૌથી ચિંતા સર્જે તેવી બને જશે. વાસ્તવમાં ભાષાને પોલીટીકલ ટુલ બનાવી જ ન શકાય અને રાષ્ટ્રીય મુદ્દા હોય તેમાં સંવાદ જ મહત્વનો છે. તમારા આદેશો રાજય ઉપર લાગુ કરી શકો નહીં જયાં સુધી સંરક્ષણ કે વિદેશ નીતિ જેવી મહત્વની બાબત હોય તો અલગ બાબત છે ત્રણ ભાષાની ફોર્મ્યુલા અપનાવી નહીં અને હિન્દીમાં વ્યવહાર ન કર્યો તો પણ તમિલનાડુએ આજે દેશનું શ્રેષ્ઠ વિકસીત રાજય છે અને જીડીપીમાં ઉંચો ફાળો આપનાર રાજય છે શિક્ષણ બાબતમાં પણ શ્રેષ્ઠ છે અને આથી ભાષાના કારણે વિકાસ થાય છે તે માન્યતા ભૂલ ભરેલી છે કે પછી રાજકીય વિરોધીને વિકાસ વિરોધી તરીકે ચીતરવા, દેશદ્રોહી ગણવા, ભ્રષ્ટાચારી ગણવા આ તમામ જે એક નવી માનસિકતા અપનાવાઇ છે તે પણ રૂપિયાના પ્રતિક તમિલ વર્ઝન જેવી ભાગલા પાડવા જેવી છે. તામિલનાડુનો ડર દુર થવો જોઇએ. નવા સીમાંકન મુદ્દે જે પ્રશ્ન છે તેમાં વિશ્વાસમાં લેવા જોઇએ. ઉતરપ્રદેશ જેવા ભારેખમ રાજય સામે તામિલનાડુની સરખામણી કરો તો તેનું શાસન શ્રેષ્ઠ છે. તો તેને ફકત રાજકીય કારણોસર ડીસ્ટર્બ કરવા જોઇએ નહીં. જરૂર છે વાજપેયી જેવી દ્રષ્ટિ ધરાવતા નેતાની, ડીએમકે તેની સાથે જ હતું અને કદી આ પ્રકારના પ્રશ્નો ઉભા થયા ન હતા.

# IPLની તમામ ૧૦ ટીમોના કેપ્ટન જાહેર: પાંચમાં નવા સુકાની

## સૌથી રોમાંચક ટુર્નામેન્ટ આડે એક સપ્તાહ: ટીમોએ રણનીતિ ઘડવાનું શરૂ કર્યું

મુંબઈ તા.૧૫

દુનિયાની સૌથી સફળ અને રોમાંચક ક્રિકેટ ટુર્નામેન્ટ આઈપીએલની નવી સીઝન શરૂ થવામાં એક સપ્તાહનો સમય બાકી રહ્યો છે ત્યારે તમામ ૧૦ ટીમો દ્વારા કેપ્ટન જાહેર કરી દેવામાં આવ્યા છે અને તેને આધારે દરેક ટીમો દ્વારા રણનીતિ ઘડવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

૧૦ માંથી પાંચ આઈપીએલ ટીમો દ્વારા કેપ્ટન બદલવામાં આવ્યા છે.

૨૨ મી માર્ચથી આઈપીએલની ધમાકેદાર શરૂઆત થવાની છે ચેમ્પીયન બનવાના ટારગેટ સાથે બન્ને ટીમો દ્વારા તૈયારી પણ શરૂ કરી દેવામાં આવી છે. તમામ ૧૦ ટીમોના કેપ્ટન જાહેર કરી દેવાયા છે.સૌથી છેલ્લે દિલ્હી કેપીટલ્સ દ્વારા કેપ્ટન તરીકે અક્ષર પટેલના નામનું એલાન કર્યુ હતું ૧૦ માંથી ૫ ટીમોના કેપ્ટન બદલાયા છે.દિલ્હીમાં અક્ષર પટેલ લખનૌમાં ઋષભ પંત, બેંગ્લોરમાં રજત પાટીદાર, પંજાબમાં શ્રેયર ઐય્યર તથા કોલકતાની




ટીમમાં અજીંકય રહાણે હશે.

દિલ્હી કેપિટલ્સનું સુકાન અક્ષરને સોંપાયુ છે તે ટીમનો ૧૪ મો કેપ્ટન બન્યો છે.

તમામ ટીમનાં કેપ્ટન પર નજર નાખવામાં આવે તો સૌથી વધુ વખત પંજાબની ટીમે કપ્તાન બદલાવ્યા છે. પંજાબની ટીમમાં અત્યાર સુધીમાં ૧૭ ખેલાડીઓએ કેપ્ટનશીપ કરી છે જે આઈપીએલ ઈતિહાસનો રેકોર્ડ છે. આ

**દિલ્હી, લખનૌ, બેંગ્લોર, પંજાબ અને કોલકતાની ટીમો નવા કપ્તાન હેઠળ રમશે**

સિવાય દિલ્હીમાંથી ૧૪, હૈદરાબાદના ૧૦, મુંબઈનાં ૯, કોલકતા-બેંગ્લોરનાં ૮-૮, રાજસ્થાનનાં ૬, ચેન્નાઈ-લખનૌનાં ૪-૪ તથા ગુજરાતમાંથી ત્રણ ખેલાડીઓએ કેપ્ટનશીપની જવાબદારી સંભાળી છે.

# સરહદને ઓળંગતી સંવેદના

## ભારતીય બાળકનું સ્વપ્ન પાકિસ્તાની કેપ્ટન તરીકે પુરૂ થયું

૧૯૪૭માં આઝાદી સાથે દેશના બે ભાગલા પડવાની ઘટનાએ કેટલાય લોકોના જીવન બદલી નાખ્યા. ઇતિહાસમાં વિશ્વના સૌથી મોટા 'Human Migration' (માનવી સ્થળાંતર) તરીકે ઓળખાતા એ બટવારાની આપણે તો ફકત કલ્પના જ કરી શકીએ. વર્ષો સુધી જે ઘર-શહેર-પ્રાંતમાં રહેતા હોય એ અચાનક જ પરાયો દેશ બની જાય એ સ્વીકારવું કેટલું કઠીન હશે એવું વિચારવું પણ મનમાં ગ્લાની ભરી દે છે. મારા પિતા પણ આવા જ સમયે કરાંચી છોડી સોળ વર્ષની વયે સરહદની આ બાજુ સાવેલા પ્રૌઢ વયે પહોંચ્યા પછી જયારે ટીવી આવ્યા ત્યારે કરાંચીમાં રમાતી મેચ આખો દિવસ બેસીને એટલે જોતા કે પોતાનું મુળ વતન જોઇ શકે, એ શહેરનું સ્ટેડીયમ, રસ્તા, સ્મારક કંઇ પણ જોઇ શકે.

ખેર, આ બાબત તો ખુબ જ સંવેદનશીલ છે અને જો લખવા બેસીએ તો થોકબંધ લખી શકાય. ક્રિકેટની મુળ વાત પર ચાલીએ અને એક એવા ક્રિકેટરની વાત કરીએ જે યુવા વય સુધી ભારતમાં રહ્યા, ક્રિકેટ પણ અહીં જ શીખ્યા અને આઝાદીના ૧૪-૧૫ વર્ષ પછી પાકિસ્તાન જતા રહ્યા અને આગળ જતા તે દેશ માટે રમ્યા અને કેપ્ટન પણ બનયા. આપણે વાત કરી રહ્યા છીએ ભૂતપૂર્વ પાકિસ્તાની કેપ્ટન આસીફ ઇકબાલની...

ભારતના હૈદરાબાદમાં જન્મેલા આસીફ ઇકબાલ ભારતના ભૂતપૂર્વ કેપ્ટન ગુલામ અહેમદના નજીકના કુટુંબી રીશ્તેદાર (ભત્રીજો) છે. સાનીયા મીર્ઝાના પણ તેઓ સગા થાય, યુવા વયથી જ ક્રિકેટ પ્રત્યે લગાવ હતો, આસીફ ઇકબાલે હૈદરાબાદમાં પ્રભાવી પ્રદર્શન કર્યા. ૧૭-૧૮ વર્ષની વયે જ તેઓ હૈદરાબાદ માટે પ્રથમ કક્ષાનું ક્રિકેટ પણ રમવા લાગેલા. બહુ ઓછા લોકોને



ખબર હશે પણ જયારે પાકિસ્તાનની ક્રિકેટ ટીમ ૧૯૬૧માં ભારતના પ્રવાસે આવેલી ત્યારે આસીફ ઇકબાલ સાઉથ ઝોન વતી પ્રવાસી પાકિસ્તાનની ટીમ સામે ત્રણ દિવસીય મેચ રમેલા એ પછી થોડા સમયમાં જ આસીફ ઇકબાલ



**ક્રિકેટ ક્લાસિકસ**
**પ્રકાશ ભટ્ટ**

એમના કુટુંબ સાથે પાકિસ્તાન જતા રહ્યા. ત્યાં જઇને કરાંચી અને નેશનલ બેંક ઓફ પાકિસ્તાન વતી રમ્યા અને બે જ વર્ષમાં પાકિસ્તાનની ટીમ માટે પસંદગી પામ્યા. ઓલરાઉન્ડર આસીફ ઇકબાલ મીડીયમ પેસ બોલર અને સમર્થ મીડલ ઓર્ડર બેટસમેન હોવા સાથે ઉચ્ચ કોટીના ફિલ્ડર પણ હતા. પાકિસ્તાન માટે ૫૮ ટેમ્ટ મેચ રમેલા આસીફ ઇકબાલે બે વિશ્વ કપ (૧૯૭૫ અને ૧૯૭૯)માં પાકિસ્તાન ટીમની કેપ્ટનશીપ પણ કરેલી છે. યોગાનુયોગ તેઓ પોતાની ટેસ્ટ કારકીર્દીની છેલ્લી મેચ કલકતાના ઇડન ગાર્ડન પર રમેલા છે અને તેની પણ એક રસપ્રદ કથા છે.

આસીફ ઇકબાલ જયારે હૈદરાબાદની એક સ્કુલમાં ભણતા હતા ત્યારે કોઇ સ્કુલ ટુર્નામેન્ટ માટે કલકતા રમવા ગયેલા મેચ પછી બધા ખેલાડીઓને ઇડન ગાર્ડનનું સ્ટેડીયમ જોવા લઇ જવામાં આવ્યા. વિશાળ અને સુંદર ક્રિકેટ સ્ટેડીયમ જોઇને અભિભૂત થઇ ગયેલા ૧૨-૧૩ વર્ષના આસીફ ઇકબાલે એક સ્વપ્ન જોયુ કે કોઇ દિવસ ભારત માટે તેઓ આ મેદાન પર રમશે. કાળનું કરવું અને તેઓ ભારત માટે રમે એ પહેલા પાકિસ્તાન જતા રહ્યા કહે છે ને કે સાચા દિલથી કરેલી પ્રાર્થના ફળીભૂત થયા વગર રહેતી નથી. એ જ આસીફ ઇકબાલ વીસેક વર્ષ પછી ભારત સામે એક કેપ્ટન તરીકે ૧૯૮૦માં પોતાની છેલ્લી ટેસ્ટ મેચ રમવા આઇકોનિક ઇડન ગાર્ડન્સ પર રમવા ઉતર્યા એ ટેસ્ટ શ્રેણી, છઠ્ઠી અને છેલ્લી ટેસ્ટ મેચ શરૂ થાય એ પહેલા જ ભારત જીતી ચુકયુ હતું પણ અંતિમ ટેસ્ટ મેચ કોઇપણ રીતે જીતવા આસીફ ઇકબાલ અને પાકિસ્તાન ટીમે મરણીયા પ્રયાસ કર્યા.

મેચમાં પરિણામ આવે એટલા માટે તેમણે છ રનની લીડ પોતાના પર હોવા છતાં દાવ ડીકલેર કરી દીધો. બીજી ઈનીંગમાં ભારતને ૨૦૦ રનમાં આઉટ કરી દીધુ અને હવે પાકિસ્તાનને જીતવા છેલ્લા દિવસે લગભગ ૬૦ ઓવરમાં ૨૪૦ રન કરવાના હતા. જોકે પાકિસ્તાન તે રન કરી ન શકયું અને મેચ ડ્રોમાં જ પરીણમી પણ સ્પોર્ટીંગ ડીકલેરેશન અને જોરદાર ફાઇટ બેક દર્શકોને જોવાની ખુબ મજા પડી એમનું મન મોહી લીધુ અને પોતાની અંતિમ ઇનિંગમાં જયારે આસીફ ઇકબાલ રન આઉટ થઇ પેવેલીયન પરત ફર્યા ત્યારે આખા ઇડન ગાર્ડને ઉભા થઇ તાળીઓ પાડી (સ્ટેન્ડીંગ ઓવેશન) આસીફ ઇકબાલને વધાવી લીધા આખી ભારતીય ટીમે પણ તેમની ભવ્ય કારકિંદી માટે સલામ કરી, આવા ભાવુક વાતાવરણમાં આસીફ ઇકબાલ રડતા-રડતા પેવેલીયન સુધી પહોંચ્યા, ત્યારે બાળપણમાં જોયેલું સ્વપ્ન પણ તેમની ભીની આંખોમાં તરવરી રહ્યું હતું. આવી ભીની સંવેદનાઓ કેટકેટલી સરહદોને ઓગાળી દેતી હશે !

# દિલ્હી કેપિટલ્સનું સુકાન ગુજજુ ક્રિકેટર અક્ષર પટેલને સોંપાયુ

## સાત સિઝનથી દિલ્હીની ટીમમાં રહેલા ઓલ રાઉન્ડરને મોટી જવાબદારી

નવી દિલ્હી તા.૧૫

ભારતીય ક્રિકેટ ટીમનાં ઓલરાઉન્ડર અક્ષર પટેલને દિલ્હી કેપીટલ્સનું સુકાન સોંપવામાં આવ્યું છે. આગામી સપ્તાહમાં શરૂ થતી આઈપીએલ સિઝન પૂર્વે આ જાહેરાત કરવામાં આવી છે.

દુબઈમાં આઈસીસી વન-ડે ટુર્નામેન્ટમાં ચેમ્પીયન્સશીપ ટ્રોફી જીતનારી ભારતીય ટીમમાં સામેલ અક્ષર પટેલને આ નવી જવાબદારી સોંપવામાં આવી છે. ગત સીઝનમાં દિલ્હીનું નેતૃત્વ ઋષભ પંતે કર્યુ હતું અને ટીમનો દેખાવ અત્યંત નિરાશાજનક હતો ૩૧ વર્ષિય અક્ષર પટેલ છેલ્લી સાત સીઝનની દિલ્હીનો ખેલાડી છે અને સારો અનુભવ ધરાવે છે.આઈપીએલની ૧૫૦ મેચોમાં ૧૩૧ ની સ્ટ્રાઈક રેટથી ૧૬૫૩ રન બનાવ્યા છે અને ૧૨૩ વિકેટ ઝડપી છે.દિલ્હી



કેપીટલ્સ વતી ૮૨ મેચ રમ્યો છે અને ૯૬૭ રન બનાવવા ઉપરાંત ૬૨ વિકેટ ઝડપી છે.

આઈપીએલમાં અક્ષરને કેપ્ટનશીનો અનુભવ ન હોવા છતાં સાતત્યપૂર્ણ દેખાવ તથા નેતૃત્વ સંભાળવાની ક્ષમતાથી આ જવાબદારી સોંપવામાં આવી છે.

કેપ્ટનશીપ સોપાવા વિશે અક્ષર પટેલે કહ્યું કે દિલ્હી કેપીટલ્સનાં ફ્રેન્ચાઈઝી માલિકોએ વિશ્વાસ મુકીને જવાબદારી સોંપી છે ટીમ સંતુલીત છે. અનુભવી ખેલાડીઓ પણ છે.

આઈપીએલની નવી સીઝનમાં ૧૦ માંથી પાંચ ટીમોમાં નવા કપ્તાન નિયુકત થયા છે.

ટુર્નામેન્ટ પૂર્વે દિલ્હીના બે દિવસનો ટ્રેનીંગ કેમ્પ યોજાશે ટીમનાં પ્રથમ બે મેચ વિશાખાપટ્ટનમમાં છે.દિલ્હીની ટીમમાં કે.એલ.રાહુલ, કુલદીપ યાદવ, દક્ષિણ આફ્રિકાનો સ્ટબ, ઓસ્ટ્રેલીયાનાં મીચેલ સ્ટાર્ક, મેકગુર્ક જેવા ખેલાડીઓ છે.

# મુંબઈ ઈન્ડિયન્સને ઝટકો: બુમરાહ હજુ અનફિટ: પ્રારંભિક મેચો ગુમાવશે

નવી દિલ્હી તા.૧૫

આઈપીએલની નવી સિઝન શરૂ થવાને આડે માંડ એક સપ્તાહ બાકી છે ત્યારે પણ ફાસ્ટબોલર જસપ્રીત બુમરાહ ઈજામાંથી બહાર ન આવતા મુંબઈ ઈન્ડિયન્સને ઝટકો લાગ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સ ટીમમાં સામેલ બુમરાહ કેટલીક પ્રારંભીક મેચો રમી ન શકે તેવી સંભાવના છે.

બુમરાહ પીઠના દર્દને કારણે જાન્યુઆરી મહિનાથી મેદાનની બહાર છે.



હજુ તે સંપૂર્ણ સાજો થઈ શકયો નથી. ચેમ્પિયન્સ ટ્રોફી પણ ગુમાવવી પડી હતી. ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેનો સમાવેશ થયો હતો પરંતુ ઈજાને કારણે તેને બહાર કરાયો હતો.

બુમરાહની ફિટનેસ વિશે સૂત્રોએ કહ્યુ કે ઈજામાંથી તે બહાર આવી રહ્યો છે છતાં જુનમાં ઈંગ્લેન્ડ સામેની શ્રેણીને ધ્યાને રાખીને ફિટનેસ માટે તેને પુરતો સમય આપવો પડે તેમ છે. એપ્રિલના પ્રથમ સપ્તાહમાં તે ટીમ સાથે જોડાઈ શકે છે એટલે આઈપીએલના પ્રારંભીક મેચો ગુમાવવા પડશે. જે મુંબઈ ઈન્ડિયન્સ માટે ઝટકારૂપ ગણાશે. જો કે, મુંબઈની ટીમમાં બોલ્ટ, બોશ, દિપક ચાહર જેવા અન્ય બોલરો છે. મુંબઈનો પ્રથમ મેચ ૨૩ માર્ચે ચેન્નાઈ સામે છે. બીજો ૨૯ માર્ચે ગુજરાત સામે, ૩૧ માર્ચે કોલકતા, ૪ એપ્રિલે લખનૌ તથા ૭ એપ્રિલે બેંગ્લોર સામે છે. આ મેચોમાં કદાચ બુમરાહ સામેલ નહીં થઈ શકે.

# હોળી-ધૂળેટીનો તહેવાર ગોઝારોઃ ગુજરાતમાં ૨૧ ના મોત



## અકસ્માત, આગ, ડુબી જવા, હત્યા, આપઘાતના જુદા-જુદા બનાવોમાં ૨૧ ના જીવ ગયાઃસંખ્યાબંધ લોકો ઈજાગ્રસ્ત

અમદાવાદ તા.૧૫

રાજયમાં હોળી-ધૂળેટીનો તહેવાર ઉમંગ-ઉત્સાહની સાથે ગોઝારો બન્યો હોય તેમ આગ, અકસ્માત, ડુબી જવા જેવી ઘટનાઓમાં ૨૧ લોકોના મોત નીપજયા હતા. અકસ્માતો, મારામારી, પડી જવા જેવી ઈમરજન્સી ઘટનાઓની સંખ્યામાં પણ મોટો વધારો થયો હતો.

કરૂણાંતિકાનાં બનાવો પૈકી રાજકોટની વૈભવી ઈમારત એવી એટલાન્ટીસ બિલ્ડીંગમાં સર્જાયેલા અગ્નિકાંડમાં ત્રણ લોકોના મોત નિપજયા હતા. ધૂળેટીનાં દિવસે જ સર્જાયેલા આગના આ બનાવમાં સંખ્યાબંધ લોકોનું રેસ્કયુ કરાયું હતું.

આ સિવાય વડોદરામાં પાવાગઢથી દર્શન કરીને પરત ફરતા સુરતનાં પટેલ પરિવારની કારના ચાલકે કાબુ ગુમાવતા કાર ઝાડ સાથે ટકરાઈ હતી અને તેમાં ચાર લોકોનાં મોત નીપજયા હતા.

નડીયાદમાં પણ તહેવાર ગોઝારો બન્યો હતો.હીટ એન્ડ રનના બે બનાવમાં બે લોકોના મૃત્યુ નીપજયા હતા.

આ સિવાય જામનગરમાં કાલાવડ-જીવાપર રોડ પર કપાસ ભરેલા ટ્રક પર બેઠેલા પાંચ મજુરોને હાઈ વોલ્ટેજ વિજ લાઈનનો કરંટ લાગ્યો હતો તેમાં ચાર લોકોના મોત નીપજયા હતા અને અન્યોને સારવાર માટે ખસેડાયા હતા.

ધોળકા-બગોદરા હાઈવે પર ડીજે સાઉન્ડ સીસ્ટમ સાથે રાજકોટથી દાહોદ જ રહેલા આઈશરનું ટાયર ફાટતાં બે લોકોના મોત નીપજયા હતા. ૧૩ માર્ચે સર્જાયેલા આ અકસ્માતમાં ભોગ બનનાર બન્ને યુવાનો રાજકોટના હોવાનું બહાર આવ્યું હતું.

જામનગરમાં હોળીની રાત્રે ખુની ખેલ ખેલાયો હતો મોરકંડા ગામે સામાન્ય બોલાચાલીમાં ત્રણ સગાભાઈઓ પર હુમલો થતા એકનુ મોત નીપજયુ હતું. હત્યાનો અન્ય એક બનાવ અમરેલીનાં લાઠીમાં બન્યો હતો જેમાં પતિએ જ પત્નિને રહેંસી નાખી હતી.

(અનુસંધાન ૧૨ મા પાને)

### ઈમરજન્સી કોલમાં ધરખમ વધારોઃ રાજકોટમાં ૩૪ અકસ્માત

હોળી-ધૂળેટીના ઉત્સાહનાં અતિરેક તથા બહાર ફરવાના શોખથી અકસ્માતથી માંડીને આરોગ્ય સંબંધી પ્રશ્નોમાં વધારો થાય જ છે. ગુજરાતમાં ૧૦૮ એમ્બ્યુલન્સને મળતા ઈમરજન્સી કોલમાં મોટો વધારો થયો હતો.શુક્રવાર સાંજ સુધીની સ્થિતિએ જ ૩૪૮૫ ઈમરજન્સી કોલ થયા હતા તેમાં અકસ્માતોનાં સૌથી વધુ હતા.અકસ્માતનાં ૭૧૫, મારામારીનાં ૩૬૦, ૨૦૯ સામાન્ય ઈજાના કોલ હતા. અકસ્માતના સૌથી વધુ ૯૬ બનાવ અમદાવાદમાં નોંધાયા હતા. સુરતમાં ૯૩, વડોદરામાં ૫૧, રાજકોટમાં ૩૪, દાહોદમાં ૨૯, બનાસકાંઠામાં ૨૪, પંચમહાલમાં ૨૩, ભરૂચમાં ૨૩, વલસાડ , નવસારી, આણંદમાં ૨૦-૨૦ કેસ હતા. સામાન્ય દિવસોમાં સરેરાશ ૪૫૮ કોલ નોંધાતા હોય છે.

### પ્લાન અને બીયુ સર્ટીફીકેટનો છ મહિનાથી અટકેલો પ્રશ્ન ફરી લંબાઈ જવાની ચિંતા : મનપા નવી ઉપાધીમાં

# હવે શહેરના તમામ કોમર્શિયલ-રહેણાંક ઈમારતોમાં ફાયર સેફટી ચકાસવા મોટી ડ્રાઈવની તૈયારી

## ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ માત્ર કોમર્શિયલ પ્રોપર્ટી સામે પગલા લેવાયા હતા : રેસીડેન્સ એપાર્ટમેન્ટને પણ નવી નોટીસ અપાશે : અનેક જગ્યાએ ઘોર બેદરકારી ખુલવા સંકેત

રાજકોટ, તા. ૧૫

રાજકોટમાં આજથી બરાબર આઠ મહિના અને ૨૦ દિવસ પહેલા નાના મવા રોડના ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી ભીષણ આગની જીવલેણ દુર્ઘટનાના પડઘા હજુ પણ પડી રહ્યા છે ત્યારે ગઇકાલે ધુળેટીના દિવસે ૧૫૦ ફુટ રોડના એટલાન્ટિસ બિલ્ડીંગમાં છઠ્ઠા માળે લાગેલી આગે મહાનગરમાં હજુ આવા કેટલા મોટા બિલ્ડીંગ આગથી સલામત છે કે નહીં તે સવાલ ઉભો કરી દીધો છે. ગેમ ઝોન અગ્નિકાંડ બાદ પૂરા રાજકોટની કોમર્શિયલ બિલ્ડીંગમાં ફાયર એનઓસી, સાધનો સહિતની તપાસ કરીને સેંકડો પ્રોપર્ટીને સીલ મારવામાં આવ્યા હતા. પરંતુ હવે રહેણાંક સહિતના હાઇરાઇઝ બિલ્ડીંગમાં તપાસ શરૂ કરી ધડાધડ નોટીસ આપવાનું શરૂ કરવા અધિકારીઓએ આદેશ આપ્યા છે.

એક તરફ મનપામાં નવા પ્લાન પાસ બિલ્ડીંગને કમ્પલીશન સર્ટીફીકેટ આપવા માટે ટીપી અને ફાયર શાખા વચ્ચે કમિશ્નરે સંકલન કરાવ્યું છે અને આ બીયુ પાસ થાય તે માટે બિલ્ડરો સતત રજુઆતો કરે છે. આ દરમ્યાન લકઝરીયસ એપાર્ટમેન્ટમાં લાગેલી આગની ઘટના આ કાર્યવાહીને ફરી બ્રેક મરાવી દે તેવું પણ લાગી રહ્યું છે.

બીગબઝારની સામે એટલાન્ટીસ એપાર્ટમેન્ટમાં ગઈકાલે આગ લાગતા ૩ યુવાનોના મોત નિપજ્યા હતાં. ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટના બાદ ફાયર વિભાગ તેમજ ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા ફાયર એનઓસી અને બીયુ સર્ટી અંતર્ગત સઘન તપાસ ઝુંબેશ શરૂ કરી અનેક મિલ્કતને સીલ મારવામાં આવ્યા હતા. પરંતુ ત્યારે માત્ર કોમર્શિયલ બિલ્ડીંગ સામે કાર્યવાહી થઇ હતી. રહેણાકના એપાર્ટમેન્ટમાં ફકત ચેકીંગ કરેલ કારણ કે, રહેણાકનું બીલ્ડીંગ સીલ થઈ શકે તેમ ન હોય ફકત ફાયર એનઓસી મુદ્દે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું અને સરકારના આદેશ બાદ સંપૂર્ણ કામગીરીની જવાબદારી એફએસઓને સોંપાઇ હતી. આ કારણે ઘણી કામગીરી ઘણીધોણી વગરની ચાલતી હોય તેવી છાપ પડી હતી. હવે રાજકોટમાં આ સહિતના

(અનુસંધાન ૧૨ મા પાને)

### છ મહિના પહેલા સોસાયટીની મિટિંગમાં ફાયર NOCનો મુદ્દો સામે આવ્યો હતો

#### સોસાયટી પ્રમુખ ડો.પ્રફુલ કમાણી, સુરેશ ચંદારાણા અને સેક્રેટરી વિજય નાગ્રેચાએ સભ્યો પાસે ફાયર NOC રિન્યુ કરવા અંગે વાત મૂકી હતી, પરંતુ હજુ સુધી કશું થયું નહીં

રાજકોટ : ગત મે ૨૦૨૪માં શહેરમાં ટીઆરપી ગેમ ઝોનમાં અગ્નિકાંડ બાદ તમામ બિલ્ડિંગ સોસાયટીમાં ફાયર એન.ઓ.સીને લઈને ચેકીંગ હાથ ધરાયું હતું. ત્યારે રેસીડેન્સીયલ બિલ્ડિંગમાં સીલ મારવામાં આવતા નહીં પરંતુ નોટીસ આપવામાં આવતી. ત્યારે આશરે છ મહિના પૂર્વે એટલાન્ટિસ સોસાયટીની મિટિંગમાં ફાયર એન.ઓ.સીનો મુદ્દો સભ્યો સામે સોસાયટીના પદાધિકારીઓ દ્વારા મૂકવામાં આવ્યો હતો. સોસાયટીમાં પ્રમુખ ડો.પ્રફુલ કમાણી, સેક્રેટરી વિજય નાગ્રેચા અને સુરેશ ચંદારાણાએ ફાયર એન.ઓ.સી. રિન્યુની વાત કરી હતી જે સભ્યોએ કહ્યું કે હા તાત્કાલિક ધોરણે રિન્યુ કરાવી લેવું જોઈએ. પરંતુ આજ દિવસ સુધી તે કાર્યવાહી થઈ નહોતી.

# લોઠડામાં આવેલ તળાવમાં ડુબી જતા ૧૮ વર્ષીય યુવકનું મોતઃ બેનો બચાવ

## ત્રણ યુવાનો સાથે ન્હાવા તળાવમાં ઉતર્યા હતાઃ ત્રણેય ઉંડા પાણીમાં ગરકાવ થતા અર્જુન મકવાણા ડુબ્યોઃ ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈઃ બે યુવકને બચાવી લીધા, એકનો મૃતદેહ બહાર કાઢયોઃ પોલીસની ટીમ ઘટનાસ્થળે

રાજકોટ તા.૧૫

લોઠડામાં આવેલ તળાવમાં ડુબી જતા ૧૮ વર્ષીય યુવકનું કરૂણ મોત નિપજેતા અરેરાટી વ્યાપી ગઈ હતી જયારે તળાવમાં ન્હાવા પડેલા અન્ય બે યુવાનોને દોડી ગયેલ ફાયરબ્રીગેડની ટીમે બચાવી લીધા હતા. બનાવની જાણ થતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ લોઠડા વિસ્તારમાં રહેતો અર્જુન લાલજી મકવાણા (ઉ.૧૮) તેના અન્ય બે મીત્રો સાથે લોઠડા ગામ નજીક આવેલ તળાવમાં ન્હાવા માટે ગયેલ હતા. તળાવમાં ત્રણેય યુવાનો ન્હાવા પડયા બાદ ઉંડા પાણીમાં ગરકાવ થયા હતા. દરમ્યાન સ્થાનિકોને જાણ થતા તાત્કાલીક ફાયરબ્રીગેડને જાણ કરી હતી. દોડી આવેલ ફાયરબ્રીગેડની ટીમે બે યુવાનોને બચાવીને બહાર કાઢયા



હતા. જયારે અર્જુન મકવાણા ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા તેનો મૃતદેહ હાથ લાગ્યો હતો. બનાવની જાણ થતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને સીવીલ હોસ્પીટલે ખસેડી અન્ય યુવાનોના નામ જાણવા તજવીજ હાથ ધરી હતી.


જોઈએ છે
સ્કુલ બસ માટે
ડ્રાઈવર-૩
આયામાસી-૫
તપસ્વી સ્કુલ
૨-જલારામ પ્લોટ, યુનિવર્સિટી રોડ, રાજકોટ.
99048 05821

વેચવાનું છે
કોમર્શિયલ બિલ્ડીંગ (G+4) ૧૧૨ વાર, રાજનગર ચોક પાસે, નાના મવા મેઈન રોડ ઉપરનું
મો.96240 77399

આકર્ષક પગાર સાથે
સ્થળ : અમરેલી (ગુજરાત)
સંપર્ક
95376 55355
84697 55155

કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

મકાન વેચવાનું છે
3 BHK, ૨૮૨ વાર
પુષ્કરધામ રોડ નજીક
રાજકોટ.
M. 84695 30472

10th Anniversary
આંખના દર્દીઓની ઉત્કૃષ્ટ સારવારના ૧૦ વર્ષ
દસ વર્ષની ઝળહળતી સફળતાની ઉજવણી નિમિતે
૧૦ દિવસ તમામ ઓપરેશન પર ૨૦% રાહત
કન્સલન્ટન્ટ ચાર્જીસમાં ૫૦% રાહત
(તા.૧૫ થી ૨૫ માર્ચ ૨૦૨૫ સુધી)
મોતિયો । વેલ । ઝામર । કીકીના તમામ રોગ તેમજ
ચશ્માંના નંબર ઉતારવાની વિશ્વસ્તરીયા સુવિધા - SILK
NABH દ્વારા પ્રમાણિત સૌરાષ્ટ્રની એકમાત્ર આંખની કીકીની સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ
ડો. ધર્મેશ શાહ
M.S.(Ophth.),FCAS
અર્હમ આઇ હોસ્પીટલ, પંચવટી મેઈન રોડ, લક્ષ્મીનગર ચોક પાસે, મારૂતિ ડ્રાઈવીંગ સ્કૂલની બાજુમાં, રાજકોટ.0281-2456656
arham EYE HOSPITAL & CORNEA CARE CENTRE
M.9426786165

જાપાનીઝ ટેકનોલોજીથી
પાર્કીંગના પીળા પટ્ટા કરાવો
બીલ્ડીંગમાં વાહન પાર્કીંગ માટે પ્લાન સાથે માર્કીંગના પીળા પટ્ટા મારી આપીશું
PUNCHO ROAD MARKING PVT.LTD.-91067 16757

મોટીમારડ ગામે શ્રી રામદેવ પીર બાપાના સવરા મંડપનું આયોજન કરેલ છે
સ્થાપના તા. ૧/૪/૨૦૨૫ થી ૮/૪/૨૦૨૫ સુધી
તો આ ઉત્સવમાં મેળાના ગ્રાઉન્ડમાં સ્ટોલ રાખવા માંગતા ભાઈઓએ નીચે આપેલ નંબર ઉપર સંપર્ક કરવો.
સંજયભાઈ બી. હુંબલ
મો.નં. :- 82386 52876, 84015 46684

ધોરાજીમાં
સ્કુલ, હોસ્પિટલ, પાર્ટી પ્લોટ, ફેકટરીને લાયક 4.5 એકર લગડી જમીન વેચવાની છે.
ધોરાજી નગરપાલિકાની હદમાં, વિકસિત એવા જુના ઉપલેટા રોડ પર, શહેરથી માત્ર 1 કિમી દૂર, સર્વે નંબર-582 P3/P4, ટાઇટલ કિલઅર, ફરતી કમ્પાઉન્ડ વોલ તેમજ અંદાજીત 20,000 Sq. feet બાંધકામ ધરાવતી 4.5 એકર જમીન વેચવાની છે.
છગનભાઈ વી. વઘાસિયા રામભાઈ ડી. ઓડેદરા
નવિનભાઈ પી. માકડિયા જગદીશ બોસમીયા
વિજયભાઈ જે. અઘેરા દિપકુમાર જી. મોરી
રાજેન્દ્રભાઈ પી. સુરાણી દેવાંગભાઈ બી. વ્યાસ
સંપર્ક
81539 99560
98254 80941
72030 33933







# ૧૦૦ કલાકમાં રાજયભરના ગુંડાઓની યાદી તૈયાર કરવા પોલીસવડાનો આદેશ

## વારંવાર શરીર સંબંધી ,ખંડણી, ધાક-ધમકી, મિલકત , દારૂ-જુગાર, ખનીજ ચોરી જેવા ગુનાઓમાં સંકળાયેલા તત્વો ઉપરાંત જનતામાં ભય ફેલાવનારા તત્વોને આ યાદીમાં સમાવવા આદેશ



અમદાવાદ તા ૧૫

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા તેમજ અસામાજીક ગુંડા તત્વો પર કડકમાં કડક કાર્યવાહી કરી તેમની પર સદંતર અંકુશ મેળવવાના ઉદ્દેશ સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા નિર્દેશ હેઠળ અને ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં આજે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ રેન્જ વડા અને પોલીસ અધિક્ષકશ્રી સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તાકીદની બેઠક યોજી હતી. જેમાં આગામી ૧૦૦ કલાકની અંદર રાજ્યના પ્રત્યેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજીક ગુંડા તત્વોની યાદી તૈયાર કરવા કડક સુચના આપવામાં આવી છે.

રાજ્યમાં અસામાજીક ગુંડા તત્વો સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે લેવાયેલા આ નિર્ણયનું તાત્કાલિક અમલીકરણ કરવા આદેશ કરવામાં આવ્યા છે. આ અસામાજિક તત્વોની યાદીમાં કેવા તત્વોનો સમાવેશ કરવો તે અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. વારંવાર શરીર સંબંધી ગુનાઓમાં સંકળાયેલા વ્યક્તિઓ, ખંડણી ઉઘરાવવા, ધાક-ધમકી આપવાના ગુનાઓમાં સંડોવાયેલા વ્યક્તિઓ, મિલકત સામેના ગુનાઓ આચરનારા, પ્રોહિબિશન અને જુગારનો ગેરકાયદેસર ધંધો કરનારા તત્વો, ખનીજ ચોરી જેવા ગુનાઓમાં સંકળાયેલા તથા અન્ય અસામાજીક કૃત્યો દ્વારા જનતામાં ભય ફેલાવનારા તત્વોને આ યાદીમાં સમાવવા આદેશ કરાયા છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આ યાદી તૈયાર થયા બાદ સ્થાનિક વહીવટી તંત્ર સાથે સંકલન કરી કેવા પ્રકારની કડક કાર્યવાહી કરવાની રહેશે તે અંગે પણ સ્પષ્ટતાપૂર્વક સૂચનાઓ આપી છે. જેમાં આ તત્વોએ ગેરકાયદેસર બાંધકામ કરેલું હોય તો તેવા બાંધકામને દૂર કરવા સ્થાનિક સંસ્થાઓ સાથે સંકલન કરી જરૂરી કાર્યવાહી કરવા, સરકારી જમીન ઉપર દબાણ કરેલુ હોય તો કાયદેસરની કાર્યવાહી કરવા, ગેરકાયદેસર વીજ કનેકશન ધ્યાને આવે તો GUVNL સાથે સંકલનમાં રહી કાયદેસરની કાર્યવાહી કરવી, આવા તત્વોના બેન્ક એકાઉન્ટની ચકાસણી કરી નાણાકીય વ્યવહારમાં કોઇ ગેરકાયદેસરનું કૃત્ય જણાય આવે તો જરૂરી કાર્યવાહી કરવા કડક સૂચનાઓ આપવામાં આવી છે. તે ઉપરાંત આવા તત્વો સામે દાખલ થયેલા ગુનાઓમાં જામીન ઉપર છુટયા પછી અન્ય કોઇ ગેરકાયદેસર કૃત્યમાં પકડાયેલા હોય તો જામીન રદ કરવા જરૂરી કાર્યવાહી કરવા તેમજ પાસા અને તડીપાર જેવી અસરકારક જોગવાઇઓનો ઉપયોગ કરવા સહિત ભાડુઆત અંગેનું રજીસ્ટ્રેશન ન કર્યું હોય તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા સૂચનાઓ આપી છે.

## કર્મચારીઓના જ પૈસા છે, ઈચ્છે ત્યારે મેળવી શકેઃમાંડવીયા

# પ્રોવિડન્ટ ફંડ ઉપાડવુ સાવ સરળ બનશેઃ ગમે ત્યારે ATM થી પણ નાણાં ઉપાડી શકાશે

નવી દિલ્હી તા. ૧૫

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન ટૂંક સમયમાં તેના સભ્યો માટે પીએફ ઉપાડવાની પ્રક્રિયામાં મોટો બદલાવ લાવવા જઈ રહ્યું છે. કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાએ જાહેરાત કરી છે કે હવે કર્મચારીઓ સીધા અઝખમાંથી તેમના ભવિષ્ય નિધિના પૈસા ઉપાડી શકશે. આ સાથે જ, UPI એટલે કે PhonePe, Google Pay, Paytm અને BHIM જેવી લોકપ્રિય એપ્સ દ્વારા પણ પીએફ ઉપાડવાની સુવિધા ઉપલબ્ધ થશે.



હાલમાં પીએફ ઉપાડવા માટે લાંબી પ્રક્રિયાઓ અને ઓફિસની મુલાકાતો લેવી પડે છે, સાથે જ એમ્પ્લોયરની મંજૂરીની પણ જરૂર પડે છે. પરંતુ હવે આ નવી સુવિધા બાદ પીએફ ઉપાડવું એટલું જ સરળ બની જશે જેટલું બેંકમાંથી પૈસા ઉપાડવા. EPFO તેની સિસ્ટમને અપગ્રેડ કરી રહ્યું છે, જેનાથી કર્મચારીઓ પોતાની જરૂરિયાત મુજબ ગમે ત્યારે અઝખમાંથી પૈસા કાઢી શકશે. મંત્રી માંડવિયાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે આ કર્મચારીઓના પોતાના પૈસા છે અને તેઓ જ્યારે ઇચ્છે ત્યારે તેને ઉપાડી શકવા જોઈએ.

EPFO દ્વારા શરૂ કરવામાં આવનારી આ નવી સુવિધા હેઠળ, દરેક કર્મચારીનું પીએફ એકાઉન્ટ ATM-સપોર્ટેડ સિસ્ટમ સાથે લિંક કરવામાં આવશે. પૈસા ઉપાડવા માટે, કર્મચારીઓએ પોતાના યુનિવર્સલ એકાઉન્ટ નંબર (UAN) અથવા લિંક કરેલા બેંક એકાઉન્ટ દ્વારા ઓળખ ચકાસવી પડશે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને OTP વેરિફિકેશન જેવી મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન પ્રક્રિયા પણ અમલમાં મૂકવામાં આવશે.

ATMની સાથે સાથે EPFO યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) દ્વારા પણ પીએફ ઉપાડવાની સુવિધા આપવા માટે તૈયાર છે. આનો સીધો અર્થ એ છે કે હવે કર્મચારીઓ ꞩhonePe, Google Pay, Paytm અને BHIM જેવી એપ્સનો ઉપયોગ કરીને ગણતરીની સેકન્ડોમાં પોતાના પીએફના પૈસા ટ્રાન્સફર કરી શકશે. હાલમાં NEFT અથવા RTGS દ્વારા પીએફ ઉપાડવામાં ૨-૩ દિવસનો સમય લાગે છે, જે UPI દ્વારા તુરંત જ થઈ જશે.

EPFO પોતાના ગ્રાહકો માટે ટૂંક સમયમાં એક વિશેષ PF ATM કાર્ડ પણ લાવશે. આ કાર્ડની મદદથી કર્મચારીઓ કોઈપણ અઝખ પરથી પોતાના પીએફ ખાતામાંથી પૈસા ઉપાડી શકશે. જો કે, આ સુવિધા કયા ATM નેટવર્ક પર ઉપલબ્ધ થશે તેની માહિતી હજુ જાહેર કરવામાં આવી નથી. પરંતુ EPFO એ ખાતરી આપી છે કે આ પ્રક્રિયાને સરળ અને ઉપયોગમાં આસાન બનાવવામાં આવશે.

# મને પણ આસામ જેલમાં સાત દિવસ રાખવામાં આવ્યો હતોઃ અમીત શાહ



ગુવાહાટીઃ

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ જબરો ઘટસ્ફોટ કરતા કહ્યું કે આસામને અગાઉની કોંગ્રેસ સરકારે કોમી તોફાનોમાં જ હોમી રાખ્યુ હતુ અને અમો તે સમયે વિરોધ માટે આસામ આવ્યા અને ઈન્દીરા ગાંધી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા તે સમયે આસામની કોંગ્રેસ સરકારના ઈશારે પોલીસે દંડાથી માર માર્યો હતો. એટલું જ નહી મને સાત-સાત દિવસ આસામની જેલમાં રખાયો હતો અને મારે જેલના રોટલા ખાવા પડયા હતા. શ્રી શાહએ પોલીસ એકેડેમીનું ખાતમુર્હુત કરતા કહ્યું કે પાંચ વર્ષમાં અહી દેશની શ્રેષ્ઠ પોલીસ એકેડેમી બની જશે.

# દમણમાં કાર બેકાબુ બનીઃ એકનું મોતઃ એકને ઈજા

## બે વાહનોને હડફેટે લેનાર કાર ચાલક નબીરાની અટકાયત



દમણ,તા.૧૫

વડોદરા બાદ દમણમાં બે કાબુ બનેલી કારના ચાલકે બે વાહનોને હડફેટે લઈ એક વ્યકિતનું મોત એકને ઈજા પહોંચાડી હતી.દમણના ખારીઘાડ વિસ્તારમાં આજે એક કાર ચાલક નબીરાએ કાર ફુલ સ્પીડે ચલાવતા કાર બેકાબુ બની બે વાહનોને ઠોકર મારતા એક વ્યકિતનું ઘટના સ્થળે જ મોત થયુ હતુ અને એકને ઈજા થઈ હતી આ ઘટના સ્થળે લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને પોલીસને જાણ કરી પોલીસે કાર ચાલકને ઝડપી લીધો હતો કાર ચાલકે નશો કર્યો હોવાનો સ્થાનીકોએ દાવો કર્યો હતો.

# રામનાથપરામાં કલર ઉડાડવાની ના પાડતા મુસ્લિમ યુવાન ઉપર હૂમલોઃ મુંઢ માર માર્યો

## હુમલો કરનાર ત્રણ શખ્સો સામે પોલીસમાં ફરિયાદ

રાજકોટ,તા.૧૫

રાજકોટ રામનાથપરામાં રહેતા મુસ્લિમ યુવાન બાઈક ઉપર પસાર થતો હતો ત્યારે ત્રણ શખ્સોને કલર ઉડાડવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈ મુંઢ મારમાર્યાની ફરિયાદ એ ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે.આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ રામનાથપરા જુમ્મા મસ્જીદ મેઈન રોડ મહેંદીવાળા પીરની સામે રહેતા નોનવેજની હોટલ ચલાવતા મોઈન આશિફભાઈ બેલીમ (ઉ.વ.૨૦) નામનો મુસ્લિમ યુવાન રામનાથપરા શેરી નં.૧૮ પાસે મોટર સાયકલ લઈને પસાર થતા ઋત્વિક મહેશ ગમારા હાર્દિક અને એક અજાણ્યા યુવાન કલર ઉડાડતા પોતાને રોજું રાખેલ હોવાથી કલર ઉડાડવાની ના પાડતા ત્રણેયે ઉશ્કેરાઈ જઈ નાખવાની ધમકી આપતા આ અંગેએ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઋત્વિક ગમારા, હાર્દિક અને એક અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ. આર.જી.ચૌહાણને તપાસ હાથ ધરી છે.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
ફાગણ વદ-૩, તા૧૬/૩/૨૫, રવિવાર

સૂર્યોદય : ૬-૫૭, સૂર્યાસ્ત : ૬-૫૪, જૈન નવકારશી : ૭.૪૫
રાશિ : કન્યા (પ.ઠ.ણ.) ૨૫.૧૨થી તુલા (૨.ત.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-મીન, મંગળ-મિથુન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કન્યા

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ** : આપને આરોગ્ય બાબત કોઈ ટેન્શન હશે તો તે દુર થવાનું છે, મનનો ઉત્સાહ વધવાનો, મુસાફરી લાભદાયક રહે.
**વૃષભ** : આપ વિજાતીય વ્યકિતની નજીક આવશો, મનનો ઉત્સાહ વધવાનો, પરદેશથી લાભદાયક સમાચાર આવી શકે.
**મિથુન** : આપને કિંમતી ચીજ વસ્તુની ખરીદીની ઈચ્છા ફળવાની, મિત્રો સાથે યાત્રા પ્રવાસની ઈચ્છા ફળે, રાજકીય લાભ.
**કર્ક** : આપને દાંપત્ય જીવનમાં સુમેળ વધવાનો, પરિવારના સભ્યોનો સાથ સહકાર સારો રહેવાનો.
**સિંહ** : આપને ધાર્મિક જગ્યાએ મુસાફરીની ઈચ્છા ફળવાની, શેર સટામાં કોઈની સલાહ અને તમારો અનુભવ જોવાનો.
**કન્યા** : આપને જીવનસાથીનો સહકાર સારો મળવાનો, ભાગીદારી ધંધામાનુ આયોજન સફળ થાય, મુસાફરીથી લાભ.
**તુલા** : વિચારોમાં પરિવર્તન રહે, સ્વાસ્થ્ય બાબત થોડુ જાળવવું, નોકરીમાં પગાર વધારો શકય બને, રાજકીય લાભ રહે.
**વૃશ્ચિક** : વગદાર વ્યકિતનો સહકાર રહે, જેને લઈને આર્થિક લાભ મળે, વિજાતીય સંબંધો ગાઢ બને, કર્જમાં રાહત.
**ધન** : કોઈ નિર્ણય લેતા પહેલા વિચાર કરજો, લાલચમાં ન આવી જતા, સાથીદારો કે હિતેચ્છુઓની સલાહ લેજો.
**મકર** : મન ઉપરનો ભાર હળવો થવાનો છે, તમારો નિર્ણય યોગ્ય છે, કાર્ય પ્રત્યેની તમારી પ્રતિક્રિયા ગજબની રહેશે.
**કુંભ** : કોઈ જાતના ભ્રમમાં ન રહેતા વાસ્તવિકતાને સ્વીકારજો, રાજકીય લાભ રહે, મનગમતી વ્યકિતને સમજવી.
**મીન** : જવાબદારીઓ લેવામાં ઉતાવળ ન કરવી, મિત્રો સાથે પ્રવાસનું આયોજન થાય, ધાર્મિક સંસ્થામાં નોકરી મળે, સ્વસ્થતા કેળવજો.

## મેરેજ એનિવર્સરીએ હોટલમાં જમવા જઇ રહેલા દંપતીને સમડીનો ભેંટો

# બાઈક સવાર મહિલાના ગળામાંથી સોનાના પેન્ડલ સહિતના ચેઈનની તફડંચી

**રણછોડદાસ બાપુ આશ્રમ પાસે રાત્રીના ડબલ સવારી બાઈકમાં આવેલા બે શખ્સોની કરામતઃ પોલીસ દોડતી થઈ**

રાજકોટ.તા.૧૫

રણુજા મંદિર પાસે સોમનાથ પાર્કમાં રહેતું દંપતી મેરેજ એનિવર્સરીએ ગોંડલ રોડ પર આવેલી હોટલે જમવા માટે જતું હતું, દરમિયાન રસ્તામાં રણછોડદાસ બાપુના આશ્રમ નજીક આનંદનગર મેઈન રોડ પર ડબલ સવારી બાઈકમાં આવેલી સમડીએ મહિલાના ગળામાં ઝોંટ મારી રૂ. ૪૦,૦૦૦ ની કીંમતનો ચેન અને રૂ. ૭૦૦૦ નું પેન્ડલ આંચકી ગયા અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બનાવ અંગે રણુજા મંદિર પાછળ કોઠારીયા મેઈન રોડ પર સોમનાથ પાર્ક શેરી નંબર છ માં રહેતા અશોકભાઈ રવજીભાઈ રાઠોડ(ઉ.વ ૬૫) દ્વારા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે તેમની મેરેજ એનિવર્સરી હોય જેથી પરિવારના સભ્યો બહાર હોટલમાં જમવાનું નક્કી કર્યું હતું અને નવેક વાગ્યા આસપાસ ફરિયાદી પોતાનું બાઈક લઈ પત્ની સાથે ગોંડલ રોડ પર પાઇનવીટા હોટલમાં જમવા માટે નીકળ્યા હતા તેમની સાથે તેમના બંને દીકરાઓ અલગ અલગ બાઈકમાં નીકળ્યા હતા.

દરમિયાન કોઠારીયા મેઈન રોડ પર આનંદનગર મેઈન રોડ પાસે રણછોડદાસ બાપુ આશ્રમ આર.એમ.સી કોમ્યુનિટી હોલ પાસે પહોંચતા ડબલ સવારીમાં ધસી આવેલી સમડીએ મહિલાના ગળામાં ઝોંટ મારી તેમણે પહેરે સોનાનો ચેન અને પેન્ડલ આંચકી લીધું હતું. જેથી ફરિયાદીએ બાઇક સાઈડમાં ઊભું રાખ્યું હતું. બાદમાં તુરંત જ મોટી દીકરીને ફોન કર્યો હતો અને ત્યારબાદ તેઓ અહીં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા માટે આવ્યા હતા જેમાં બાઈક પર આવેલા બે અજાણ્યા શખસોએ મહિલાના ગળામાં ઝોંટ મારી રૂ.૪૦,૦૦૦ ની કિંમતનો સોનાનો ચેઇન અને રૂ. ૭,૦૦૦ ની કિંમતનું પેન્ડલ આંચકી ગયા હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે.

# સોનામાં રૂા.૧૨૦૦નો ઘરખમ વધારોઃ ભાવ ફરી રૂા.૯૦૦૦૦ને પાર

રાજકોટ,તા.૧૫

સોના ચાંદીના ભાવમાં આજે ફરી ઘરખમ વધારો નોંધાયો છે.સોનામાં આજે રૂા.૧૨૦૦નો ઘરખમ વધારો થયો છે. તેની સાથે જ સોનું ફરી રૂા.૯૦૦૦૦ની પાર પહોંચી ગયું છે યુક્રેન રશીયના યુદ્ધના વિરામ વચ્ચે રશીયાએ નીયમો મુકતા વાત ફરી ટલ્લે ચડી છે. યુદ્ધ વિરામના ભણકારા વચ્ચે ફરી શરતો લાગુ થતા પરિસ્થિતિ વિપરીત બની છે.યુક્રેન અમીરાકાની ૩૦ દિવસની યુદ્ધ વિરામના ઓફર સ્વીકારતા સોનામાં તેજીને બ્રેક લાગી હતી. પરંતુ ફરી રશીયાના નિયમોએ અટકલો ઉભા કર્યા છે આ ઉપરાંત શેર બજારમાં ભારે મંદિનો માહોલ છવાયો છે. જેના કારણે લાખો લોકોના પૈસા ડૂબ્યા છે શેર બજારમાં પૈસા ડુબતા લોકો સોના તરફ વળ્યા છે. જેને કારણે બજારમાં વેચાવલી વધી છે.સોનાની સાથે ચાંદીમાં પણ તેજીનો દોર યથાવત છે. ચાંદીમાં આજે રૂા.૧૮૦૦નો વધારો થયો છે. તેની સાથે ચાંદી રૂા.૧૦૩૦૦૦ના સ્તરે પહોચ્યું છે.

## સુવિચાર

જેવા છો એવા રહો કેમ કે ઓરિજનલની કિંમત ઝેરોક્ષ કરતા વધારે હોય છે

## આજનું ચિંતન

### વ્યસન જીવનનાં વર્ષોની બાદબાકી કરી દે છે

જે વિચારો મનમાં સતત ઘૂંટાતા રહે છે એ વિચારોને અનુકૂળ વાતાવરણ મળતા જ એ વિચારો વર્તનરૂપ બનીને રહે છે અને જે વર્તન જીવનમાં સાતત્યરૂપ બની રહે છે એ વર્તન વ્યસનરૂપ બની જાય છે અને જે વ્યસન શરીરને અને મનને સહજ બની જાય છે એ વ્યસન આગળ જતા ચારિત્ર્યરૂપ બની રહે છે.

ટુંકમાં

વિચારથી વર્તન, વર્તનથી વ્યસન અને વ્યસનથી ચારિત્ર્ય.

અલબત્ત, પરાર્થનું વ્યસન, દાનનું વ્યસન, તપનું વ્યસન, સહાયકભાવનું વ્યસન, આ અને આના જેવા અન્ય ઉદાત્ત વ્યસન જીવનમાં વર્ષોને 'સાર્થકતા' બક્ષતા હોય છે. પણ સિગરેટ, દારૂ, અપશબ્દોચ્ચારણ વગેરે વ્યસનો જીવનમાં વર્ષો માટે કલંકરૂપ બની રહેતા હોય છે.

યાદ રાખજો, વ્યસનનો જીવનમાં મુલાકાતી તરીકે પ્રવેશ થાય છે, આદર મળતા એ મહેમાન તરીકે ગોઠવાય જાય છે અને આગળ વધતા એ જીવનના માલિક બની બેસે છે.

- પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ.
('સ્પર્શ' પુસ્તકમાંથી સાભાર)

## એકાગ્રતા

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

એકાગ્રતાનો સરળ અર્થ થશે એકની અગ્રતામાં રહીને. એક વાતને આગળ રાખવી તે છે એકાગ્રતા. એવી વાત કે જે પહેલા જરૂરી છે તેની મહત્વતા સમજી તેના પર ધ્યાન દેવું. આમ મન બુધ્ધિમાં તે મહત્વનો વિષય અગ્ર સ્થાને છે. પછી તે વાતો અભ્યાસને લગતી, ધંધા કે વ્યવહારને લગતી, જીવનલક્ષી અથવા કોઈ તપસ્વી માટેની ગહન સાધનાની હોય શકે છે. જે તે સમયે આપણુ સમગ્ર ચિત્ત એક વાત પર ચોટેલું રહે તે જરૂરી છે. શાંત મન સહજ એકાગ્ર થાય છે. મનમાં આત્માની ઉન્નતિ માટેના સ્વમાનભર્યા વિચારો ભરવાથી તે શાંત થાય છે અને છેવટે જે કાર્ય કરવા જઈ રહ્યા હોય તેના પર એકચિત બની સિધ્ધિ હાંસિલ થાય છે. યોગ સાધનામાં ઈશ્વરીય શક્તિઓની પ્રાપ્તિ માટે કે સિધ્ધિ સ્વરૂપ બનવા મનને એકાગ્ર કરવું અતિ આવશ્યક છે.

મન એકાગ્ર ન થવાના કારણો વિચારીએ તો લગભગ વિદ્યાર્થીઓની ફરિયાદ હોય છે કે ભણવામાં એકાગ્રતા આવતી નથી. કારણ એવું બને છે કે એક તો અભ્યાસમાં રૂચિનો અભાવ અને બીજું વાંચનની સાચી પધ્ધતિનો ખ્યાલ નથી. પરંતુ મુખ્ય કારણ બને છે અનેક વ્યર્થ વાતોથી ભરેલી બુધ્ધિ અને બહારની વાતોમાં ભટકતું મન. જે ભારે મન એકાગ્ર બની શક્તુ નથી. એક ખાલી, સ્વચ્છ અને સાફ મન-બુધ્ધિ જલ્દી એકાગ્ર થાય છે. જેનાથી જ એક લગનની મગન અવસ્થા પ્રાપ્ત થતી હોય છે.

તે માટે સૌ પ્રથમ કોઈ એકાંતના સ્થાન પર બેસીને સ્વયંને સ્થિર કરીએ. મનને સર્વ વાતોથી મુક્ત કરીએ... ત્યારબાદ એક સકારાત્મક સંકલ્પ આપીએ કે- હું આત્મા છું.. મન, બુધ્ધિ, સંસ્કાર સહિત શાંત છું.. આ દેહ અને દેહની દુનિયાથી અલગ... મારું સ્વતંત્ર અસ્તિત્વ છે... હું પરમાત્માની સંતાન માસ્ટર સર્વશક્તિવાન છું..

હવે એવું એક વિઝન આંખો સામે લાવો કે સર્વ કર્મેંદ્રિયોને તમારી સામે છે. તે સર્વનો દરબાર ભરો અને મનમંત્રીને પૂછો... હે મન તુ મારું કહ્યુ કેમ ન કરે?... હું આત્મા રાજા, તારો માલિક છું... તારે મારા કહ્યામાં રહી બીજી સર્વ વાતોથી પરે થઈને એક પ્રિય પ્રભુની યાદમાં રહેવાનું છે... (અથવા ભણવામાં લગાવાનું છે)... આવી રીતે મનને, બુધ્ધિને, એમ વારાફરતી જે કર્મેદ્રિય આપણું કહ્યુ નથી માનતી તે સર્વની સાથે વાતો કરો, તેને સભાન કરો, જાગૃતિ આપી તેની સાથે દોસ્તી કેળવો... આમ રોજ તે માટેનો અભ્યાસ કરવાથી સર્વ કર્મેદ્રિયો શાંત થશે અને પરિણામે એકાગ્રતાની શક્તિની પ્રાપ્તિ થશે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત




**આડી ચાવી**

૧. અભિનેતા રજનીકાંતનું સાચું નામ (૧૦)
૮. આશ્ચર્ય (૪)
૧૦. રામ-સીતા-લક્ષ્મણે ભોગવેલો ? (૪)
૧૧. એક વજન (૩)
૧૨. રાજીપો (૪)
૧૩. ફિલ્મ ડિરેકટર ... પરાંજપે (૨)
૧૫. મમ્મીના દિયર (૨)
૧૬. શાપર : જલન ... (૩)
૧૭. કાળિયા ઠાકોરનું એક નામ (૬)
૨૦. અગમચેતી (૪)
૨૨. એક જ અક્ષર આવશે (૬)
૨૪. ફિલ્મ : ... છોડી દી મૈંને (૪)
૨૫. રાજકોટ-જસદણ વચ્ચેનું ગામ (૪)
૨૭. કિંમત (૨)
૨૮. જર્મન સરમુખત્યાર (૪)
૩૦. રાજેશ ખન્ના-અમિતાભની ફિલ્મ (૬)
૩૨. ઇન્દીરા ગાંધીનું ઘરનું નામ (૨)
૩૩. વાણિયા ખોટી રીતે લખો (૩)
૩૫. અનુ..., ઉ..., કા... (૨)
૩૬. ચાલ જેવી રહેઠાણ વ્યવસ્થા (૨)
૩૭. મુંબઇનો એક ડોન (૫)
૩૯. મેડિસીન (૨)
૪૧. શરાબનો ખુમાર હિન્દી (૪)
૪૩. સૌથી મોટા રાણી (૪)
૪૫. એક મોટી નદી (૩)
૪૭. વિદેશ વસતા ગુજરાતી લેખક (૪)
૪૯. સૈફ અલી ખાનની બેનનું નામ (૨)
૫૦. કેન્સરની ટ્રીટમેન્ટ લઇ ચૂકેલી ટીવી એક્ટ્રેસ (૪)
૫૨. એકર ઉંધુ લખો (૩)
૫૪. મહાશિવરાત્રીમાં નાગાબાવાઓની ... નીકળે (૩)
૬૬. જૈનોનો મહામંત્ર (૬)
૫૭. એક સુકોમેવો (૨)
૬૦. ફિલ્મ : મેરા નામ ... (૩)
૬૨. નવવધુ (૫)
૬૩. રાજકપૂરનો અભિનેતા પુત્ર (૭)

**ઉભી ચાવી**

૧. શિવ હરી મામા શિવનું આખુ નામ (૭)
૨. સોળે શાન, વીસે ? (૨)
૩. આયુષ્યરેખા (૪)
૪. દાંડિયા (૨)
૫. ઇશ્વર માટેનો શબ્દ (૪)
૬. ...નું વતેસર (૨)
૭. નિસ્તેજ (૨)
૯. એક ચોઘડીયું (૨)
૧૨. ઓરા, આભા (૩)
૧૩. સંજય દતની એક ફિલ્મ (૩)
૧૪. એક ઈસ્લામિક દેવ (૩)
૧૮. બાળકો જેવી હરકત (૫)
૧૯. યમન કરમટાનું સંક્ષિપ્ત (૨)
૨૦. અમિતાભની પ્રથમ ફિલ્મ (૬)
૨૧. તીસરણી લખો (૪)
૨૩. ચાંપલૂસી (૫)
૨૬. અનાજ (૨)
૨૯. વાલ ઉંધુ લખો (૨)
૩૧. ચણિયા બોર જેવી ખાદ્ય સામગ્રી (૪)
૩૨. જેલ થઇ એ પાકિસ્તાની ભૂતપૂર્વ વડાપ્રધાન (૬)
૩૪. સ્મૃતિ (૨)
૩૭. હિંમત, જુસ્સો (૨)
૩૮. હાજી-ઉંધુ લખો (૨)
૪૦. પહેલ ..., હે... (૨)
૪૨. તેજસ્વી (૪)
૪૪. ...તો ચલતા ભલા (૨)
૪૬. હાથમાં પહેરવાનું આભૂષણ (૩)
૪૮. અયોધ્યા એટલે ? (૫)
૫૦. માથેરાન એટલે ... સ્ટેશન (૨)
૫૧. તાજુ જન્મેલું (૪)
૫૩. અચાનક (૪)
૫૫. રિડર (૩)
૫૮. દૂધમાંથી બને (૨)
૫૯. એક કોમ્યુનિટી (૨)
૬૦. વજન, તાકાત (૨)
૬૧. છુટ્ટી, હોલી ડે (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પા | કિ | સ્તા | ન | | રા | જ | કો | ટ | |
| લ | | | જ | વા | હ | ર | લા | લ | |
| ન | વ | કા | ર | | દા | | | | સે |
| પુ | કા | ર | | મ | રી | ન | લા | ઈ | ન્સ |
| ર | ર | | ના | ગ | | ટ | | બા | ર |
| | | અ | ના | જ | | સ | રો | દ | |
| | કા | | જી | | | શ્રા | | ત | ક |
| મ | ચ | કો | | ટ | મા | ટ | ર | | લા |
| લ | | મ | ધ | પા | ન | | વિ | કા | સ |
| બા | વ | ળ | | લ | સ | ણ | | કા | |